साधन संपत्ति

અથવા

राजयोग.

શ્રીમદ્ શંકરાચાર્ય તથા ગૌડપાદાચાર્યના સિદ્ધાંતાનુસાર
સર્વે તત્ત્વાભ્યાસીઓના અવલોકનાર્થે.

યોજનાર.

એક તત્ત્વાભ્યાસી

કલ્યાણજી શંકરજી દેશાઇ,

અવલ કારકુન અને થર્ડ કલાસ મેજીસ્ટ્રેટ, પારડી, સુરત, ડીસ્ટ્રીકટ.

वेदान्तसिद्धान्तनिरुक्तिरेषा ब्रह्मैव जीवः सकलं जगच्च ।
अखण्डरूपस्थितिरेव मोक्षो ब्रह्माद्वितीये श्रुतयः प्रमाणम् ॥

અર્થ. જીવ અને સઘળું જગત્ બ્રહ્મ છે, અને અખંડરૂપે રહેવું એજ મોક્ષ છે. એટલુંજ વેદાંત સિદ્ધાંતનું વ્યાખ્યાન છે. બ્રહ્મ અદ્વિતીય છે એવું વેદની શ્રુતિનું પ્રમાણ છે.

विवेकचूडामणि.

નડીઆદ—"ન્યુ" ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ.

વિક્રમ સંવત્ ૧૯૬૨ ઈ. સ. ૧૯૦૬

કીંમત રૂ. ૧-૦-૦

अर्पण.

प्रज्ञानांशुप्रतानैः स्थिरचरनिकरव्यापिभि र्व्याप्य लोकान्
भुक्त्वा भोगान् स्थविष्ठान् पुनरपि धिषणोद्भासितान् कामजन्यान्
पीत्वा सर्वान् विशेषान् स्वपिति मधुरभुङ्मायया भोजयन् नो
मायासंख्यातुरीयं परममृतमजं ब्रह्मयत्तन्नतोऽस्मि ॥

અમૃત અજન્મા પરબ્રહ્મ છે તેને હું નમન કરૂં છું, જે પરબ્રહ્મ, જન્માદિવિકારરહિત પ્રકૃષ્ટજ્ઞાનસ્વરૂપ છે એવા સૂર્યરૂપબિંબસ્થાની બ્રહ્મના કિરણરૂપ અને બિંબતુલ્ય જેમ સૂર્યથી તેના પ્રતિબિંબ જુદાં છે તેમ, અસત્ ચિદાભાસ જીવો પરબ્રહ્મરૂપબિંબથી જુદા જેવા જણાય છે એવા ચર અચર રૂપ જે વિષય તેને વિષે વ્યાપીને દેવતાના અનુગ્રહસહિત બાહ્ય ઇંદ્રિયદ્વારા બુદ્ધિના તે તે વિષયાકાર પરિણામથી જનિત અતિશય સ્થૂલતાવાળા સુખદુઃખના સાક્ષાત્કારરૂપભોગોને જાગ્રદવસ્થામાં ભોગવીને સ્વપ્નાવસ્થા જેમાં સઘળા વિષયો બુદ્ધિથી પ્રકાશે છે અને એ ભોગો અવિદ્યાકાળ અને કર્મજન્ય છે તેને ભોગવીને એ સર્વ જાગ્રત્ અને સ્વપ્નરૂપ (સ્થૂલ અને સૂક્ષ્મ) વિષયોને અજ્ઞાતરૂપ પોતાના આત્મા વિષે લય કરીને જે બ્રહ્મ સુએ છે અર્થાત કારણના અભાવથી સ્થિત થાય છે; આ સુષુપ્તિ અવસ્થામાં જે મધુરભુક્ (આનંદનો ભોક્તા) છે અને જે બ્રહ્મપ્રતિબિંબની તુલ્ય માહારે વિષે માયાકૃત મિથ્યારૂપ ત્રણ અવસ્થાના સબંધીપણાની પેઠે સબંધીપણું સંપાદન કરીને મને માયાથી ભોગવાવતો હોય એમ વર્ત્તે છે, તે માયાકલ્પિત મિથ્યા સંખ્યાની અપેક્ષાથી કેવળજ્ઞાનમાત્ર, સ્વસ્વરૂપ, તુરીય (ચતુર્થ), મરણરહિત, અજન્મા, પરબ્રહ્મને વિષે હું નમ્ર થયો છું.

આવાં સચ્ચિદાનંદ પરબ્રહ્મને વિષે સર્વ અર્પણ થઇ રહેલું છે અને તેથી આ સ્વલ્પકૃતિ પણ.. ॐ तत्सत्.

कल्याणमस्तु.

ૐ

અનુક્રમણિકા.

આ ગ્રંથને પ્રસિદ્ધ કરવા આગ્રહી અને આગળથી આશ્રય આપનારા ગૃહસ્થોનાં નામ.

નામ	સ્થાન	કેટલી નકલ.
૧ રા. પ્રાણજીવનદાસ ચુનીલાલ શેઠ	પારડી	૧૫
૨ રા. ચીમનલાલ ઘેલાભાઇ મુખત્યાર વકીલ	એજન	૧૫
૩ રા. બાલુભાઇ સુરજરામ કંટ્રાકટર	સુરત	૧૦
૪ રા. વશી પરાગજી ડાહ્યાભાઈ રૂવાળા	પારડી	૧૦
૫ રા. કસનજી ભીમભાઈ દે. ત્રીજોરર, પારડી;	ખરસાડ	૫
૬ રા. મોતીરામ ઇચ્છારામ સરકલ ઇન્સ્પેકટર	વલસાડ	૫
૭ રા. ડાહ્યાભાઇ ભગવાનદાસ પેન્સનર તલાટી	પારડી	૫
૮ રા. લલુભાઇ નીછાભાઇ દે. મુખત્યાર વકીલ	પારડી	૫
૯ રા. મોહનલાલ મથુરાંદાસ	એજન	૫
૧૦ રા. ભીખાભાઇ રૂઘનાથજી ઓવર્સિયર	એજન	૫
૧૧ રા. મોરારજી ગુલાબભાઇ મુખત્યાર વકીલ	વલસાડ	૫
૧૨ રા. ગીરધરલાલ મોરલીધર શેઠ.	પારડી	૩
૧૩ રા. જેડાભાઇ મોતીભાઇ તમાકુના વેપારી ખંભાત; હાલ પારડી.		૨
૧૪ રા. નરસિંહલાલ જગજીવન શેઠ.	પારડી.	૧
૧૫ રા. ગાંડાભાઇ મોરાર	એજન	૧
૧૬ રા. કાનજીભાઈ ગોવિંદજી તાલુકા માસ્તર	એજન	૧
૧૭ રા. લલ્લુભાઇ ભગવાનજી દે. પોષ્ટમાસ્તર	એજન	૧
૧૮ રા. ગાંડાભાઈ લલ્લુભાઇ દે. બાળદા સ્કુલ માસ્તર		૧
૧૯ રા. મોતીલાલ વિઠુલ શેઠ	પારડી	૧
૨૦ રા. જીવણ ગોવિન્દ મીસ્તરી	એજન	૧
૨૧ રા. ભીખાભાઈ નરસઇ મેરાઇ	એજન	૧
૨૨ રા. નાગરજી અખ્ખુભાઇ ઉમેદવાર પારડી કચેરી		૧
૨૩ રા. ખંડુભાઈ કુંવરજી સોનવાડા હાલ સ્કુલ માસ્તર અબ્રામા	વલસાડ	૧

આ ગ્રંથને પ્રસિદ્ધ કરવા આગ્રહી અને આગળથી આશ્રય આપનારા ગૃહસ્થોનાં નામ.

નામ	સ્થાન	કેટલી નકલ.
૧ રા. પ્રાણજીવનદાસ ચુનીલાલ શેઠ	પારડી	૧૫
૨ રા. ચીમનલાલ ઘેલાભાઇ મુખત્યાર વકીલ	એજન	૧૫
૩ રા. બાલુભાઇ સુરજરામ કંટ્રાકટર	સુરત	૧૦
૪ રા. વશી પરાગજી ડાહ્યાભાઈ રૂવાળા	પારડી	૧૦
૫ રા. કસનજી ભીમભાઈ દે. ત્રીજોરર, પારડી;	ખરસાડ	૫
૬ રા. મોતીરામ ઈચ્છારામ સરકલ ઇન્સ્પેકટર	વલસાડ	૫
૭ રા. ડાહ્યાભાઇ ભગવાનદાસ પેન્સનર તલાટી	પારડી	૫
૮ રા. લલુભાઇ નીછાભાઇ દે. મુખત્યાર વકીલ	પારડી	૫
૯ રા. મોહનલાલ મથુરાંદાસ	એજન	૫
૧૦ રા. ભીખાભાઇ રૂઘનાથજી ઓવર્સિયર	એજન	૫
૧૧ રા. મોરારજી ગુલાબભાઇ મુખત્યાર વકીલ	વલસાડ	૫
૧૨ રા. ગીરધરલાલ મોરલીધર શેઠ.	પારડી	૩
૧૩ રા. જેઠાભાઇ મોતીભાઇ તમાકુના વેપારી ખંભાત; હાલ પારડી.		૨
૧૪ રા. નરસિંહલાલ જગજીવન શેઠ.	પારડી.	૧
૧૫ રા. ગાંડાભાઇ મોરાર	એજન	૧
૧૬ રા. કાનજીભાઈ ગોવિંદજી તાલુકા માસ્તર	એજન	૧
૧૭ રા. લલ્લુભાઇ ભગવાનજી દે. પોષ્ટમાસ્તર	એજન	૧
૧૮ રા. ગાંડાભાઈ લલ્લુભાઇ દે. બાળદા સ્કુલ માસ્તર		૧
૧૯ રા. મોતીલાલ વિઠ્ઠલ શેઠ	પારડી	૧
૨૦ રા. જીવણ ગોવિન્દ મીસ્તરી	એજન	૧
૨૧ રા. ભીખાભાઈ નરસઇ મેરાઇ	એજન	૧
૨૨ રા. નાગરજી અખ્ખુભાઇ ઉમેદવાર	પારડી કચેરી	૧
૨૩ રા. ખંડુભાઈ કુંવરજી સોનવાડા હાલ સ્કુલ માસ્તર અબ્રામા	વલસાડ	૧

ॐ तत् सत् परमात्मने नमः

ભૂમિકા.

વર્ત્તમાન સમયમાં ઘણા વિવેકી સુજનોને પોતાના ધર્મ ઉપર અભિરૂચિ થઇ છે. પરંતુ ધર્મનું ખરૂં સ્વરૂપ શું છે એ જાણવા તથા સમજવામાં ઘણો વખત મિથ્યા કાળક્ષેપ થાય છે. એતો સર્વ બુદ્ધિમાનને સુવિદિત છે કે આ ક્ષણ-ભંગુર સંસારમાં મનુષ્યના આવરદાની અવધિછે અને તે પુરી થએ સર્વ છોડી ચાલ્યા જવાનું છે. ત્યારે પુરૂષાર્થ શેમા છે, અને તે કેમ સંપાદન કરવો; એ સહજ પ્રશ્ન ઉઠવાનો સંભવ છે. આપણા આર્યાવર્ત્તમાં પરમ પુરૂષાર્થ મોક્ષ મનાયલો છે, અને મોક્ષપ્રાપ્તિને માટે ધર્મજ છે. હવે એ ધર્મની વ્યાખ્યા કરત્તાં એટલોજ અર્થ ફલિત થાય છે કે "નિત્ય સુખ સ્વરૂપનો તાત્વિક વિચાર" (જીવ, ઇશ્વર, જગત એ ત્રણેના સ્વરૂપ તથા સંબંધનો વિચાર) એ તાત્વિક વિચાર કરવાને આપણા આર્યાવર્ત્તમાં છ દર્શન શાસ્ત્ર છે. સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વ મિમાંસા, અને ઉત્તરમિમાંસા અથવા વેદાંત એટલે વેદનો અંત ભાગ, સર્વ વેદનું રહસ્ય. વેદના કર્મ, ઉપાસના અને જ્ઞાન એમ ત્રણ કાંડ અથવા ભાગ છે. અને જ્ઞાન કાંડનેજ વેદાન્ત કહે છે. એ વેદાત શાસ્ત્રજ પરમ પુરૂષાર્થ મોક્ષ પ્રાપ્ત કરવાને મનન કરવા યોગ્ય છે. અને એ શાસ્ત્રને વિષે બીજાં પાંચ દર્શન શાસ્ત્રનું પણ વિવેચન કરેલું છે. અને તે શાસ્ત્રો પૈકી વેદને અનુકૂળ વચનોને યથાયોગ્ય સંગ્રહેલાં છે. એ વેદાંત શાસ્ત્રમાં ગંભીર તત્ત્વ વિચારો સમાયલા છે. પરંતુ એ તત્ત્વ વિચાર બુદ્ધિગ્રાહ્ય થવાને અધિકાર પ્રાપ્ત કરવાની, એટલે અમુક તરેહની માનસિક સ્થિતિ પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે. અને એ અધિકાર પ્રાપ્ત કરવાને અર્થેજ વેદમાં કર્મ ઉપાસનાના અનેકવિધ પ્રકાર કહેલા છે. પરંતુ વર્ત્તમાન સ્થિતિ પાશ્ચાત્ય સંસર્ગને લીધે વિચિત્ર પ્રકારની થઇ છે. અને વેદમાં કહેલાં કર્મ ઉપાસના ઉપરની

શ્રદ્ધા શિથિલ થઇ ગઇ છે અને તેને પરિણામે વેદાંત જેવી મહાન તત્ત્વ ભાવના પ્રાપ્ત કરવા યોગ્ય, ચિત્ત શુદ્ધિના અભાવે મહાન્ ભ્રષ્ટતા ઉદ્ભવેલી દૃષ્ટિગોચર થાય છે. માટે આ લેખમાં વેદાંત ભાવના પ્રાપ્ત કરવાને અર્થે સાધન સંપત્તિ વિષયે વિચાર કરી બુદ્ધિમાનોને યોગ્ય માર્ગ બતાવવા પ્રયત્ન છે. એ પ્રયત્ન કેટલે દરજે વિજયી થઇ શકશે તે વિવેકી સુજનોના યથાયોગ્ય ગ્રહણ કરવા ઉપર છે. આ અલ્પ પ્રયાસમાં બુદ્ધિમાન વેદાંતાભ્યાસી તરફથી જે કાંઇ સૂચના કરવામાં આવશે તે જાણવા, અને યથાયોગ્ય સુધારો વધારો કરવા લેખક ઉત્સુક છે, અને આ લેખની ઉપયોગિતા જણાયે દ્વિતીયાવૃત્તિમાં સૂચના અનુસાર ફેરફાર કરવામાં આવશે. પરંતું મ્હારી નમ્ર પ્રાર્થના છે કે વિવેકી સુજનોએ એ લેખને સારગ્રાહી દૃષ્ટિથી અવલોકવા પ્રયત્ન કરવો. અસ્તુ.

ॐ

॥ साधन संपत्ति. ॥

अथवा

राजयोग.

ચતુષ્ટય સાધન સંપન્ન પ્રમાતા (ચિદાભાસ–જીવ) વેદાંત તત્ત્વજ્ઞાનનો અધિકારી છે. અને એ સાધન વિષયે બ્રહ્મસૂત્ર ભાષ્યમાં મહાત્મા શંકર ભગવાને સૂચન કરેલું છે. એ ચતુષ્ટય સાધન આત્માનાત્મવિવેક, ઇહામુત્રફળભોગવિરાગ, શમાદિષટ્ સંપત્તિ અને મુમુક્ષુતા છે. આ ચતુષ્ટય સાધન–સંપન્ન પુરૂષ વેદાંતના, શ્રવણ, મનન, અને નિદિધ્યાસન યોગ્ય મનાય છે એ સાધનો થયા પછી શ્રવણ આરંભવું એવો નિયમ નથી. પરંતુ સાધન વિનાનું શ્રવણ નકામું છે. શંકર ભગવાને વાક્યવૃત્તિમાં કહ્યું છે કેઃ-

अहं ब्रह्मेति वाक्यार्थबोधो यावद् दृढीभवेत् ।
शमादिसहितस्तावदभ्यसेच्छ्रवणादिकम् ॥

અર્થઃ–હું બ્રહ્મછું એ પ્રકારનો વાકયાર્થબોધ જ્યાં સુધી દૃઢ થાય ત્યાં સુધી શમ દમ વિગેરે સાધનમાં નિરત રહી શ્રવણાદિનો અભ્યાસ કરવો. વેદાંતભાવના એટલે અદ્વૈત તત્ત્વજ્ઞાનને સમજી તેના ઉપર હૃદયનો સંપૂર્ણ વિશ્વાસ દૃઢ કરવાથી વિવેક પ્રાપ્ત થવો સુલભ છે. આત્મા શું છે, અનાત્મા શું છે; એનો નિશ્ચય થાય અને આત્માનું સર્વ પ્રકારે અનુસરણ રહે તથા અનાત્માની ઉપેક્ષા થાય એ વિવેક છે, આવો વિવેક પ્રાપ્ત કરવાને અર્થે અંતઃકરણ બહુજ સ્વચ્છ અને એકાગ્ર થવું જોઇએ. મલીન અંતઃકરણમાં વેદાંતપ્રતિપાદન અદ્વૈતાત્મજ્ઞાન ઉદય થતું નથી. સ્વચ્છ અંતઃકરણ પણ અનેક અનાત્મ પદાર્થથી વિક્ષેપ પામ્યા

કરતું હોય તો આત્મજ્ઞાનનો પ્રકાશ ગ્રહણ કરી શકતું નથી. અનુકૂલ ઉપર રાગ, પ્રતિકૂલ ઉપર દ્વેષ, એવા અનેક દ્વંદ્વોથી અંતઃકરણ રંગાયેલું રહે છે.

અનાદિ સંસારમાં મનુષ્યોના અંતઃકરણો અનેક મળ વિક્ષેપોથી પૂર્વ પૂર્વ સંસ્કારદ્વારા ઉત્તરોત્તર સંસ્કારો ઉત્પન્ન કરે છે, અને તેથી એવાં અશુદ્ધ અંતઃકરણોમાં; અદ્વૈત ભાવના ઉદય થઇ શકતી નથી. આજકાલ છાપખાનાની ખોટ નથી, અનેક વેદાંતના ગ્રંથો છપાઇ બહાર પડ્યા છે. અને ઘણા અભ્યાસીઓ એવા અનેક ગ્રંથો વાંચી, વાગ્વિલાસમાંજ કૃતાર્થતા માને છે. પરંતુ આત્મકલ્યાણને ઇચ્છતા વિવેકી સુજનોએ ઘણા ગ્રંથો વાંચી તેની પરિભાષામાંજ સંતુષ્ટ થવું નહીં. નિરંતર અદ્વૈતભાવનાના સત્યને અંતઃકરણ અનુસરે છે કે નહિ, તે ઉપર વિચાર કરવો. અને તે ભાવના ઉપર પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ થાય છે કે નહિ; તે ઉપર ઘણો પુખ્ત વિચાર રાખવો. કદાચ વિચાર કરનાર પોતે પોતાને ઓળખી શકશે નહિ માટે સાવધાન રહેવું. જે અધિકાર પ્રાપ્ત થયો નથી તે માની લેવાથી લાભને બદલે હાનિ થવાનો સંભવ છે. સાધનપ્રાપ્તિનો પ્રયત્ન કરતો અભ્યાસી પોતાને જે સ્થિતિ પ્રાપ્ત થઇ નથી, તે સ્થિતિ પોતાના અભિમાની અંતઃકરણથી માની લેવાથી અનેક સંશય અને શંકા થશે; તેનું સમાધાન કોઇ યોગ્ય મહાત્મા કે શાસ્ત્રથી લેવા કરતાં, પોતાને અનુકૂલ આવે તેમ વર્તી ઇંદ્રિયો ઇંદ્રિયોનો ભોગ કરે છે એમાં મારે કંઇ નથી, એવી પ્રતારણામાં પડી યથાર્થજ્ઞાનને બદલે જ્ઞાનાભાસ માત્રજ પ્રાપ્ત કરશે. માટે સાધકે બહુ લક્ષ રાખી પોતાના અંતઃકરણની સ્થિતિનો વિચાર કરી જે અધિકારમાં હોય તેને દૃઢ કરી આગળ વધવા પ્રયત્ન રાખવો. એક સ્થિતિ સંપૂર્ણ થયા વગર તેની આગળની સ્થિતિ પ્રાપ્ત થઇ છે એવું માની લેવું નહિ. યથાર્થ વિવેક થયા પૂર્વે તો કર્મ ઉપાસનાનો માર્ગે પોતાના વર્ણાશ્રમ વિહિત હોય, તેની કદાપિ ઉપેક્ષા શ્રેયઃસા-

નાર અધિકારીએ કરવી નહિ. કર્મ ઉપાસના વેદમાં નિરર્થક કહે-લાં નથી. પરંતુ સાધકને ક્રમે ક્રમે અદ્વૈતભાવના ગ્રહણ કરવા યોગ્ય ચિત્તશુદ્ધિ કરવા માટે કહેવાયાં છે. માટે તેનો અનાદર કરવાથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની જીજ્ઞાસા ઉદય પામતી નથી. એવું કાંઇજ તાત્પર્ય નથી કે બધાએજ તે કરવાં. જેનું અંતઃકરણ શુદ્ધ હોય, અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની વિવિદિષા જેને ઉત્પન્ન થઇ હોય; તેણે તો સાધન સંપત્તિનો માર્ગ લેવો. પરંતુ એવો સાધક પણ નિષ્કામ કર્મ માર્ગનો આશ્રય કરેતો અંતઃકરણ શુદ્ધિ સત્વર થવાનો સંભવ છે, અને કર્મ કરતાં કરતાંજ અકર્મ થવાય છે. ભગવાને ગીતામાં યથાર્થજ કહ્યું છે કેઃ—

न कर्मणामनारंभान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।

न च सन्न्यसनादेव सिद्धिं समधिगच्छति ॥

અર્થ—પુરૂષ કર્મો ન કરવાથી નૈષ્કર્મ્ય (જ્ઞાન) પ્રાપ્ત કરી શકતો નથી. ચિત્તશુદ્ધિ વિનાના સન્ન્યાસથીજ મોક્ષ મળતો નથી. એમ કર્મ કરતાં કરતાં એની મેળેજ કર્મનો અનાદર થવા માંડે છે. અને અંતઃકરણમાં સંતોષ સાથે શુદ્ધતા અનુભવાય છે. અને બુદ્ધિ તીવ્ર થઈ પદાર્થનું ગ્રહણ કરવાનું સામર્થ્ય આવે છે. અને તર્ક વિતર્ક કરી તત્ત્વનો નિશ્ચય કરવાને બુદ્ધિ તત્પર થાય છે એમ થયા પછી અંતઃકરણમાં વિવેક ઉદય થવા માંડે છે. પણ અતિશય તર્ક વિતર્કમાં વિલાસ પામતી બુદ્ધિ તત્ત્વને અંતર્માં સ્થિર થવા દેતી નથી. એવા વિક્ષેપ દોષ અંતઃકરણમાં જણાય, તો સાધકે ઉપાસનાનો આશ્રય કરવો, કોઈ એક ઈષ્ટને માની તેના અર્ચનનો સમગ્ર વિધિ યથાર્થ રીતે ગુરૂ મુખે પ્રાપ્ત કરવો. એવા વિધિમાં તે તે દેવની ઉપાસનાની રચના એવી રીતે કરેલી હોય છે કે બાહ્ય પ્રદેશમાં તે દેવતાનું સ્થાપન, અર્ચન કરવા ઉપરાંત તે દેવની અંતર્ભાવના સ્પષ્ટ રીતે થઇ જાય. બાહ્યનો અંતરમાં પ્રવિલાપ થાય અને ઉપાસકને ઉપાસ્યનું એક રસ એકાકાર ધ્યાન રહે. કર્મથી જેમ મલનો નાશ થાય છે, તેમ ઉપાસનાથી વિ-

ક્ષેપનો નાશ થાય છે. એમ ઉપાસનાથી પરમાર્થભાવના સ્થિર થાય છે. કર્મનો પરિપાક જ્ઞાન છે, ઉપાસનાનો પરિપાક તન્મયતા છે. પ્રથમે કર્મ સકામજ થાય છે, પરંતુ કર્મ કરતે કરતે સકામતાનો અસ્ત થઇ નિષ્કામતા થાય છે. નિષ્કામ કર્મનો પરિપાક થતાં કર્મમાર્ગની અસારતા સમજાય છે. અને ઉપાસનાની તન્મયતામાં રસ આવે છે. અને ઉપાસનાનો પરિપાક થતાં સર્વત્ર ઉપાસ્યનુંજ દર્શન થઇ રહે છે. વિષયાસક્ત મનુષ્યોને સ્વવિષયોનું સર્વત્ર દર્શન સ્મરણ સહજસિદ્ધ હોય છે; તેમ ઉપાસકોને ઉપાસ્યનું સહજસિદ્ધ દર્શન સ્મરણ સર્વદા રહે છે. કર્મ ઉપાસનાથી મલવિક્ષેપરહિત થયલું અંતઃકરણ અદ્વૈતભાવના ગ્રહણ કરવા યોગ્ય થાય છે. ઉપાસના સિદ્ધ થયા પછી, અંઃકરણને જે પરિચ્છેદ ભાવના થઈ છે, તેમાંથી પરિચ્છેદ દૂર કરવો એટલુંજ અવશેષ રહે છે. એનેજ અજ્ઞાન નાશ કહે છે. જ્યારે અંતઃકરણમાંથી અજ્ઞાનનો નાશ થાય ત્યારે જે પરિચ્છેદ બુદ્ધિથી અંતઃકરણ આખા જગતને રચે છે તે પરિચ્છેદનોજ વિલય થઈ જાય છે. અને સર્વત્ર એકરસ એકાકાર પરમ ચૈતન્યનો અભેદાનુભવ સ્વભાવસિદ્ધ થઈ રહે છે. અંતઃકરણમાં ત્રણ દોષ છે. મલ, વિક્ષેપ, અને આવરણ. નિષ્કામ કર્મથી મલ દૂર થાય છે. ઉપાસનાથી વિક્ષેપ મટે છે. અને જ્ઞાનથી આવરણ (અજ્ઞાન) નો નાશ થાય છે. આવા મળવિક્ષેપરહિત શુદ્ધ અંતઃકરણમાં જ્ઞાનનો પ્રકાશ ઉદય થાય છે. શંકર ભગવાને અપરોક્ષાનુભૂતિમાં યથાર્થજ કહ્યું છે કેઃ—

उदेति शुद्धचित्तानां वृत्तिज्ञानं ततःपरम्

અર્થ.—શુદ્ધઅંતઃકરણવાળા પુરૂષોને બ્રહ્માકારવૃત્તિ ઉદય પામે છે અને વૃત્તિજ્ઞાન સ્થિર થાય છે.

અદ્વૈત ભાવનાનું સત્ય આવાં શુદ્ધ અંતઃકરણમાં સમજાય છે. અને એ ભાવના ઉપર પૂર્ણ શ્રદ્ધા આવી તન્મયતા સિદ્ધ થાય છે, વિવેકોદયનો પરિપાક તેજ વૈરાગ્ય છે. વૈરાગ્યોદય એજ વિવે-

ક્ના પરિપાકનું સુચિન્હ છે, યથાર્થ વિવેક પૂર્વે તો કર્મોપાસનાનો જ આશ્રય કલ્યાણકારી છે. કર્મ અને ઉપાસનાના ઘણા સૂક્ષ્મ વિચારો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. શ્રેયઃ સાધનાર સાધકે કર્મ એટલે જે કાંઈ કરવાનું પ્રાપ્ત થાય, તે કર્મ એવો અર્થ કરવાનો નથી. પરંતુ સ્વવર્ણાશ્રમવિહિત જે કર્મ હોય તે કરવાં એટલો થાય છે. કેમકે એવાં વેદવિહિત કર્મોની યોજના એવીજ છે કે તે કરતાં કરતાં અદ્વૈતભાવના ઉપર આવી શકાય છે. કર્મનો આશ્રય કરવાનો મુખ્ય હેતુ શ્રદ્ધા છે. તેથી સાધકે સ્વધર્માચરણ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી. અને પરધર્મની નિંદા કરવી નહિ. સાધકે નિષ્કામ કર્મ ભગવત્પ્રીત્યર્થજ કરવું. ઉપાસનામાં વામમાર્ગનો કદાપી સ્વીકાર કરવો નહિ. ઉપનિષદોમાં ઘણી ઉપાસનાઓ છે તેમાંથી સ્વશક્તિ અને રૂચિ અનુસાર કોઈ એકનો સમગ્ર વિધિ ગુરૂ મુખ કરી આશ્રય કરવો. પંચાગ્નિ વિદ્યા, દહર વિદ્યા, શાંડિલ્ય વિદ્યા વિગેરે પ્રસિદ્ધ ઉપાસના ઉપનિષદ્‌માં છે. પ્રણવોપાસના નિષ્કામ ઉપાસના છે; તે પણ અધિકારાનુંસાર ગુરૂ મુખ કરી કરવાથી સત્વર અદ્વૈત ભાવના ઉદય થાય છે. આ પ્રણવોપાસના વિષયે વાર્તિકકાર સુરેશ્વરાચાર્યે, માંણ્ડૂક્યોપનિષદ્‌માં સ્પષ્ટ વિવેક દર્શાવેલો છે. પરંતુ તે ઉત્તમ જીજ્ઞાસુને માટે છે. અને ગુરૂમુખ ગ્રહણ કર્યા વગર પોતાની મેળે કરવાથી તેનો વિશેષ આશ્રય કરવો સાધકને ઈષ્ટ નથી. સાધકે લક્ષમાં રાખવું કે ઉપાસનાનું તત્ત્વ એકાગ્રતા સિદ્ધ કરવાનું છે. અને તેથી એકાગ્ર ચિત્તે યોગ્ય મંત્રના જપથી બહુ લાભ થાય છે.

પરંતુ વર્ત્તમાનમાં સ્થિતિ વિલક્ષણ છે પાશ્ચાત્યસંસ્કાર પામેલી બુદ્ધિમાં કર્મ ઉપાસનાના સત્યાસત્યનો વિવેક હોતો નથી. અને તેવા પુરૂષોને એક આડંબર જેવુંજ લાગે છે. અને કર્મોપાસનાથી વિમુખ થયલા ઘણા સુજનો મિથ્યા વાગ્વૈખરીમાં વ્યર્થ આયુષ ગુમાવે છે અને એકે પુરૂષાર્થ સિદ્ધ થતો નથી. અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ જેવા થઇ રહે છે. સુજ્ઞ વિવેકીજનોએ ગંભીર વિચાર ક-

રી, પોતાનુ સ્વત્વ સાચવવા અને શ્રેયઃસાધવા કદાપિ ચુકવું નહિ. હાલના સમયમાં પોતાના ધર્મ સિદ્ધાંતના અજ્ઞાને કરી, અનેક તરૂણો અનેક ધર્મને નામે ચાલતી સંસ્થાઓ પકડી બેઠા છે. પ્રાર્થના સમાજ, બ્રહ્મોસમાજ, આર્યસમાજ આદિ અનેક સંસ્થાઓ નવીન જન્મ પામી છે, અને ઘણા વિદ્વાન યુવકો તેમાં જોડાયા છે. વળી થિયોસોફીનો પણ સ્વીકાર ઘણા સુજનોએ કર્યો છે, વળી કેટલાક યુવકો હઠયોગના માર્ગ ઉપર પણ વળેલા જણાય છે આવા સર્વે સુજનોને એટલીજ વિનંતિ છે કે તેઓએ પોતાનો સ્વધર્મ કદાપિ છોડવો નહિ. ધર્મનું મૂળતત્ત્વશ્રદ્ધાજ છે. ઘણા સુજનો યોગસિદ્ધિની લાલસામાં ઘણા ધૂર્ત લોકોથી ઠગાય છે. સાધકે લક્ષમાં રાખવું કે પ્રાણાયામાદિ યોગનો માર્ગ સંસારીને ઇષ્ટ નથી. યોગથી જે ચિત્તની એકાગ્રતા થઇ શકે છે, તે ઉપાસનાથી પણ થઇ શકે છે માટે પ્રાણાયામાદિના પ્રયોગ સંસારી સાધકોએ કરવા એ ઘણુંજ હાનિકારક છે. પ્રાણને રોકી મનને રોકવાનો માર્ગ હઠયોગ કહેવાય છે. અને મનને રોકી પ્રાણને રોકવાનો માર્ગ રાજયોગ કહેવાય છે. સર્વ પ્રયાસથી સાધ્ય કરવાનું તે અજ્ઞાનનો નાશ છે. જ્ઞાન તો સર્વદા બની રહ્યું છે. માટે સાધકે આત્મબળનો વ્યર્થ વ્યય કરવા કરતાં આત્મબલને પુષ્ટ કરવા અનાદિસિદ્ધવેદે બોધેલો રાજમાર્ગ લેવો એજ ઇષ્ટતમ છે. આ પ્રકારે મલ વિક્ષેપનો નાશ થયા પછી જે કર્તવ્ય અવશિષ્ટ છે તે અજ્ઞાન નાશ છે. એ અજ્ઞાનની બે શક્તિઓ છે, આવરણ અને વિક્ષેપ; આત્માનું આવરણ કરી દઇ આત્મા છેજ નહિ, હોય તોપણ જણાતો નથી, ઇત્યાદિ કાર્યને ઉપજાવનારી આવરણશક્તિ છે; અને આત્માનું આવરણ થતાંની સાથે અનેક શરીર, વિચાર, વ્યવહાર આદિ ભેદમય વિશ્વાકારે, આત્માને બતાવનારી અજ્ઞાનની વિક્ષેપ શક્તિ છે. વિવેકોદય થતાની સાથે આવરણ શક્તિ નિર્બળ પડતી જાય છે. અને જ્યારે જ્યારે આવરણ શક્તિ ખશી જાય છે ત્યારે ત્યારે સ્વરૂપાનંદનો આનંદ ઝાંખો જેવો પણ ક્ષણિક અનુભવમાં આવે છે.

આવા ક્ષણિક અનુભવો ઉપરથી વિવેકોદય સ્પષ્ટ ઉદિત થયેલો સિદ્ધ થાય છે. અને આખા રાજયોગનું એ પ્રથમ પગથીયું છે.

આવા સાધકને કોઇ પણ હઠ પ્રક્રિયાની આવશ્યકતા નથી. સર્વ યોગનો રાજા રાજયોગ છે. સિદ્ધિઆદિ ક્ષુદ્ર વાસનાઓથી ઘણા મનુષ્યો યોગાભ્યાસમાં લલચાય છે. તે તો આ રાજયોગની દાસીઓ છે, એકલા વિવેકોદય સુધી સાધક આવ્યો હશે, તો તેને આ વાતની કાંઇક પ્રતીતિ થશે. આત્મશક્તિ એ એક મહાન્ બલ છે, અને સાધક જેમ જેમ સ્વઅંતઃકરણને શુદ્ધ કરી સ્વાત્મ નિશ્ચય ઉપરજ શ્રદ્ધા કરતો થશે; તેમ તેમ તેના અનુભવમાં આવશે કે અંતઃકરણ શુદ્ધિજ સર્વ સિદ્ધિની સિદ્ધિ છે માટે સાધકે મહાન પ્રયત્નથી અંતઃકરણની શુદ્ધિ પ્રાપ્ત કરવી. અને શુદ્ધ અંતઃકરણ થઈ વિવેકોદય થયો કે પુરૂષાર્થ સમીપ છે, એમ નિશ્ચય સમજવું.

આ પ્રકારે સાધન ચતુષ્ટયનું પ્રથમ સાધન વિવેક કેમ સિદ્ધ કરવું અને તે ઉદય થયાના સ્પષ્ટ ચિન્હ વિષયે પણ કહી આવ્યા. પરંતુ વિવેકનું અદ્વૈત પરિભાષાનુસાર લક્ષણ આપવું જોઇએ. શંકર ભગવાને વિવેકનું લક્ષણ નીચે મુજબ આપ્યું છે.

नित्यमात्मस्वरूपं हि दृश्यं तु तद्विपरीतम् ।
एवं योनिश्चयः सम्यग्विवेको वस्तुनःसवै ॥

અર્થ.—આત્માનું સ્વરૂપ અવિનાશી છે તથા દૃશ્ય અનાત્મ વસ્તુ એથી વિપરીત સ્વભાવ વાળું અર્થાત નાશવાન છે. આવો સંશયાદિરહિત જે નિશ્ચય તેને નિત્યાનિત્યવસ્તુવિવેક કહે છે.

આ લક્ષણમાં ઘણો ગૂઢ અર્થ સમાયલો છે. તત્ત્વ એવું છે કે સામાન્ય ચૈતન્ય સર્વત્ર વ્યાપક છે. ત્યારે દૃશ્ય વિપરીત સ્વભાવ વાળું છે એમ કહેતાં દૃશ્યમાં ચૈતન્ય નથી, એમ થયું. પરંતુ દૃશ્યમાં વિશેષ ચૈતન્ય નથી; સામાન્ય છે. અને આત્મસાક્ષાત્કાર એ અંતઃકરણની બુદ્ધિવૃત્તિરૂપ છે, તેથી હૃદયાકાશમાં બુદ્ધિને વિષે

સ્વ સ્વરૂપે અભેદાનુભવનો અપરોક્ષ સાક્ષાત્કાર પામવાનો છે. તેથી દૃશ્ય આત્મા નથી, પણ આત્મા તો સ્વસ્વરૂપ, નિત્ય કૂટસ્થ સાક્ષી છે. એમ સાક્ષી સ્વરૂપનું લક્ષણ કર્યું તે યથાર્થાનુભવગમ્ય છે.

वैराग्य.

સાધનચતુષ્ટયનું દ્વિતીય સાધન વૈરાગ્ય છે. વિવેકોદયનો પરિપાક થયો કે વૈરાગ્ય ઉદય થવા માંડે છે. આત્મ વસ્તુનો નિશ્ચય થઇ, અનાત્મ તેથી વિપરીત સ્વભાવ વાળી અનિત્ય છે એવું ભાન થતાં, અનાત્મવસ્તુમાત્ર ઉપર વિરાગ થવા માંડે છે. પરંતુ એ વિરાગને ભંગ કરનાર તૃષ્ણા છે. અનેક જાતના આ લોકના સુખ વૈભવ તેમજ પરલોકના સ્વર્ગાદિ સુખ વૈભવ ઉપર નાની મોટી તૃષ્ણા થઇ વિરાગમાં વિક્ષેપ ઉપજાવે છે માટે એ તૃષ્ણાના દૃશ્યમાન પદાર્થો અને શાસ્ત્રથી સાંભળેલા તેમનો ઉપભોગ કરવાનો પરમ અભાવ, તેજ પરમ વૈરાગ્યનું સ્વરૂપ છે. શંકર ભગવાને વૈરાગ્યનું લક્ષણ નીચે મુજબ આપ્યું છે.

देहादिब्रह्मपर्यन्ते ह्यनित्ये भोगवस्तुनि ।
विरज्य विषयव्राताद्दोषदृष्ट्या मुहुर्मुहुः ॥
तद्वैराग्यं जिहासा या दर्शनश्रवणादिभिः ।

અર્થ.–દેહથી તે બ્રહ્મ લોક સુધીની સઘળી ભોગ્ય વસ્તુઓ કે જેઓ અનિત્ય છે, તેઓના દર્શન તથા શ્રવણાદિમાં જે પૂર્ણ અરૂચિ થાય તે પરમ વૈરાગ્ય કહેવાય છે. યોગશાસ્ત્રમાં વૈરાગ્ય નું સ્વરૂપ બે સૂત્રથી આપ્યું છે. તેમાંના પ્રથમ સૂત્રમાં આપેલા વૈરાગ્યને વશીકાર સંજ્ઞા આપી છે. સૂત્ર

दृष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यम् ॥

અર્થ.- દૃષ્ટ અને અનુશ્રવિક (શાસ્ત્રમાં સાંભળેલા) વિષયોની તૃષ્ણા રહિત તેને વશીકારસંજ્ઞા વૈરાગ્ય કહે છે. આ વશીકાર વૈરાગ્યથી જે શ્રેષ્ઠ વૈરાગ્ય છે તેને પર વૈરાગ્ય કહે છે.

तत्परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यम् ॥

અર્થ.-વશીકારસંજ્ઞાવૈરાગ્યથી અધિક **ગુણવૈતૃષ્ણ્ય** (સત્વ, રજ, તમ)થી રહિત વૈરાગ્ય પર વૈરાગ્ય કહેવાય છે. વશીકાર વૈરાગ્ય સાધકનો છે અને પરવૈરાગ્ય યથાર્થજ્ઞાનીનો છે. અપરોક્ષાનુભવી જ્ઞાનીનેજ પરવૈરાગ્ય થાય છે, એ મહાન ઉત્કટ વૈરાગ્ય છે.

વશીકાર વૈરાગ્યનું ઉપર સ્વરૂપ બતાવ્યું તેમાં દૃષ્ટ અને અનુશ્રવિક એટલે શાસ્ત્રથી સાંભળેલા પદાર્થો ઉપર વૈરાગ્ય કેવી રીતે કરવો તે વિષયે અત્ર સૂક્ષ્મ વિવેક કરવાની આવશ્યકતા છે.

દૃષ્ટ પદાર્થો જેવા કે અહંમમના વિષયો છે તે એટલે શરીર, પુત્ર, સ્ત્રી, ઘર, વિત્ત, લોક ઇત્યાદિ જે જે મમત્વના વિષયો છે તે તથા અહંતાના વિષય શરીર, ઇંદ્રિયો, બુદ્ધિ આદિ. એ દૃષ્ટ વિષયો ઉપર વૈરાગ્ય કરવો, એટલે એમનો ત્યાગ કરવો કે શી રીતે? પરંતુતૃષ્ણાનો અભાવ એજ વિરાગનું તત્ત્વ છે. શરીરથી વિષયોનો ત્યાગ કરવા કરતાં; મનથી વિષયોનો ત્યાગ કરવો એજ ઉચિત છે. સ્થૂલ કશા કામનો નથી. આ સ્થળે આહાર વિહાર વિચાર આદિ અનેક વ્યવહારમાં કેવી રીતે વિરાગવાન રહેવું તે વિષયે પણ વિચાર કરવો પ્રાપ્ત થાય છે. જેમ બને તેમ સાધકે સત્વગુણનો ઉદય થાય તેવો આહાર, વિહાર કરવો, કેમકે સત્વગુણથીજ જ્ઞાનોદય થાય છે.

ગીતામાં ભગવાને કહ્યું છે કે **सत्त्वात्संजायते ज्ञानम्** (સત્વગુણથી જ્ઞાન ઉદય થાય છે.) સાધકને યથાર્થ વિવેક પ્રાપ્ત થયો નહિ હશે તો આ સંસારના અનેક વ્યવહારમાં રાગદ્વેષાદ

અભ્યાસથી અંતઃકરણની જે શુદ્ધિ પ્રાપ્ત કરી હશે, તે કરતાં અધિક મલો અંતઃકરણરૂપી દર્પણમાં ભેગા કરી જ્યાં હતા તે જગ્યાથી પણ ઘણી અધમ અંતઃકરણની સ્થિતિમાં આવેલા જણાશે. માટે શ્રેયઃસાધક અધિકારીએ પોતાના આહાર વિહારાદિ વ્યવહાર એવા યોજવા કે જેથી સત્વનું પોષણ થઇ, રજસ્‌ તમસ્‌ દબાઇ જાય. માંસ મદ્યાદિ પદાર્થો અત્યંત ત્યાજ્ય છે. એ તો શ્રેયઃ સાધનાર અધિકારીને સુવિદિતજ છે. માદક પદાર્થોનું સેવન કરવાથી જ્ઞાનતંતુએ જોશથી કામ કરે છે. અને તેથી તેઓ શિથિલ પડી જતાં ઇચ્છાને વશ રહેતા નથી. ચિત્તની એકાગ્રતા સંપાદન કરવા માટે બ્રહ્મચર્ય એટલે વીર્યરક્ષા અને જ્ઞાનતંતુની અનામય સ્થિતિ બહુજ આવશ્યક છે. માદક પદાર્થોના સેવનથી શરીરમાં જ્ઞાન પામતો ચૈતન્યાંશ છે તે આચ્છાદિત થઇ, નિર્મૂળ વત્‌ થઇ પારમાર્થિક ભાવના પામવા દેતો નથી. કોઇપણ મનુષ્યોને ધ્યાન કરવાની ટેવ હશે તો તેઓ કહી શકશે કે વૃત્તિને કોઇપણ પ્રદેશમાં એકાગ્ર કરવાથી, વ્યુત્થાન પછી કેટલોક સમય સુધી એકાગ્રતાની શાન્તિથી ઊદ્ભવેલો આનંદ અનુભવમાં આવે છે. જ્ઞાનીઓ વહેવારમાં છતાં પ્રબળ ઇચ્છા શક્તિને લીધે ક્ષણમાં એકાગ્રતા પ્રાપ્ત કરી શકે છે. અહનિશ સ્વરૂપાનંદના આનંદમાં નિમગ્ન રહેતા જ્ઞાનીઓને કોઇપણ કૃત્રિમ ઉત્તેજક કામનું નથી. માંસ પણ ત્યાજ્ય છે. પશુના જે જે સ્વાભાવિક ગુણો છે તે માંસ ખાનાર મનુષ્યોમાં પ્રાદુર્ભાવ પામે છે. અને એવાં મનુષ્યો કેવળ પશુવૃત્તિનાજ થઈ પડે છે. અને તેથી શ્રેયો માર્ગથી પતિત થાય છે. કોઇ પણ પ્રકારે એવો આહાર નહિ રાખવો કે જેથી બુદ્ધિની ચંચળતા અને વિહ્વલતા પેદા થાય. બુદ્ધિમાં જેમ સત્વનું પ્રાધાન્ય થાય છે તેમ તેમ આત્માના આનંદનું પ્રતિબિંબ પડે છે. વાસ્તવિક રીતે આનંદ આત્માનોજ છે. પણ વિષયમાં આરોપી લેવામાં આવે છે. સાત્વિક આહારાદિનો અર્થ એટલોજ છે કે બુદ્ધિમાં ચંચલતા ઉપજાવનારી તૃષ્ણાઓને પો-

પણ મળે નહિ. વિષયોનો ઉપભોગ કરવાથી તૃષ્ણાની શાન્તિ થવાને બદલે જેમ અગ્નિમાં ઘી હોમવાથી વધારે પ્રજ્વલિત થાય છે તેમ તૃષ્ણા શાન્ત થવાને બદલે વધારે પ્રદીપ્ત થાય છે. નિરોધ કરવાથીજ વિષયોની અભિલાષા દૂર થતી જાય છે. વિષયો એવા બળવત્તર છે કે, શંકર ભગવાને યથાર્થ કહ્યું છેઃ-

शब्दादिभिः पञ्चभिरेव पञ्चत्वमापुः स्वगुणेनबद्धाः
कुरङ्गमातङ्गपतङ्गमीनभृङ्गा नरः पञ्चभिराश्चितःकिम् ॥

અર્થ. પોતાના ગુણથી બંધાયલા, મૃગ, હાથી, પતંગિયો, માછલું અને ભ્રમર એ પાંચ પ્રાણીઓ શબ્દ આદિ પાંચ વિષયોમાં અનુક્રમે એક એક આસક્તિને લીધે મરણ પામે છે. ત્યારે એ પાંચે વિષયોમાં આસક્તિ ધરાવનારો મનુષ્ય દુઃખી થાય તેમાં શું કહેવું.

વૈરાગ્ય પ્રાપ્ત કરવાને વિષયોમાં દોષ દર્શન જોયા કરવું; ગીતામાં પણ ભગવાને એજ કહ્યું છેઃ-

इन्द्रियार्थेषु वैराग्यमनहंकार एवच ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥

અર્થ. ઇંદ્રિયોના વિષયોમાં વૈરાગ્ય રાખવો, અહંકાર કરવો નહિ. જન્મ મૃત્યુ જરા તથા વ્યાધિ વિષે વારંવાર દુઃખ તથા દોષ જોયા કરવા.

આ પ્રકારે વિષયોમાં દોષ દર્શનજોવાથી નિર્વેદ નામ વૈરાગ્ય ઉદય થાય છે અથવા તૃષ્ણાના વિષયોને એવી રીતે ભોગવી લેવા કે મન ભરાઇ જઇ ફરી તે વિષયો ભોગવવાની તૃષ્ણાજ રહે નહિ. આ બે રીતે વૈરાગ્ય ઉદય થઇ શકે છે. પરંતુ આવી રીતે ત્યાગ કરવાનો હેતુ સંસારમાં જે કર્ત્તવ્ય હોય તેનો ત્યાગ કરી, સ્ત્રી પૂત્રાદિને મૂકી, એકાન્ત અરણ્યમાં જઇને બેસવું એવો નથી. મનથી ત્યાગ ન થયો હોય તો બાહ્યત્યાગથી પતિત થવાનો સંભ-

મ છે અને ત્યાગનો જે હેતુ છે તે સચવાતો નથી. શ્રુતિ સ્મૃતિ આદિ ગ્રંથોમાં ત્યાગેજ કરી મોક્ષ થાય છે એવાં અનેક વચનો છે. પરંતુ ત્યાગનો અધિકાર નહિ છતાં તામસ્ વિરાગથી સંસારત્યાગ કરવાથી અનિષ્ટ થાય છે માટે સાધકને એજ ઇષ્ટ છે કે કર્ત્તવ્ય પરાયણ થઇ તૃષ્ણાનો ઉચ્છેદ કરતા જવું. કર્ત્તવ્ય શાને કહેવું વીગેરે પ્રશ્ન ઉઠવાનો સંભવ છે. પરંતુ શ્રેયઃસાધનાર અધિકારીને આત્માનાત્મવસ્તુવિવેક પ્રાપ્ત થયો છે તે વૈરાગ્યના દ્વાર ઉપર છે, તેથી તે સહજ જાણી શકશે કે અનાત્મ ઉપર જેનાથી તૃષ્ણા વધે એવું કોઈ કર્ત્તવ્ય તેને ઇષ્ટ નથી. સાધક અને સિદ્ધના કર્ત્તવ્યમાં મહાન્ અંતર છે. પોતે જે ભૂમિકામાં હોએ તે ભૂમિકામાં શાસ્ત્ર પ્રામાણ્યથી જે કર્ત્તવ્ય યથાર્થ ગણાતું હોય તેજ આચરવું. ગીતામાં ભગવાને અર્જુનને એજ ઉદેશથી કહ્યું છે કેઃ—

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥

અર્થઃ—માટે આ કરવા યોગ્ય છે અને આ કરવા યોગ્ય નથી, એને માટે તું શાસ્ત્રનું પ્રમાણ લેજે, અને શાસ્ત્રમાં કહેલું કર્મ જાણી અધિકાર પ્રમાણે કર્મ કરજે. વૈરાગ્યનું સુચિન્હ એજ છે કે કાંઈ પણ કરવાનું નહિ હોય અને એકાંતમાં નવરા બેસી રહેવાનું હોય છતાં સ્વરૂપાનંદનું સુખ અનુભવાય, કર્ત્તવ્ય કરતી વખતે તૃષ્ણાક્ષય કેમ કરવી તે અનુભવમાં આવે છે. અને આનંદ થાય છે. એજ રીતે એકાંતમાં સ્વરૂપાનંદના સુખનું ભાન સ્ફુર્યા વગર રહેતું નથી.

વિવેકથી આત્માથી અનાત્મા ઓળખવામાં આવ્યો, પરંતુ અંતઃકરણમાં અનેક જન્મથી પડેલી ક્ષુદ્ર વાસનાઓ, વારંવાર ઉદ્ભવ થઇ વૃત્તિને આત્માકાર રહેવા દેતી નથી. અને એવી વાસનાઓને અટકાવવાને અર્થે વૈરાગ્યનો અભ્યાસ છે. માટે સાધકે લક્ષમાં રાખવું કે અંતઃકરણ અનાત્માકાર થઇ વાસના વિસ્તાર

કરે નહિ. શાસ્ત્રમાં શુભ, અશુભ, દૈવી, આસુરી, એવી વિરોધી વાસનાઓ વિષે અનંત રીતે અભ્યાસીને શ્રેયોમાર્ગાનુસારી કરવા મહાત્માઓએ ભગીરથ પ્રયત્ન જન કલ્યાણાર્થે કરેલા છે. પ્રથમ શુભ વાસનાઓનો આશ્રય કરી, પછી તે શુભ વાસનાઓને પણ અભેદાનુભવરૂપી સાક્ષાત્કાર પામવા ત્યજવાની છે. વાસનાને એષણા પણ કહે છે. અને તે અનંત પ્રકારની મનુષ્યે મનુષ્યે ભિન્નભિન્ન હોય છે. શાસ્ત્રકારોએ સઘળી એષણાઓને પુત્ર, વિત્ત, અને લોક એ ત્રણમાં સમાસ કરેલો છે. અને ત્રણ એષણા રહિત બ્રાહ્મણને વિવિદિષા સન્યાસનોઅધિકાર છે. આ ત્રણ વાસના (એષણા) ઓમાં બલિષ્ટ લોકવાસના છે અને તે ત્યજવી મુશ્કેલ છે. માટે અત્ર તેનું કાંઇક સૂચન કરવું આવશ્યક છે. બાળક જન્મ પામી કાંઇકિ સમજણ આવીકે આ લોકરૂપી મહા રાક્ષસનું તેના ઉપર સામ્રાજ્ય બેસવા માંડે છે, અને તેના મગજ ઉપર જનસમૂહની નીતિના સૂત્રો સામાન્ય રીતે ઠસાવે છે. બાળકને યથેષ્ટાચરણી નહિ થવા એ બધી લોક વાસના અને વ્યવહારના બંધનો ઉપયોગી છે, પરંતુ રાજયોગના માર્ગ ઉપર જે સાધક ચઢયો છે, તે એવો અજ્ઞાન નથી કે તેને એવાં સામાન્ય સૂત્રો કામના છે. તેણે તો લોકવાસનાને દૂર કરી ત્યજી પોતાના લક્ષ્ય ઉપરથી કદાપિ ચલવું નહિ. અને લોક તેના સત્ય માર્ગથી ડગાવે નહિ એ ધ્યાનમાં રાખવું. શંકર ભગવાન્ વિવેકચૂડામણિમાં કહે છે કેઃ—

लोकानुवर्तनं त्यक्त्वा त्यक्त्वा देहानुवर्तनं ।
शास्त्रानुवर्तनं त्यक्त्वा स्वाध्यासापनयं कुरु ॥

અર્થઃ—લોકને અનુસરવાને, દેહને અનુસરવાને અને શાસ્ત્રને અનુસરવાને છોડી દઈ તું પોતાના અધ્યાસને દૂર કર.

આ ઉપરથી સાધકે એમ નહિ સમજવું કે જનસમૂહની સામાન્ય નીતિ રીતિ, કૃતિનો સંપૂર્ણ અનાદર કરી, મરજી આવે

તે પ્રમાણે વર્ત્તવું. જે સાધક વિવેકથી આત્માનાત્મ વસ્તુ ઓળખી શકયો છે, વૈરાગ્યથી અનાત્મ વસ્તુ ઉપર અનાદર થયો છે, અને જેનું લક્ષ પરમાનંદસ્વરૂપ બ્રહ્માત્મૈક્યના અપરોક્ષાનુભવ ઉપર છે, તેવા સાધકને લોક ઘણી વખત પોતાના લક્ષ્ય ઉપરથી પ્રચ્યુત કરી નાંખે છે. ભક્ત અને જ્ઞાની પુરૂષોના દૃષ્ટાંતો ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. ગુજરાતનો આદ્ય કવિ પરમ વિવેકી, જ્ઞાનીભક્ત જુનાગઢનો નરસિંહ મેહેતો જેનું નામ ગુજરાતી ભાષા જાણનાર સ્ત્રી પુરૂષોમાં અતિ પ્રસિદ્ધ છે, આ ભક્ત કવિના જીવનના ઇતિહાસરૂપે તેના સબંધના કાવ્યો જેવાં કે મામેરૂ, શ્રાદ્ધ, ઇત્યાદિ ગુજરાતમાં ઉત્તમ કુટુંબોમાં આદર પૂર્વક ગવાય છે. તેમજ નરસિંહ મેહેતાના પોતાના રચેલાં પદ પ્રભાતીઆં આદિ પણ તે મહા પુરૂષના, મહાન્ આત્મવિકાસના આદર્શરૂપે સર્વે ગુજરાતી ભાઇઓને સુવિદિત છે. બિચારા નરસિંહને લોકે કેટલો પજવ્યો હતો તે આ લેખો ઉપરથી બુદ્ધિમાન્ સાધક વિચારી લેશે.

ઉદેપુરની રાણી મીરાંબાઇનું દૃષ્ટાંત પણ સુપ્રસિદ્ધ છે. આવાં અનેક દૃષ્ટાંતો મહાત્મા પુરૂષોના જોવામાં આવે છે. સાધકે એ ઉપરથી વિચારવાનું એટલુંજ છે કે કોઇ પણ રીતે લોકને રીઝવવા લક્ષ નહિ આપતાં સ્વાત્મ નિશ્ચયને કદાપિ છોડવો નહિ. શાસ્ત્રમાં પણ નલ, રામ, યુધિષ્ઠિરાદિના દૃષ્ટાંતો વિદ્યમાન છે. ઇશ્વરાવતાર ભગવાન્ રામચંદ્રજીને લોકવાસનાનુસાર સતી સીતાજીને ક્ષુદ્ર ધોબીના વચનથી વનવાસ મોકલવાં પડયાં. અત્ર આવાં દૃષ્ટાંતોથી વિસ્તાર થવાના ભયથી, એ ઉપર અધિક વકતવ્ય ઉચિત નથી. સાધકને એક લક્ષ માત્ર કરાવવાનું તાત્પર્ય છે.

ત્યારે આ પ્રમાણે "લોક" સામાન્ય જનસમૂહમાં એક મહાન્ શક્તિરૂપે સામ્રાજ્ય ભોગવે છે. એ લોકને અનુકૂળ થવું મહાન્ વિકટ છે. માટે સાધકે પોતાના સ્વલક્ષ્ય ઉપરથી ખસવું નહિ આ જગતમાં મહા પુરૂષોના ચરિત્ર ઉપરથી જણાય છે કે

તેઓને લોકે અનેક તરેહથી કષ્ટ આપવામાં ખામી રાખી નથી. મહાત્મા ક્રાઇષ્ટ જેને પશ્ચિમની પ્રજા ઈશ્વરાવતાર તરીકે પૂજે છે; અને જે મહાપુરૂષે પશ્ચિમની જંગલી પ્રજાને, વર્ત્તમાન સમયમાં સુધારા વધારાના શિખર ઉપર મૂકી છે, તે મહા પુરૂષને ક્રોસ ઉપર લટકાવી દેહાંતશિક્ષા એ લોકરૂપી રાક્ષસે કરી છે તે ઇતિહાસથી જ્ઞાત છે. જે લોકે એક મહાપુરૂષને ફાંસી દીધી તે લોકે તે મહાપુરૂષને ઈશ્વરાવતાર માન્યો. એવો એ લોક અનિશ્ચિત છે. એને યથાર્થનિશ્ચય કર્યા વગર માની લેવાનીજ રીત પડેલી છે. સાધકે એ લોકવાસના ઉપર જરા પણ લક્ષ નહિ આપતાં પરમ પુરૂષાર્થ ઉપર દૃષ્ટિ રાખી વિરાગને પુષ્ટ કરવા યત્નવાન રહેવું.

આ જગ્યાએ અધિક વક્તવ્ય અપ્રાસંગિક છતાં મ્હારા અભ્યાસ ક્રમમાં જે જે નિશ્ચયો થયા છે તેનું કાંઇક વિવેચન સાધકને વૈરાગ્યભાવના દૃઢ કરાવવાના ઉદ્દેશથી નિરૂપયોગી નહિ ગણાય. આર્ય પ્રજાની સમષ્ટિ ધર્મભાવના, વેદ, ઉપનિષદો, પુરાણો, મહાભારતાદિ ગ્રંથોમાં સુપ્રસિદ્ધ છે. અને એ ભાવનાને વ્યવહાર કોટીમાં મુકનારા મહાન્ આચાર્યો વ્યાસ, વશિષ્ટ, યાજ્ઞવલ્કયાદિ પ્રાચીન સમયમાં થઈ ગયા છે. વર્ત્તમાન સમયમાં એ ભાવનાને સજીવન કરનારામાં વરિષ્ટ શંકરાચાર્ય તથા એમના ગુરૂ ગોવિંદપાદાચાર્ય અને ગોવિંદાચાર્યના ગુરૂ ગૌડપાદાચાર્યાદિ મહાત્માઓ થઇ ગયા છે. એ મહાત્માઓના તત્ત્વ સંબંધીના લેખો અતિગંભીર અને મહાન્ વિચારથી ભરપૂર છે. આ લેખોમાં વૈરાગ્યભાવનાને ઘણું પ્રાધાન્ય આપેલું છે, અનાદિ કાળથી વેદમાં પ્રવૃત્તિ અને અને નિવૃત્તિ ઉભયે ધર્મનો વિભાગ કરેલો છે. અને બંને ધર્મભાવનાના ભિન્નભિન્ન અધિકારી છે એમ પણ સ્પષ્ટ જણાવેલું છે. અને પ્રવૃત્તિધર્મ નિવૃત્તિધર્મનું પરમસત્ય સમજવા અર્થેજ છે, એમ પણ યુક્તિથી પ્રતિપાદન કરેલું છે. આટલા વિવેચનથી ત્યારે સમજાયું કે નિવૃત્તિ ધર્મજ મુખ્ય છે. પરંતુ તેમાં સમાયલું પરમ રહસ્ય સમજવા જેટલો બુદ્ધિવિકાસ પ્રા-

ન્ત નહિ થયો હોય, ત્યાં સુધી પ્રવૃત્તિધર્મને અનુસરવો. તે એવી રીતે કે સમષ્ટિ (ઈશ્વર) ને સકળ અર્પણ કરી જે કરવું તે કરવું. એટલે સકળ પ્રવૃત્તિ પરાર્થેજ થઈ અને તેથી "મારે માટે કાંઇજ નહિ" એવી ભાવના ઉદય થતાં વૈરાગ્ય આવી રહ્યું. આ ઉપરથી સિદ્ધ થયું કે વૈરાગ્ય ઉત્પન્ન થવું એજ પરમપુરૂષાર્થ પ્રાપ્ત કરવાનું સુચિન્હ છે. આ જગતૂના જે જે ધર્મો પ્રચલિત છે, તે દરેક ધર્મ વૈરાગ્યને અતિ આવશ્યક ગણે છે. બૌદ્ધ, જૈન એ બે ધર્મોમાં તો વૈરાગ્ય એજ પરમ પુરૂષાર્થનું દ્વાર છે એમ માનેલું છે. ઇસ્લામ ધર્મમાં પણ ફકિરી છે. ક્રિશ્ચિયન ધર્મના પ્રાચીન સ્વરૂપમાં એકલા રોમનકેથોલિકપંથમાં ત્યાગ ઘણોજ હતો. અને સેન્ટપૉલનું ચારિત્ર બાઈબલમાં પ્રસિદ્ધ છે. આ ઉપરથી સાધકને સમજાયું કે વૈરાગ્ય એજ આત્મ કલ્યાણનું સાધન છે. વૈરાગ્ય દૃશ્યપદાર્થો ઉપરજ હોવો જોઇએ, પરંતુ દૃશ્યનો પ્રકાશક, જે ભાવનામય પ્રદેશ, જેને આપણે બ્રહ્માત્મા, અદ્વૈતાત્મા, ચૈતન્યમાત્ર, પરમજ્યોતિઃ સ્વરૂપે ઓળખવો છે, તેના ઉપર પરમ પ્રેમ હોવો જોઇએ. અનાત્મા ઉપર વૈરાગ્ય થઈ આત્મા ઉપર પ્રેમ નહિ ઉદય થાય તો તે વૈરાગ્ય અનિષ્ટનેજ કરશે, માટે સાધકે લક્ષમાં રાખવું. અનાત્મા ઉપરથી જેટલે દરજ્જે આસક્તિ ઉડવા માંડે, તેટલે દરજ્જે આત્મા ઉપર પ્રેમ થવો જોઇએ. એમ નહિ થાયતો એકે પુરૂષાર્થ સિદ્ધ થશે નહિ. ઘણા તરૂણ વિદ્વાનો ગુરૂ સંપ્રદાય વિના પોતાની મેળે, અદ્વૈતતત્વજ્ઞાનનો અભ્યાસ કરવા માંડી ખરૂ રહસ્ય નહિ સમજાયાથી પરાસ્ત થઇ, અદ્વૈતને કલંક લગાડતા જોવામાં આવે છે. ગુરૂ વિના જ્ઞાન નહિ એવી લોકોક્તિ સર્વને વિદિત છે. અને શાસ્ત્ર પણ પોકારીને કહેછે કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા ગુરૂની આવશ્યકતા છે. પરંતુ પાશ્ચાત્ય સંસર્ગોમાં ઉછરેલા ઘણા યુવકો વિદ્વત્તાના અભિમાનમાં ગુરૂ કરવા શરમાય છે. અને પોતાના હૃદયની પૂજા પોતાનેજ અર્પે છે. એથી પુરૂષાર્થથી ભ્રષ્ટ થઇ, પાશ્ચાત્ય તેમજ અત્રત્ય બંનેથી વિમુખ રહેછે.

અને પોતે દુ:ખી થઇ પોતાની ઉછરતી પ્રજાને પણ દુ:ખી મુ-
કી જાય છે.

મહાત્મા બૌદ્ધે જે પરમ સત્ય જગતને સમજાવ્યું છે તે વૈરાગ્ય ભાવનાજ છે. અને એ ભાવનાએ વર્તમાનમાં જે પરમ પુરૂષાર્થ સકલ જગતને બતાવી આપ્યું છે તે દૃષ્ટિગોચરજ છે. એક ખૂણામાં પડેલી જાપાનની નાનકડી પ્રજા જેના અસ્તિત્વ સંબંધે પણ આજથી પચાશ વર્ષ ઉપર આર્યાવર્ત્તમાં ઘણા લોકો જાણીતા નહોતા, તે પ્રજાએ જે પરાક્રમ બતાવ્યું છે તે તેના મહાન્ આચાર્યના ઉપદેશનેજ અધીન છે. આ પૃથ્વીની વસ્તીનો પોણો ભાગ બૌદ્ધ ધર્મ માને છે. અને એજ એ ધર્મનું મહાન્ બળ બતાવે છે. યુરોપમાં પણ બૌદ્ધ ધર્મના સત્યોનું ગ્રહણ થતું ચાલ્યું છે. અને અમેરિકામાં પણ એ ધર્મની મહત્તા વધતી ચાલી છે. અને સમય અનુકૂળ આવે આર્યાવર્ત્તમાં પણ એ ધર્મ-ના સત્યોનું ગ્રહણ થઇ પ્રચાર થાય તો કાંઇ આશ્ચર્ય નથી. આ શરીર મારૂં નથી અને બાહ્ય જગત્ મિથ્યા છે તેથી ગુમાવવાનું શું રહ્યું. ત્યારે આ જીવન પરાર્થેજ ગાળવું એવો નિશ્ચય થતાં પ્રજામાં ઐક્ય, સાહસ, પરાક્રમ સહજેજ ઉદ્દ્ભવે એમાં કાંઇજ આશ્ચર્ય નથી. અને તે જાપાનની પ્રજાએ આ જગતની બીજી મહાન્ પ્રજાઓને પ્રત્યક્ષ બતાવી આપ્યું. અતિ પ્રસંગ થયો પ-રંતુ સાધકને વૈરાગ્ય ભાવના સુદૃઢ કરવા આવશ્યક સમજી આટલો વિસ્તાર થયો તે ઉપર સુજ્ઞ વિવેકી જનો દુર્લક્ષ્ય કરશે.

આ પ્રમાણે "લોક" સાધકને તેના નિશ્ચય ઉપરથી ભ્રમિત નહિ કરે તેને માટે વિવેક દર્શાવ્યો. પરંતુ એ વિષય ઉપર ઘણા સૂક્ષ્મ વિચારો દર્શાવી શકાય છતાં વિસ્તાર ભયથી અત્ર દિગ્દર્શન માત્ર કરાવ્યું છે. સાધકે કોઇથી પણ ભય નહિ પામવું, અને પોતાના સ્વનિશ્ચય ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખી અભ્યાસમાં નિરત રહેવું. અંત:કરણની વૃત્તિનો નિરોધ સૂક્ષ્મદર્શી પુરૂષોથીજ થઇ શકે,

સ્થૂળદર્શી પુરૂષો અનેક રાગદ્વેષની હાડમારીમાં ભૌતિક ઉન્નતિ શોધવામાંજ પરિતૃપ્તિ માને છે તેઓથી આ રાજયોગનો સૂક્ષ્મ માર્ગ નહિ ગ્રહણ થાય એ કાંઇ આશ્ચર્ય નથી. તેવા જનોએ પોતે જે સ્થાનમાં હોય તે સ્થાનમાં રહી જે ઉત્તમ નીતિ તે તે સ્થાનની બનાતી હોય તેને અનુસરી કાયિક, વાચિક, માનસિક ઐક્યતા રાખવી એજ શ્રેય:કારી છે. પાશ્ચાત્ય કેળવણીએ આપણને સ્થૂળદર્શી બનાવ્યા છે. અને ગજા ઉપરાંત ખર્ચ કરવાની તથા ટાપટીપ સાચવવાની અનિષ્ટ રીતિઓ આપણા ગ્રહ સંસારમાં એવીતો ઘર કરી બેઠી છે કે સૂક્ષ્મદર્શી પુરૂષો એવી બાબતો સાંભળી શોક ગ્રસ્ત થાય છે. આસુરી સંપત્તિ એટલી તો વધી ગઇ છે કે આપણા ઉધરતા યુવકો પોતાનું સ્વત્ત્વ શેમાં છે તે સમજ્યા વગર અનેક રાજદ્વારી તથા સંસારી બાબતોની ખટપટમાં જોડાઈ ભ્રષ્ટાચાર કરે છે. અને હવે પછીની ઉધરતી પ્રજાને તે ભ્રષ્ટાચારનો વારસો આપી જવાનો દાખલો બેસાડે છે. આ લેખનો હેતુ, વૈરાગ્યભાવના શીખવી અરણ્યમાં મોકલવાનો નથી એમ સાધકે નિશ્ચય પૂર્વક સમજી લેખનો ગંભીર આશય સમજવા યત્નવાન થવું. સોક્રેટીસ જેવા ગ્રીકતત્ત્વવેત્તાએ કહ્યું છે કે (Know thyself) તું તને પોતાને ઓળખ એજ રીતે આ લેખનો આશય સ્વસ્વરૂપનું જ્ઞાન કેમ સંપાદન કરવું એ શીખવવા જે સાધનસંપત્તિ જોઇએ તે શીખવી પુરૂષાર્થ પ્રાપ્ત કરાવવાનો છે. અને પરમ પુરૂષાર્થ સિદ્ધ થતાં ઐહિકઉન્નત્તિ સહજ સિદ્ધ થશે. એમ સાધકે નિ:શંક માનવું. સાધકે પ્રયત્નથી અંત:કરણ શુદ્ધ કર્યું કે તેને સહજ અનુભવમાં આવશે કે ઐહિક ઉન્નત્તિ સહજમાં સિદ્ધ થઇ શકે છે. ચિત્તની એકાગ્રતા સંપાદન થઇ કે મહાન્ કાર્ય કરવા તમે શક્તિમાન થશો. સર્વેને અનુભવ ગમ્ય છે કે ચિત્ત સ્થિર હોય તો જે કામ કરવામાં આવે તે યથાસ્થિત અને સારી રીતે થઇ શકે. અને વખત પણ થોડો જોઇએ. આજ કાલ જ્યાં જોઇએ ત્યાં અનેક મિથ્યા વાગ્વૈખરીનું પ્રાધાન્ય જો-

વામાં આવે એ ઘણુંજ શોચનીય છે. કશું માનવુંજ નહિ, પોતાની બુદ્ધિ કબુલ કરે તેજ માનવું, જે જે પ્રાચીન છે તે વેહેમ છે; અને તેથી હાલની ઉછરતી પ્રજામાં પ્રાચીનતાના વિશ્વાસના અભાવે કોઇ પણ શુભ પ્રવૃત્તિ જણાતી નથી, સુજ્ઞ વિવેકી પુરૂષો આ સ્થિતિ જોઇ ખેદ યુક્ત થાય છે. યુવકોને સત્ય માર્ગ ઉપર લાવવા મહાત્મા પુરૂષોના યત્ન જારી છે. પરંતુ બુદ્ધિની સ્થૂળતાને લીધે તેમના કલ્યાણકારી ઉપદેશો ગ્રહણ નહિ થવાને લીધે કાંઇ સારો પરિણામ આવતો નથી. છતાં મહાત્મા જનોએ પોતાનું કાંઇજ રાખેલું હોતું નથી. સઘળું પરાર્થને માટેજ છે. એવો નિશ્ચય હોવાથી બનતું કરવા તેઓ ચુકતા નથી. એ તો જાણીતુંજ છે કે બાળકને જ્યારે આંક ભણાવવામાં આવે છે ત્યારે તેઓ ગોખી રાખે છે, પણ તે આંક એટલે શું તેતો પાકી બુદ્ધિ થાય ત્યારે સમજે છે. જેટલો જેટલો બુદ્ધિનો વિકાસ થાય છે તે પ્રમાણે સત્યનું ગ્રહણ થઇ શકે છે. પરંતુ એક વ્યક્તિની બુદ્ધિએ અમુક સત્ય ગ્રહણ નહિ કર્યું તેથી તે સત્ય કોઇ દિવસ અસત્ય થઇ શકશે? કોઇ દિવસ નહિ. જે સત્ય છે તે ત્રિકાળે સત્યજ રહેશે અને કાળ અતિ બળવત્ છે તે તેનું યથાયોગ્ય સમયે કામ કર્યે જાય છે પરંતુ બુદ્ધિમાન પુરૂષોએ વર્તમાનનો સદુપયોગ કરવો જોઇએ એવો સર્વમાન્ય ન્યાય છે.

ઘણા જનોને પોતા સિવાય અન્યની વાતો કરી કુથલી કરી કાળવ્યય કરવાની ઘણી અનિષ્ટ અને કલેશકારી ટેવ પડેલી જોવામાં આવે છે. બે ચાર ભેગા મળ્યા કે ગામના, દેશના, અનેક સ્ત્રીપુરૂષોની વાતો કરી ફોકટ વખત ગુમાવવાની હાનીકારક ટેવ પડી હોય છે. સાધકે પૂર્ણ લક્ષ રાખી આવી વાતો કરવામાં જોડાવું નહિ. આવી વાતોના ગપાટા મારવાથી આત્મિકબળ (ઓજ) નો વ્યય થાય છે અને સાધકને એ ઓજનું યોગ્ય રક્ષણ થાય એમ કરવું ઘણુંજ આવશ્યક છે, કેમકે અનિત્ય વસ્તુઓમાં ચિત્ત રાખવાથી તેવી વસ્તુઓમાં સ્નેહ બંધાઈ લેશમાત્ર

મો ભંગ કરે છે. આ પ્રમાણે સાધકના લક્ષમાં આવ્યું હશે કે વૈરાગ્યજ પરમ પુરૂષાર્થ પ્રાપ્ત કરવાનું સાધન છે. એ વૈરાગ્યના શાસ્ત્રોકારોએ બીજી રીતે બે ભાગ માનેલા છે. પર અને અપર. અપર વૈરાગ્યના પણ ચાર ભાગ કરેલા છે. યતમાન, વ્યતિરેક, એકેંદ્રિય, અને વશીકાર. આ સંસારમાં સાર વસ્તુ શું છે, અસાર શું છે, એમ જાણવું તેને યતમાન વૈરાગ્ય કહે છે. અંતઃકરણમાં રાગદ્વેષઆદિ અનેક દ્વંદ્વો છે તેમાંથી અમુક રાગદ્વેષ ક્ષીણ થયા છે, અમુક વિદ્યમાન છે તે વિદ્યમાન દોષોને ટાળવાનો પ્રયત્ન વ્યતિરેક વૈરાગ્ય કહેવાય છે. મનમાં અનેક દુષ્ટ કામનાઓ ભરેલી છતાં ઇંદ્રિયો મનને તાબે નહિ થતાં પાછી વળી જાય અને તેથી મન સ્વતઃ શાંત પડી જાય આવી મનની સ્થિતિને એકેંદ્રિય વૈરાગ્ય કહે છે. મહાત્માઓ ઘણીવાર બોધ કરે છે કે મન જાય તો જવાદે પણ તનને નહિ જવાદે આવી યુક્તિનો આ એકેંદ્રિય વૈરાગ્યમાંજ સમાસ છે. વશીકાર વૈરાગ્યનું સ્વરૂપ પ્રથમે આપેલુંજ છે. દૃષ્ટ અને આનુશ્રવિક વિષયો ઉપર અત્યંત અરૂચિ ઉત્પન્ન થાય તે વશીકાર વૈરાગ્ય કહેવાય છે. એ વશીકાર વૈરાગ્ય પુનઃ ત્રણ પ્રકારનો માનેલો છે. મંદ, તીવ્ર, તીવ્રતર. પુત્ર, સ્ત્રી, ધન ઇત્યાદિ પ્રિય પદાર્થોના વિયોગથી આ સંસારને ધિક્કાર છે આવી બુદ્ધિથી જે તે વિષયોને ત્યાગ કરવાની ઇચ્છા છે તેને મંદ વશીકાર વૈરાગ્ય કહે છે. આ જન્મ વિષે સ્ત્રી, ધન, પુત્ર, ઇત્યાદિ મને પ્રાપ્ત નહી થાઓ એવી સ્થિર બુદ્ધિ કરીને જે તે વિષયોને ત્યાગ કરવાની ઇચ્છા છે તેનું નામ તીવ્ર વશીકાર વૈરાગ્ય છે. આ લોકથી માંડી બ્રહ્મલોક પર્યંતના સઘળા લોક પુનરાવૃત્તિએ કરીને યુક્ત છે. તે સર્વ લોક મને નહિ પ્રાપ્ત થાઓ, એવી સ્થિર બુદ્ધિ કરીને તે સર્વ વિષયોને પરિત્યાગ કરવાની ઇચ્છા છે તેને તીવ્રતર વૈરાગ્ય કહે છે. શાસ્ત્રમાં મંદ વૈરાગ્યવાન પુરૂષોને સંસાર ત્યાગ કરવાનો અધિકાર નથી, એમ કહ્યું છે. તીવ્ર વૈરાગ્યવાન પુરૂષને કુટીચક, બહૂદક એ બે જાતના સંન્યાસ લેવાનો અધિકાર

છે. જે પુરૂષનું શરીર તીર્થયાત્રા કરવાને અશક્ત હોય તે કુટી-ચક સંન્યાસ ધારણ કરે; અને જેનું શરીર શક્ત હોય તે બહુદ-ક સંન્યાસ કરે છે. તીવ્રતર વૈરાગ્યવાન પુરૂષને હંસ સંન્યાસ કર-વાનો અધિકાર છે. આ સર્વ સ્મૃતિયુક્ત સંન્યાસ કહેવાય છે. અને એનું વર્ણન મનુ, પારાશરાદિ ધર્મ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

સર્વથી ઉત્કટ વૈરાગ્યને પર વૈરાગ્ય કહે છે. તેનું સ્વરૂપ પ્ર-થમે આપ્યું છે આવા વૈરાગ્યવાન પુરૂષનેજ પરમહંસસન્ન્યાસ કરવાનો અધિકાર છે. વૈરાગ્યરહિત પુરૂષ સન્ન્યાસ કરે તો પતિ-ત થાય છે. સ્મૃતિવચન છે કેઃ–

यदा मनसि वैराग्यं जायते सर्ववस्तुषु ।
तदैव संन्यसेद्विद्वानन्यथा पतितोभवेत् ॥

અર્થઃ–જે સમયને વિષે પુરૂષના મનને વિષે સર્વ વસ્તુ વિ-ષયક વૈરાગ્ય ઉત્પન્ન થાય તે સમયને વિષેજ આ વિવેકી પુરૂષે સંન્યાસ કરવો. નહિતો પતિત થાય છે. આવો વૈરાગ્યવાન પુરૂષજ પરમહંસસંન્યાસ કરવાને અધિકારી છે. એ પરમહંસસંન્યાસ પણ વિવિદિષા સંન્યાસ, વિદ્વત્સંન્યાસ એ રીતે બે પ્રકારનો છે. જ્ઞાન પ્રાપ્ત કરવાને જે સંન્યાસ કર્યો હોય તે વિવિદિષા સંન્યાસ કહેવાય છે. અને જ્ઞાન પ્રાપ્તિ થયા પછી જીવન્ મુક્તના આનંદને માટે જે સંન્યાસ કરવામાં આવે તેને વિદ્વત્સંન્યાસ ક-હે છે. વિવિદિષા સંન્યાસને વિષે બ્રાહ્મણનેજ અધિકાર છે. વિદ્વ-ત્સંન્યાસને વિષે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એ ત્રિવર્ણને અધિકારછે. શૂદ્રને ભગવદ્ભક્તિ અને તત્ત્વજ્ઞાનને વિષે અધિકાર છે. પણ સં-ન્યાસ કરવાનો અધિકાર નથી. એવું શાસ્ત્ર તથા આચાર્યોનું મત છે. એ વિષયે અનેક મત મતાંતર છે પરંતુ અત્ર સૂક્ષ્મ વિવેકજ દર્શાવ્યો છે જેમને અધિક જાણવાની ઇચ્છા હોય તેઓએ શાસ્ત્ર-તત્ત્વજ્ઞ પુરૂષોથી જાણવું.

હવે વૈરાગ્યના સાધન, સ્વરૂપ, ફળ તથા પૂર્ણતાના અવધિ

વિષયે ટુંકમાં વિવેચન કરી સમાપ્ત કરીએ. આ લોક તથા પરલોકના વિષયો વિષે અનિત્યતાદિક દોષોની જે દૃષ્ટિ છે તે દોષ દૃષ્ટિ તો વૈરાગ્યનું સાધન છે. અને આ લોક તથા પરલોકના વિષયોને ત્યાગ કરવાની જે ઇચ્છા છે તે વૈરાગ્યનું સ્વરૂપ છે. અને વિના પ્રયત્ને પ્રાપ્ત થયેલા ભોગો વિષે જે ચિત્તની અદીનતા છે તે વૈરાગ્યનું ફળ છે. અને સર્વ લોકથી ઉત્કૃષ્ટ જે બ્રહ્મ લોક છે તેને પણ તૃણની પેઠે તુચ્છ જાણવો એ વૈરાગ્યની પૂર્ણતાનો અવધિ છે.

આ પ્રમાણે વૈરાગ્યના સાધન, સ્વરૂપ, ફળ તથા પૂર્ણતાના અવધિ વિષે શાસ્ત્રતત્ત્વજ્ઞપુરૂષોના અભિપ્રાયાનુસાર વિવેક કર્યો તે ઉપરથી સાધકે ધ્યાન રાખવું કે વૈરાગ્ય અભાવપર્યવસાયી થવો નહિ જોઇએ પરંતુ જેટલી જેટલી અનાત્મ વસ્તુઓ ઉપરથી અરૂચિ થઇ તેટલી તેટલી સત્ય વસ્તુ (આત્મતત્ત્વ) ઉપર રૂચિ ઉત્પન્ન થવી જોઇએ. સાધકે હમેશાં પોતાના અંતઃકરણની સ્થિતિનો વિચાર કરી સમતા સાચવવાની છે. જેટલી અનાત્મા ઉપરથી પ્રીતિ ઓછી થઇ તેટલી આત્મા ઉપર પ્રીતિ નહિ થાય તો તે વૈરાગ્ય પૂર્ણતાને સ્થાને શૂન્યતા કરશે. અને પુરૂષાર્થ સિદ્ધ થવાનો નથી. વૈરાગ્યવાન પુરૂષો ઘણા આર્દ્ર હૃદયના થવા જોઇએ "કશું મારૂં નથી" એવા વૈરાગ્યની સાથે સર્વ જગતમાં જે જે ચૈતન્ય વિલસી રહ્યું છે તે મારા આત્મામાં રહેલા ચૈતન્યાંશનું વિવર્ત્તજ છે. એવી પૂર્ણતાનો અનુભવ આવવો જોઇએ. વૈરાગ્ય એજ ખરો પ્રેમ છે. ખરા વૈરાગ્યવાન પુરૂષોના હૃદય એવાં કોમળ અને વિસ્તારવાળાં થયલાં હોય છે કે આખું જગત્ તેનું એક કુટુંબ છે. મહાત્મા શંકરાચાર્યની એ વિષયેની યુક્તિ છે કે

संपूर्णजगदेव नन्दनवनं सर्वेऽपि कल्पद्रुमाः

અર્થ.–સઘળું જગત્ સ્વર્ગના નંદનવન જેવું છે અને સર્વે કલ્પદ્રુમ છે.

આવી પૂર્ણતા સંપાદન કરવાને અર્થે વૈરાગ્યભાવના કેટલી

આવશ્યક છે. એ સાધકના લક્ષમાં હવે સંપૂર્ણ આવ્યું. આપણી વર્ત્તમાન સ્થિતિ આવી ભાવનાના અજ્ઞાને કેવી થઈ પડી છે તે પણ સાધકને સમજાયું. ત્યારે આપણા આર્યાવર્ત્તમાં પ્રાચીન સમયથી ચાલતી આવેલી તત્ત્વભાવના જેને અદ્વૈત તત્ત્વજ્ઞાન અથવા વેદાંત વિચાર કહીએ છીએ તે પ્રાપ્ત કરવી એજ તમારૂં લક્ષ્ય હોય તો તેને સંપાદન કરવા વૈરાગ્યજ મુખ્ય સાધન છે અને વૈરાગ્ય એ સહજ વસ્તુસ્થિતિ છે. તમને એક વિષયભોગ પ્રાપ્ત થયો કે એક ક્ષણ તમને તે વિષયથી સુખ થયું એમ માની લોછો. પણ જો તે વિષય સુખરૂપ હોય તો, તેનો તે વિષય તમારી પાસે હાજર હોય છતાં તમને બીજી વખત તેજ વિષય ઉપર એવી અરૂચી થાય છે, કે તે વિષય છોડી, બીજો મેળવવા તમે યત્ન કરવા માંડો છો. એવી રીતે અનેક વિષયો સંપાદન થયા છતાં એકે ઉપર નિરંતર પ્રીતિ રહેતી નથી, એ અનુભવ ઉપરથી સિદ્ધ થાય છે; અને તેથી વિષયમાં સુખ અથવા આનંદ નથી. પરંતુ તમે જેને અનુકૂળ માનો તે વિષય સુખરૂપ, પ્રતિકૂળ માનો, તે દુઃખરૂપ; અને તેથી સુખનું સ્થાન તમે પોતે છો. અને તમારા આત્મામાંથી એ સુખનો ઝરો વહે છે. અને તેથીજ વિષયો ઉપર વૈરાગ્ય કર્યા સીવાય મુખ્ય સુખ પ્રાપ્ત થતું નથી. આ વેદાંત તત્ત્વજ્ઞાન, ભાવના અથવા વિચાર ગમ્યજ છે. અને એ ભાવના સંપાદન કરવાને જે આંતર્ વિકાસ જોઇએ તે થયો નહિ હોયતો તેવાઓને એ ભાવનાની સત્યતા નહિ સમજાયતો તેવાઓએ એ ભાવના વિરૂદ્ધ બોલવું એ કેટલું અસત્ય છે, એ સહજ સમજાય એવું છે. હવે વિવેકથી સાધકને વૈરાગ્યભાવના ઉદય થઈ છે. પરંતુ પૂર્વ પૂર્વ સંસ્કારદ્વારા ઉત્તર ઉત્તર સંસ્કાર બંધાઇ અંતઃકરણમાં રહેલી અજ્ઞાનની વિક્ષેપ શક્તિને લીધે વૈરાગ્ય ભાવના દ્રઢ રહેતી નથી, અને તેથી એ ભાવનાને સુદ્રઢ કરવાને માટે હવે આપણે રાજયોગના તૃતીય સાધન શમાદિષટ્ સંપત્તિનું વર્ણન કરીએ.

शमादि षट्संपत्ति

શમ, દમ, શ્રદ્ધા, સમાધાન, ઉપરતિ, અને તિતિક્ષા એ છ મળી એકજ સાધન માનવામાં આવે છે. શમ, એટલે મનોનિગ્રહ, દમ, એટલે ઈંદ્રિય નિગ્રહ. ગુરૂ શાસ્ત્રના વચન સત્ય છે એ શ્રદ્ધા, અદ્વૈત બ્રહ્મ વસ્તુનુજ ચિત્તને વિષે સ્થાપન એ સમાધાન. અને એ સમાધાને કરી ચિત્તનું બાહ્ય વસ્તુને વિષે નહિ જવું તે ઉપરતિ. અને સઘળાં દુઃખોને આદર પૂર્વક સહન કરવાની શક્તિ એ તિતિક્ષા, એવાં સંક્ષેપથી આ ષટ્ સંપત્તિના લક્ષણો છે.

વિવેકોદયથી આત્મ વસ્તુનું પરોક્ષ જ્ઞાન પામેલું અંતઃકરણ (મન) અને વૈરાગ્યથી હૃદયનો વિસ્તાર પામી સંકોચતા તથા કૃપણતાનો પરિત્યાગ કરી આત્મભાવના ઉપર જવા પ્રયત્ન કરતાં અંતઃકરણને સાધન સંપત્તિના તૃતીય સાધન શમાદિનો અભ્યાસ કરી વૃત્તિ નિરોધ કરી એકાગ્રતા સંપાદન કરવી એજ મુખ્ય કર્ત્તવ્ય છે. આ એકાગ્રતામાં ભંગ કરનાર અનાદિ વાસનાના સંસ્કારોજ છે. એને અજ્ઞાનની વિક્ષેપ શક્તિ શાસ્ત્રકારો કહે છે. અનેક જન્મના કર્મોના સંસ્કારોથી અંતઃકરણમાં એ સંસ્કારો એવાતો દૃઢ થયા છે કે, ગમે તેવા વિવેકી પુરૂષોને પણ અણજાણે પોતાના દૃઢ નિશ્ચય ઉપરથી પ્રચ્યુત કરી પરાસ્ત કરી નાખે છે. વિવેક વિરાગથી એ સંસ્કારો પરિપકવ થવા આવ્યા છે. અને તેથી વૃત્તિ નિરોધ વખતે સાધકને એવા સંસ્કારો એકી વખતે ઉદય પામી આખા જન્મારાનુ કષ્ટ જાણે આવી પડયું હોય તેમ પોતાના નિશ્ચય ઉપરથી ડગાવી મુકે છે. અને તેથી સાધકનું જે આત્મભાવના ઉપર મન વળ્યું છે, તે ઉપર દૃઢ કરવાને અર્થે શમાદિષટ્ સંપત્તિનો અભ્યાસ અપેક્ષિત છે. સંપત્તિનો અર્થ ભાવના થાય છે. સંપત્તિ એટલે ધન, સમૃદ્ધિ આદિ વ્યવહારમાં કહેવાય છે તે પણ એક ભાવનાજ છે.

અનેક વસ્તુ વિચારાદિથી સાધકની ઇંદ્રિયો તથા મન લોભાઇને તે તે વસ્તુ વિચારાદિને વશ થાય છે. પણ સાધકે તે તે વસ્તુ વિચારાદિના સ્થૂલાંશને ત્યજી, તેના અધિષ્ઠાનને ઓળખી; તેમાં પોતાના આત્માની એકતા છે, એમ અનુભવી અભેદાનુભવના નિર્વિકલ્પાનંદની મોજ લેવી. આ મહાદશાતો જ્ઞાનીઓની છે. તેઓની દ્રષ્ટિતો કોઇ વિચિત્ર રીતે ખીલી રહી સર્વત્ર એ સાક્ષાત્કારના આનંદમાંજ નિમગ્ન રહે છે આ સબંધે અધિક ગુરૂ ગમ્ય છે.

વિવેક યુક્ત થએલું મન વૈરાગ્ય ભાવનાથી શુદ્ધ થઇ વાસના રહિત થયું છે. પરંતુ અનાદિ કાળના સંસ્કારોને વશ થઇ, મન વારંવાર વિષયાકાર થયા કરે છે. એ મનની વિષયાકાર સ્થિતિ અટકાવવા શમનો અભ્યાસ છે.

શંકર ભગવાને વિવેક ચૂડામણિમાં શમનું લક્ષણ આ પ્રમાણે આપ્યું છે.

स्वलक्ष्ये नियतावस्था मनसः शमउच्यते ।

અર્થ,-મનની પોતાના લક્ષ્યમાં નિયમિત સ્થિતિ થાય તેને શમ કહે છે.

અપરોક્ષાનુભૂતિમાં આ પ્રમાણે આપ્યું છે.

सदैव वासनात्यागः शमोयमिति शब्दितः

અર્થઃ-નિરંતર વાસનાના ત્યાગને શમ કહે છે.

આ શમનો અભ્યાસ નિરંતર પ્રાતઃકાલમાં ઉઠી સાધકે કરવાથી મનનો વિક્ષેપ મટી રાગદ્વેષ ક્ષીણ થઇ જશે. જે અભ્યાસીઓએ શમથી વૃત્તિ નિરોધ કર્યો છે, તેઓને કોઈ પણ પદાર્થ ઉપર અતિશય રાગદ્વેષ રહેતા નથી. અને નિરંતર ચિત્તની શાન્તિ અનુભવમાં આવે છે.

શમને પુષ્ટ કરવાને અર્થે દમ એટલે ઇંદ્રિયનિરોધ છે, શ-

મ આંતર્ ઇંદ્રિયનિરોધ છે. દમ બાહ્યેંદ્રિય-નિરોધ છે શમનો અભ્યાસ રાખ્યા છતાં ઇંદ્રિયો બળવાન હોયતો વાયુ જેમ નાવને ઘસડી જાય છે તેમ સાધકને પોતાના લક્ષ્ય ઉપરથી ભમાવી મુકે છે. માટે શમના અભ્યાસ સાથે દમનો અભ્યાસ અવશ્ય અપેક્ષિત છે.

શંકર ભગવાને દમનું લક્ષણ નીચે પ્રમાણે આપ્યું છે.

विषयेभ्यः परावृत्य स्थापनं स्वस्वगोलके।
उभयेषामिन्द्रियाणां स दमः परिकीर्तितः॥

અર્થ.—જ્ઞાનેંદ્રિય તથા કર્મેંદ્રિયને વિષયોથી પાછી વાળીને પોતપોતાના ગોલકોમાંજ રાખવી એ દમ કહેવાય છે.

અપરોક્ષાનુભૂતિમાં નીચે પ્રમાણે :લક્ષણ કર્યું છે.

निग्रहो बाह्यवृत्तीनां दम इत्यभिधीयते

અર્થ.—બાહ્ય ઇંદ્રિયોના નિગ્રહને દમ કહે છે.

સાધકે યાદ રાખવું કે ઇંદ્રિયોને જેમ જેમ તેના વિષયોમાં અભિરત થવા દેશો તેમ તેમ તે વધારે પ્રબળ થતી જશે. જેમ કાષ્ટમાં ઘૃત હોમવાથી વધારે પ્રદીપ્ત થાય છે તેમ ઇંદ્રિયોને તેના વિષયોમાં જોડી રાખવાથી તે વધારે બળવાન થતી જાય છે. અને કોઈ દિવસ તેઓ વશ થશે નહિ. ઇંદ્રિયોના સ્થૂલ ભોગોમાં પરિતૃપ્તિ ઇચ્છનારાઓને આ રાજયોગનો સૂક્ષ્મ માર્ગ કદાપિ પણ અનુભવમાં આવી શકવાનો નથી. આહાર, નિંદ્રા, ભય, મૈથુન વીગેરે ઇંદ્રિય વ્યાપાર સર્વ પ્રાણીમાત્રને સાધારણ છે મનુષ્યનું મનુષ્યત્વ ઇંદ્રિય વ્યાપારોની પરિતૃપ્તિમાં નથી; પણ એના નિરોધમાંજ છે. સાધકે ખૂબ યાદ રાખવું કે ઉપસ્થ અને રસના સર્વ ઇંદ્રિયોમાં વધારે પ્રબલ છે. માટે તેને પ્રથમે નિયમમાં રાખવા પ્રયત્નવાન થવું. પ્રબળ ઇંદ્રિયોનો નિરોધ એકવાર સધાયો તો પછી નિર્બલનો નિરોધ કરવો બહુ કઠણ નહિ પડે, મ-

હાન્ પ્રયત્ન સિવાય ઇંદ્રિય નિરોધ થવો અશક્ય છે. માટે સાધકે દૃઢ ઉત્સાહથી પ્રયત્ન રાખવો. આંતર્ ઇંદ્રિય (મન) નો નિગ્રહ સિદ્ધ થયો તો બાહ્ય ઇંદ્રિયનિગ્રહ સુલભ છે. બાહ્ય ઇંદ્રિયનું પ્રેરક મન છે. મનની પ્રેરણા વગર બાહ્ય ઇંદ્રિય તેના વિષયો ગ્રહણ કરી શકતી નથી. માટે સાધકે મનના નિગ્રહ માટે મહાન્ પ્રયત્ન કરવો આવશ્યક છે. મનના નિગ્રહનો ઉપાય અભ્યાસ અને વૈરાગ્યજ છે. એમ ગીતામાં ભગવાને કહ્યું છેઃ—

अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते

અર્થ. અભ્યાસ અને વૈરાગ્યથી મનનો નિગ્રહ થાય છે.

ગૌડપાદાચાર્યે પણ કહ્યું છે કેઃ—

उत्सेक उदधेर्यद्वत् कुशाग्रेणैकबिन्दुना ।
मनसो निग्रहस्तद्वद्भवेदपरिखेदतः ॥

અર્થ. જેવી રીતે કુશા (દર્ભ) ના અગ્ર ભાગથી એક એક બિન્દુ કરી સમુદ્રના જળનું બહાર ફેંકવું. એવો નિશ્ચય ટિટ્ટિભ પક્ષીએ કર્યો હતો તેવીજ રીતે નિશ્ચયવાન અને ખેદ રહિત અંતઃકરણથી મનનો નિગ્રહ થાય છે.

દમને અર્થે કેટલાક અભ્યાસીઓ, વ્રત, ઉપવાસ, તપ આદિ કરે છે પરંતુ યાદ રાખવું કે બાહ્યકરણગ્રામ વશ રાખ્યા છતાં અંતર્ મન વિષયોનું ચિંતન કરે તો તે એક ઢોંગીજ છે. અને ભગવાને ગીતામાં એ રીતે સ્પષ્ટ કહેલું છે. દમથીજ લાભ છે એવું સાધકે કદાપિ માનવું નહિ. ઇંદ્રિયો પ્રબળ હોય અને તેને વશ કરવા વ્રત ઉપવાશ આદિ કરવામાં આવે તો હરકત નથી. પરંતુ રાજયોગના અભ્યાસીને તો સઘળાં સાધનોનો સાથેજ અભ્યાસ રાખવાનો છે. તેથી બુદ્ધિમાન સાધકે વ્યવહારમાં પ્રસંગ આવે જે સાધનનો ઉપયોગ હોય તે કરી લેવો. અને એમ અભ્યાસ કરતાં શમથી શાન્તિયુક્ત થએલું અંતઃકરણ કોઈપણ પ્રવૃત્તિમાં પડતું નથી. અને દમથી સુરક્ષિત થએલી ઇંદ્રિયો શમને વિશે-

શ્રી માર્ગમાં વળતી નથી. મન તથા ઇંદ્રિયોને તેના વિષયો ગ્રહણ કરવાનું એવું સહજ શીળ બંધાઈ ગયું હોય છે કે તેઓ અનાયાસે તેઓના વ્યાપાર કર્યા કરે છે. પણ સૂક્ષ્મ દૃષ્ટિથી સાધક પ્રયત્નવાન થશે; તો ઇંદ્રિયોના નિરોધથી બાહ્ય ઇંદ્રિયો ચિત્તરૂપ થશે. અને પછી તે ચિત્ત (મન) આંતર્ આત્મ વશ થશે. આ વૃત્તિ નિરોધના માર્ગના અનુભવીઓને પ્રત્યક્ષ થયું છે કે ઇંદ્રિયો તથા મનને રોકવાથી પછી તે એવાં વશ થઇ જાય છે કે પોતાની ઇચ્છાનુસાર તે વર્ત્તે છે. અને પ્રાણ તથા રૂધીરના ક્રમણ તથા આંખના પલકારા પણ અભ્યાસી પોતાની ઈચ્છાનુસાર કરે છે. આવી રીતે શમ દમ સિદ્ધ થતાં વિવેક વૈરાગ્ય સુરક્ષિત રહે છે. અને મનોવૃત્તિ તથા ઇંદ્રિયવ્યાપાર વશ થયા એટલે અંતઃકરણ બાહ્યાકાર થતું અટકે છે. અને તેથી ઉપરતિ થવા માંડે છે. ઉપરતિનું લક્ષણ શંકર ભગવાને નીચે પ્રમાણે આપ્યું છે.

बाह्यानालम्बनं वृत्तेरेवोपरतिरुत्तमा

અર્થ.–ચિત્તની વૃત્તિનું બાહ્ય આલંબન ન થાય તે ઉત્તમ ઉપરતિ છે.

વિવેકે કરી આત્મભાવના પરોક્ષ થઇ છે (પરોક્ષ એટલે કહીંક છે એવું જ્ઞાન) વૈરાગ્યથી વાસના ક્ષીણ થઇ છે, અને શમ દમથી વૃત્તિ સ્થિર થઈ છે, આવી રીતે સુસ્થિર થયલાં ચિત્તની (અંતઃકરણની) સ્થિતિને ઉપરતિ કહે છે.

ઉપરતિનું સાધન, ફળ અને પૂર્ણતાની અવધિ તત્વજ્ઞપુરૂષો નીચે પ્રમાણે કહે છે.

યમનિયમાદિક ઉપરતિનું સાધન છે. મનની સઘળી વૃત્તિઓનો નિરોધ તે ઉપરતિનું સ્વરૂપ છે. લૌકિક, વૈદિક સર્વ વ્યવહારોનો અભાવ તે ઉપરતિનું ફળ છે. સુષુપ્તિની પેઠે સર્વ પદાર્થોની વિસ્મૃતિ એ ઉપરતિની પૂર્ણતાની અવધિ છે. અહિંસા, સત્ય, અસ્તેય (ચોરી નહિ કરવી), અપરિગ્રહ અને બ્રહ્મચર્ય

એ પંચ યમ છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઇશ્વર પ્રણિધાન, એ પંચ નિયમ છે. એકેક નિયમથી એકેક યમ સિદ્ધ થાય છે. અહિંસા સિદ્ધ થતાં, સર્વ પ્રાણીઓ તે સાધક ઉપરથી પોતાનું સહજ વૈર ત્યજે છે. સત્ય સિદ્ધ થતાં વાણીની સિદ્ધિ થાય છે. અને અસ્તેય સિદ્ધ થતાં, સર્વે રત્નોની પ્રાપ્તિ થાય છે. અપરિગ્રહ સિદ્ધ થતાં, પૂર્વ જન્મનું ભાન થાય છે. અને બ્રહ્મચર્ય સિદ્ધ થતાં આત્મિક ઓજનો સંગ્રહ થઇ બળ આવે છે. અને તેથી શિષ્યોને પોતાનું બળ અર્પવા સાધક શક્તિમાન થાય છે. આવી મહાન્ સિદ્ધિ, પંચયમ અને પંચનિયમજ યથાર્થ સિદ્ધ થતાં થઇ શકે છે. પણ સાધકે યાદ રાખવું કે આપણે સિદ્ધિઓ સાથે કશું કામ નથી. આપણે તો બ્રહ્માનંદ રૂપી પરમપુરૂષાર્થ સિદ્ધ કરી, જીવનમુક્તિનો નિરવધિ આનંદ અનુભવવો છે. માટે સાધકે કોઇપણ જાતની લાલચથી લોભાઈ પુરૂષાર્થથી ભ્રષ્ટ થવું નહિ.

સાધકે એક વાત બહુ લક્ષમાં લેવા જેવી છે તે એ કે પોતાના અંતઃકરણની સ્થિતિ કેમ વર્તે છે. તેનું નિત્ય અવલોકન કરતા રહેવું. અને પોતાનો અધિકાર ગુરૂ સમજાવે તેના કરતાં પોતે સમજતાં શીખવું એ બહુજ આવશ્યક છે. ચિત્તને ઘણી વખત માની લેવું ઠીક લાગે છે. અને તેથી લાભને બદલે અભિમાનગ્રસ્ત થઇ આગળ વધવું મુશ્કેલ થઇ પડે છે. અને તેથી જ્યાં હતા ત્યાંના ત્યાંજ રહેવાય છે. માટે સાધકે પોતાના ગુરૂ પોતે બનતાં શીખવું, અને બની શકે તો પ્રાતઃકાળમાં ચારવાગે ઉઠી આત્મધ્યાન કરવું. અને વૃત્તિના પ્રવાહને રોકી સજાતીય પ્રવાહ કરવા યત્નવાન થવું. પોતાનો અધિકાર અન્ય સમજાવે તોજ સમજ પડે, એવા જડ અંતઃકરણના પુરૂષોને આ રાજ-યોગનો માર્ગ અનુભવમાં આવવો મુશ્કેલ છે.

શમ, દમથી આંતર્ બાહ્યવૃત્તિઓનો નિરોધ થાય છે અને ઉપરતિથી અંતઃકરણનો વિક્ષેપ અસ્ત થાય છે. આવી રીતે શુદ્ધ

થયલું અંતઃકરણ સહજમાં અનેક વિપત્તિઓ સહન કરવા સમર્થ થઇ શકે છે. તિતિક્ષાનું સ્વરૂપ શંકર ભગવાને કહ્યું છે કે

सहनं सर्वदुःखानामप्रतीकारपूर्वकम् ।
चिन्ताविलापरहितं सा तितिक्षा निगद्यते ॥

અર્થ.—સર્વ એટલે ભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક એવાં જે દુઃખ છે તેને મટાડવાનો ઈલાજ નહિ કરવો; અને તેને સહન કરવામાં ચિન્તા તથા વિલાપ રહિત થવું તેને તિતિક્ષા કહે છે.

આ ઉપરથી સાધકે લક્ષમાં રાખવું કે દુઃખ ઉપજાવી તેને ખમવામાં તિતિક્ષા નથી, પરંતુ સ્વાભાવિક આવી પડતાં દુઃખ સહન કરવાં એ તિતિક્ષા છે. ઘણા બાવા, ગોસાંઈ, યતિ વીગેરે જગતમાં અનેક જાતનાં કાયાને દમન કરવા કષ્ટ કરે છે તે તિતિક્ષા નથી. ઇંદ્રિયદમનને અર્થેજ તપ છે. તપનું ખરૂ સ્વરૂપ મનોનિગ્રહ તથા ઇંદ્રિયનિગ્રહજ છે. મુંડક ઉપનિષદ્ ભાષ્યમાં શંકરભગવાને તપનું સ્વરૂપ મનોનિગ્રહ તથા ઇંદ્રિયનિગ્રહજ કહેલું છે. તાવ આવે અથવા કાંઇ રોગ થાય તો ઔષધોપચાર વિદ્યમાન હોય તો કરવાને કશો બાધ નથી. ઘણા મહાત્માઓ આરૂઢ દશામાં પ્રારબ્ધવશ વર્ત્તે છે પરંતુ સાધકે યાદ રાખવું કે તેજ તિતિક્ષાનો સાર છે એમ નથી.

તિતિક્ષાનો સાર તો એજ છે કે જેમ બને તેમ સાધકે અંતર્ઓજનો વ્યય થતો અટકાવવો. દુઃખ આવવાનું છે, અથવા આવી પડયું છે; તેની ચિંતા કરી ઓજનો વ્યય નહિ કરતાં ધીરજથી ખમવાની ટેવ પાડવી. અને એમ કરતાં આત્મિક ઓજનો વ્યય થતો અટકાવવો.

આ રીતે તિતિક્ષા શું છે અને તિતિક્ષા શું નથી, એ સાધકને લક્ષમાં આવ્યું. એ તિતિક્ષાથી આત્મબળનું એવું સંરક્ષણ કરવું કે ગમે તેવી આપત્તિ આવી પડતાં જરાપણ ચિન્તા ગ્રસ્ત થઇ હૃદયમાં જે શાન્તિ થઇ છે તેને ખસવા દેવી નહિ. વેદાન્ત

શાસ્ત્રમાં એ આત્મબળનું રક્ષણ કરવા માટે અનેક રીતે કહેલું છે સાધકમાં વીર્યબળ નહિ હોય તો હૃદયબળ આવવાનું નથી. અને તેથી વેદાંતશાસ્ત્રનું જ્ઞાન વીર્યરક્ષા વગર થઇ શકતું નથી. એવું ઉપનિષદ્દનું વચન યથાર્થજ છે.

सत्येन लभ्यस्तपसाह्येप आत्मा स ब्रह्मचर्येण नित्यम्

નિત્ય બ્રહ્મચર્ય પાળવાથીજ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. એવું મુંડકનું વચન એ ઓજનું સંરક્ષણ કરવા પ્રમાણ છે.

પ્રકૃત્તિ અને તેના વિકારો એટલે માયા અને તેનું કાર્ય પ્રપંચરૂપ આ સૃષ્ટિથી, આત્મા જુદો તેનો પ્રકાશક સાક્ષી છે, એમ જાણનાર સાધક આ શરીર અને તેને થતા વિકારો પોતાના નથી એમ માનશે. અને તેથી શરીરને થતી અનેક પીડા ખમવા શક્તિમાન થશે. વેદાંતશાસ્ત્રમાં જીવનમુક્ત જ્ઞાનીના દૃષ્ટાંતો સુપ્રસિદ્ધ છે. અને સર્પ અને તેની કાંચલી જેમ અલગ છે તેમ આત્મજ્ઞાની આ શરીરને માને છે. અને તેથી દેહમાં થતી અનેક પીડાને ખમી શકે છે. સાધક હજી અભ્યાસક્રમમાં છે તેને કદાચ આ આશ્ચર્ય જેવું લાગશે. પણ વિચાર કરતાં તેને સહજ અનુભવમાં આવશે કે દેહની પીડા દૃઢ યોગાભ્યાસથી નહિ જેવી જ્ઞાનીઓ કરી શકે છે. અત્ર યોગાભ્યાસ એટલે જ્ઞાનાભ્યાસજ જાણવો. હઠયોગનો કોઈ પણ પ્રયોગ રાજયોગાનુગામી સાધકને ઉપયોગનો નથી.

તિતિક્ષાનો ઉપયોગ કરવાથી બળનું રક્ષણ થાય છે. એમ સાધકને સમજાશે. આ તિતિક્ષાનો વ્યવહારના કાર્યોમાં પણ થોડો ઉપયોગ નથી. સહનશીળતા રાખવાથી મનુષ્યો કાર્ય સારી રીતે કરી શકે છે. તિતિક્ષાના અભાવે ઘણા મનુષ્યો મહાન્ કાર્ય કરવા સમર્થ થતા નથી. એતો કહેવાની આવશ્યકતાજ નથી. ભગવાન કૃષ્ણ પરમાત્માએ ગીતામાં પણ અર્જુનને તિતિક્ષા કરવા કહ્યું છે. સારાંશ એટલોજ છે કે ગમે તે પ્રકારે માનસિક સૃષ્ટિમાં વ્યગ્ર-

તા નહિ કરતાં, પરમ સમતામાં અંતઃકરણની સ્થિતિ રહે એવો અભ્યાસ પાડવો. જરા પણ શરીરનું અથવા મનનું દુઃખ ઘણા મનુષ્યો ખમવાને શક્તિમાન થતાં નથી. અને તેથી એવાં મનુષ્યો તિતિક્ષા નહિ હોવાને લીધે દુઃખ ઓછું કરવાને બદલે વધારો કરે છે. આત્મકલ્યાણ ઇચ્છતા સાધકે જેમ બને તેમ અંતઃકરણની પરમ સમતા રાખવા પ્રયત્નવાન રહેવું. અને તે અર્થેજ તિતિક્ષાનો ઉપયોગ પ્રસંગ આવે કરવાથી, અભ્યાસ દૃઢ થયે શીળ બંધાઇ જતાં ગમે તેવાં મહાન્ સંકટો પણ સહન કરવા સમર્થ થવાય છે.

હવે આ રાજયોગના તૃતીય સાધન શમાદિ ષટ્ સંપત્તિ પૈકી શ્રદ્ધા વિષયે વિચાર કરવો પ્રાપ્ત થાય છે. શ્રદ્ધાનું સ્વરૂપ શંકર ભગવાન આ પ્રમાણે કહે છે.

शास्त्रस्य गुरुवाक्यस्य सत्यबुद्ध्यवधारणम् ।
सा श्रद्धा कथिता सद्भिर्यया वस्तूपलभ्यते ॥

અર્થ. શાસ્ત્ર અને ગુરૂના વચન ઉપર સત્યબુદ્ધિ રાખવી એને શ્રદ્ધા કહે છે. અને એથી વસ્તુની પ્રાપ્તિ થાય છે.

શાસ્ત્ર કોને કહેવું એ અત્ર કહેવું જરૂરનું છે. વેદ, ઉપનિષદ્, પુરાણ, ન્યાય, મિમાંસા ધર્મ શાસ્ત્રાદિ અનંત છે. પરંતુ તત્ત્વજ્ઞાનના અભ્યાસીએ વેદાંતશાસ્ત્ર ઉપરજ શ્રદ્ધા રાખવી. વેદાંત શાસ્ત્રના કયા કયા ગ્રંથ છે તે વિષયે પણ અત્ર કાંઇક સૂચના સાધકને આપવી આવશ્યક છે. ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર અને ભગવદ્‌ગીતા એ ત્રણ જેને પ્રસ્થાનત્રય કહેવામાં આવે છે, અને જેના ઉપર આચાર્યોના ભાષ્યો છે. એજ તત્ત્વજ્ઞાનના પ્રમાણ ગ્રંથો મનાય છે. પરંતુ આચાર્યો ઘણા થઇ ગયા છે. કયા આચાર્યનું ભાષ્ય પ્રમાણ ગણવું, એ પ્રશ્ન પણ ઉઠવાનો સંભવ છે. શંકરભગવાનકૃત કેવલાદ્વૈતસિદ્ધાંત સિવાય બીજા આચાર્યોના ભાષ્યો શ્રદ્ધા કરવા યોગ્ય નથી. તત્ત્વજ્ઞાનના વિષયમાં શંકરનેજ પ્રમા-

ણુ ગણવામાં આવે છે. અને વિદ્વાનોમાં એવું મનાય છે કે શંકર ભગવાને ઉપનિષદ્ વચનોનો જે સમન્વય (એકવાકયતા) કર્યો છે, તેવો સુશ્લિષ્ટ બીજા કોઇ પણ આચાર્યે કર્યો નથી. શંકર પછી રામાનુજ, મધ્વ અને વલ્લભ એ ત્રણ આચાર્યો થઇ ગયા છે. પરંતુ તેઓના સિદ્ધાંત શંકરોક્ત કેવલાદ્વૈતથી વિરૂદ્ધ છે. અને તેથી જીજ્ઞાસુને આદર કરવા યોગ્ય નથી. ઉપનિષદ્ વચનોનો યથાર્થ અર્થ શંકરેજ કર્યો છે. એવું અત્ર તેમજ પાશ્ચાત્ય વિદ્વાનોમાં મનાય છે.

ગુરૂ સંબંધી પણ અત્ર વિવેક કરવો આવશ્યક છે કેમકે ઘણા ભોળા લોકો ધૂર્ત લોકોથી ઘણીવાર ઠગાય છે. શ્રુતિ નામ ઉપનિષદ્ રૂપી વેદમાં ગુરૂનું લક્ષણ આપ્યું છે તે પ્રથમે વિચારીએ.

तद्विज्ञार्थं स गुरुमेवाभिगच्छेत्समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्

અર્થ. જ્ઞાન પ્રાપ્ત કરવા શ્રોત્રિય (વેદના અર્થને જાણીને સમજાવનાર) અને બ્રહ્મનિષ્ઠ (બ્રહ્મનું અપરોક્ષજ્ઞાન પામનાર) ગુરૂ સમીપ હાથમાં સમિધ્ (લાકડાની ભારી) એકલે કાંઇક ભેટ લઈ જવું.

ભગવાને ગીતામાં પણ આ શ્રુતિ પ્રમાણેજ કહ્યુ છે.

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यंति ते ज्ञानं ज्ञानिनः तत्त्वदर्शिनः ॥

અર્થ. તે જ્ઞાન પ્રાપ્ત કરવા તત્ત્વદર્શી જ્ઞાની પુરૂષોને વારંવાર પ્રશ્ન કરી પ્રણામ કરી તથા સેવાથી તને તે જ્ઞાનોપદેશ કરશે.

ગુરૂનું લક્ષણ શંકર ભગવાને વિવેક ચૂડામણિમાં આ પ્રમાણે આપ્યું છે.

श्रोत्रियोऽवृजिनोऽकामाहतोयो ब्रह्मवित्तमः ।
ब्रह्मण्युपरतः शान्तो निरिन्धन इवानलः ।
अहेतुकदयासिन्धुर्बन्धुरानमतां सताम् ॥

અર્થ. વેદને જાણનાર અપાપી, કામ રહિત, બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ, બ્રહ્મમાંજ રમણ કરનાર, કાષ્ઠ રહિત અગ્નિની પેઠે શાન્ત, કોઇ પ્રકારની લાલચ વગરની દયાના સમુદ્રરૂપ, અને સેવા કરનાર સત્ય પુરૂષોના બાંધવરૂપ જોઇએ.

આવા ઉત્તમ લક્ષણયુક્ત ગુરૂ સમીપ ભક્તિથી, નમ્રતાથી, વિનયથી અને સેવનથી તેમનું આરાધન કરી પ્રસન્ન કરી તત્ત્વ સબંધી પ્રશ્ન કરવો.

ગુરૂ વિરક્તજ હોય એવું નથી. ગૃહસ્થ પણ ગુરૂ હોય છે. અને વેદમાં યાજ્ઞવલ્ક્ય, જનકાદિ ગૃહસ્થ હતા. તેમ બ્રાહ્મણજ ગુરૂ હોય એમ પણ વેદથી જણાતું નથી. કેમકે જનકાદિ મહાત્મા ક્ષત્રિય હતા. અને શુકાદિ બ્રાહ્મણે તેમનાથી ઉપદેશ લીધો હતો. વળી એકજ ગુરૂ કરવો એવો પણ નિયમ નથી. કૃતકૃત્યતા પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી અનંત ગુરૂ કરવાનું પણ શાસ્ત્રમાં જણાય છે. ભગવાન દત્તાત્રેયે ચોવીશ ગુરૂ કર્યા હતા. સર્વમાં ઉત્તમ બ્રાહ્મણ છે, પરંતુ ઉત્તમ લક્ષણયુક્ત બ્રાહ્મણ ગુરૂના અભાવે અન્ય ગુરૂ કરવાને હરકત નથી. જ્ઞાન મહાન્ પવિત્ર વસ્તુ છે. અને તે બાળક પાસેથી પણ ગ્રહણ કરવા યત્નવાન રહેવાય તો પણ હરકત નથી. પરમ પુરૂષાર્થ સાધનાર બ્રહ્માત્મ જ્ઞાનની મહત્તા સંબંધે ભગવાન કૃષ્ણપરમાત્માએ ગીતામાં કહ્યું છે કે

नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विंदति ॥

અર્થ.—જ્ઞાનના સરખું પવિત્ર કરનારૂં કોઈ પણ સાધન નથી. અને તે ઘણે કાળે યોગ્યતા સંપાદન કર્યા પછી સ્વતઃ મળે છે.

આવું મહાન પવિત્ર જ્ઞાન સંપાદન કરવા ગુરૂ અને શાસ્ત્ર ઉપર પૂર્ણ શ્રદ્ધા હોવી જોઇએ. જે જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણથી થઇ

શકે છે તે જ્ઞાનથી આ જ્ઞાન અલૌકીક છે. તેથી શ્રદ્ધા વગર જ્ઞાન થઈ શકતું નથી. વ્યવહારમાં મનુષ્યોને જે જે જ્ઞાન થાય છે તે પણ શ્રદ્ધા વગર થઈ શકતું નથી. બાળકને જે જ્ઞાન થાય છે તે પિતા માતાના વચનો ઉપર શ્રદ્ધા હોવાથીજ થાય છે. શ્રદ્ધા એક અંતઃકરણની લાગણી છે. અને બાળકમાં સહજ શ્રદ્ધા હોય છે તેથી માબાપ જે જે વચનો બોલે છે, કરે છે, તે શ્રદ્ધા પૂર્વક ગ્રહણ કરે છે. એવી એ શ્રદ્ધાને કોઇ પ્રકારે અટકાવી શકાય એવું નથી. બુદ્ધિ ભાંગી તોડી મેદાન કરે, પણ અંતરમાં રહેલી અપૂર્વ શ્રદ્ધા પાછી સ્થાપના કરાવે છે. આપણે આપણા માબાપ આદિ વૃદ્ધોને માન આપી ચાલ્યા નહિ હોત તો આપણું જ્ઞાન બાળક કરતાં વિશેષ વિકાશ પામ્યું ન હોત અને જે જે ઉત્તમ પુરૂષો આપણે જગતમાં જોઇએ છીએ તેઓના શિક્ષણ સબંધી વિચાર કરી જોશો તો શ્રેષ્ઠ માબાપ, આચાર્ય (ગુરૂ શિક્ષણ આપનાર) ઉપરની તેમની પૂર્ણ શ્રદ્ધાથીજ તેઓ મહત્તાને પ્રાપ્ત થયા છે. સાધકે લક્ષમાં રાખવું કે શ્રદ્ધા એ એક અપૂર્વ હૃદયની લાગણી છે તેને કોઈ પણ રીતે નિર્મૂળ કરી શકાય એવું નથી. મનુષ્યો જે જે કર્ત્તવ્ય ભાવનાને પોતાના અંતરની લાગણી અર્પે છે તે તે ભાવનાને તેઓ સંપૂર્ણ ગ્રહણ કરે છે. જ્ઞાનનો આરંભ પણ શ્રદ્ધાથીજ છે. આ જગતમાં અનેક ધર્મ પ્રચલિત છે. અને તે તે ધર્મના સિદ્ધાંતોમાં બાળપણથી ઉછરેલાં મનુષ્યો તે તે સિદ્ધાંતોમાં એવાં સુદૃઢ હોય છે કે તેઓની સ્વધર્મ ઉપરની શ્રદ્ધા શિથિલ કરવી એ મહાન વિકટ કામ છે. એમ અનુભવ ઉપરથી પ્રત્યક્ષ થયું છે. સારાંશ એ છે કે બાળપણથી જે જે સંસ્કારો પડ્યા હોય છે, તે વિદૂર થવા મુશ્કેલ છે. ફ્રેંચતત્ત્વવેત્તા વોલ્ટર વિષે એવું કહેવાય છે કે તેણે ક્રિશ્ચિયનધર્મસિદ્ધાંતવિરૂદ્ધ ઘણું લખ્યું છે. પરંતુ બાળપણથી ક્રિશ્ચિયન ધર્મનું ચિન્હ (✝) ક્રોસ અજાણતે પણ તેનાથી થઈ જતું હતું. મુસલમાન ભાઈઓની પોતાની 'દીન'ની પણ એવીજ અપૂર્વ શ્રદ્ધા છે. અને એ સર્વ

શ્રદ્ધાએ મહાન્ પરાક્રમ કરેલું ઇતિહાસથી જણાય છે. આપણા ધર્મની શ્રદ્ધા શિથિલ થવાથી વર્ત્તમાનમાં ઘણું અનિષ્ટ પરિણામ આવ્યું છે. અને નીતિભ્રષ્ટતા ઉદ્ભવી છે. ધર્મ વગર કોઇ પણ સુનીતિ તથા સુચરિત્ર થઈ શકવાનાં નથી, એમ સાધકે પૂર્ણ લક્ષ રાખવું. અને પોતાના ધર્મ ઉપર અતુલ શ્રદ્ધા રાખી સત્યને ગ્રહણ કરવા તત્પર થવું. સંપૂર્ણ વિચાર કર્યા વગર કોઇ પણ કૃત્ય કરવા તત્પર થવું નહિ. વિવેકી સુજનો, શ્રદ્ધાજ ફળવતી થાય છે, અને જે જે પરાક્રમો આ જગતમાં થયાં છે, અને હવે પછી પણ થશે તે શ્રદ્ધાજ કરી શકશે. અશ્રદ્ધા તો હમેશાં વિનાશ કરે છે. માટે શ્રેયોમાર્ગગામી સાધકે સત્ શાસ્ત્રના વચનો ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખી આગળ વધવા યત્નવાન થવું. શાસ્ત્રો અનાદિ કાળથી ચાલી આવ્યાં છે. અને અનેક બુદ્ધિમાન પુરૂષોની બુદ્ધિનાં અવલોકન તે ઉપર થયાજ કરે છે. અને એવાં અવલોકનો થઇ સત્યાસત્યનો નિર્ણય થઇ પરમસત્ય વચનોનાં સંગ્રહ રૂપેજ વિદ્યમાન રહ્યાં છે. અત્યંત યુગોનું અનુભવમાં આવેલું ડહાપણ એજ શાસ્ત્ર છે. સાધકને તો જ્યારે અનુભવાય ત્યારે ખરૂં પણ તુરત અનુભવમાં નહિ આવ્યું તેથી શાસ્ત્ર જુઠાં છે, ગપાટા છે, એવા આક્ષેપ કરી ઘણા યુવકો પરમસત્યથી વિદૂર રહે છે. એ ઘણુંજ શોચનીય છે. આપણા શાસ્ત્રો ઘણા પ્રાચીન છે, અને તેમાં સમાયલા તત્ત્વવિચારો પણ ઘણાજ ગંભીર છે એમ આજ કાલ યુરોપ, અમેરિકાદી દેશોના વિદ્વાનોમાં મનાતું ચાલ્યું છે. મહાત્મા મોક્ષમુલરે પોતાના "હિંદુસ્થાન અને તે આપણને શું શીખવે છે" એવા એક ઇંગ્રેજી ગ્રંથમાં આપણા વેદાંત તત્ત્વજ્ઞાન વિષયે ઘણા સૂક્ષ્મ વિચારો બુદ્ધિમાનોને અવલોકન કરવા જણાવ્યા છે. અને યુરોપમાં ચાલતી તત્ત્વભાવનામાં હજી ફેરફાર કરવાનો છે, એમ પણ સૂચન કરેલું છે. આવી તત્ત્વભાવના આ જગતમાં બીજી એકે નથી; એમ યુરોપના વિદ્વાનોમાં મનાતું ચાલ્યું છે. મનુષ્યોનું જીવન સુખરૂપ કરવું હોય

તો તે વેદાંતતત્ત્વજ્ઞાન સંપાદન કરવાથીજ થઈ શકે છે. એમ નિઃશંક પણે કહેવાને તેઓ બહાર પડ્યા છે. વેદાંત તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા યત્નવાન થએલા ઘણા સાધકો નિરાશાના ઉદ્‌ગાર કરતા દૃષ્ટિગોચર થાય છે તેનું કારણ અશ્રદ્ધાજ છે. જે ભાવના પુસ્તકોથી જાણવામાં આવી અને તે ગુરૂમુખથી પણ સાંભળી છતાં ભાવના અનુસાર વર્ત્તન ન થયું, તો તે ભાવનાનું રહસ્ય કોઇ દિવસ હાથ લાગતું નથી. જે ભાવનાને આપણે સત્ય તરીકે સ્વીકારીએ અને પછી તે પ્રમાણે વર્ત્તન નહિ થાય તો તેનું કારણ અશ્રદ્ધાજ છે.

વર્ત્તમાનમાં વૃદ્ધપરંપરાને માન નહિ આપવાની અનિષ્ટ અને ક્લેશકારી લાગણી આપણા યુવકોમાં જોવામાં આવે છે. અને તેથી ધર્મ સંબંધી તેઓનું જ્ઞાન ઘણુંજ અલ્પ જોવામાં આવે છે. પાશ્ચાત્ય કેળવણીથી વ્યક્તિપ્રાધાન્યનીતિના સિદ્ધાંતો શીખેલાં અંતઃકરણો, સમષ્ટિભાવનાના પ્રદેશમાં વિહરનારા આપણા આર્યાવર્ત્તના પ્રાચીનતત્ત્વવેત્તાના ગંભીરલેખો નહિ સમજી શકે એમાં આશ્ચર્ય નથી. પરંતુ એટલુંતો નિઃશંક કહી શકાય એવું છે કે જગતમાં આજકાલ જે પ્રવૃત્તિ ચાલે છે અને તેને લીધે મનુષ્યોના અમૂલ્ય જીવન દુઃખરૂપ જણાય છે; તેનું કાંઈ પણ ઔષધ હોય તો તે વેદાંત જેવી તત્ત્વભાવનાજ છે. અને જર્મનીમાં વેદાંતભાવના જેવી તત્ત્વ ભાવના ઉદ્‌ભવેલી પણ છે.

શાસ્ત્ર અને ગુરૂ ઉપરની શ્રદ્ધા વિષયે તેમજ શ્રદ્ધા સુદૃઢ કરવા પણ વિવેક દર્શાવ્યો, પરંતુ આંખો મીચીને શ્રદ્ધા કરવાથી વસ્તુ (અભેદાનુભવ) પ્રાપ્ત થતી નથી. વિચાર કર્યા વગર એક વાત પકડાઇ તેને વળગી રહેવાની શ્રદ્ધાથી તો દુરાગ્રહ, હઠ, અને ધર્મને નામે ચાલતી અનેક આભડછેટ, અને વહેમમાં ગુંથાઇ હૃદયની કાર્પણ્યતાને ટાળવાને બદલે સંકોચ, ભય, અને અંતઃકરણની નિર્બલતાજ વધે છે. હૃદયનો વિસ્તાર પ્રાપ્ત કરવાને બદલે કૃપણતાજ થાય છે. તત્ત્વ ભાવના પ્રાપ્ત કરી જે હૃદય-

વિસ્તાર સ્થાપવાનો છે તેને બદલે મત મતાંતર અને સંપ્રદાયા-દિના વાડામાં ગુંચવાઈ, આત્મવિકાશને બદલે સંકોચતાજ થાય છે. તેથી અંધશ્રદ્ધા કામની નથી. સાધકને પોતાના બળ, વીર્ય, અને પરાક્રમ ઉપર પણ શ્રદ્ધા જોઇએ. ગુર્જર તત્વજ્ઞાની અખાએ કહ્યું છે કે

"લેહેરે પડયો તે નહિ ઉગરે, નિજ બળ આવ્યું તેજ તરે"

અર્થઃ—નદીના પ્રવાહમાં એક માણસ પાર ઉતરવા પડયો તે પોતાના બળથી હાથ પગ હલાવે નહિતો તરીને સામે પાર જઈ શકે નહિ. પણ નદીના પ્રવાહમાં તણાયો જાય. તેમજ સં-સારપ્રવાહરૂપ નદીમાં પડેલો જીવાત્મા પોતાના બળ પરાક્રમ વગર સંસારરૂપ નદીના પ્રવાહને તરી મોક્ષરૂપ કિનારાને પ્રાપ્ત કરે નહિ. આનું તાત્પર્ય એમ સમજાય છે કે સાધકને શાસ્ત્ર ગુ-રૂ ઉપરાંત પોતાના ઉપર પણ શ્રદ્ધા જોઇએ. ઘણા સંપ્રદાયના વાડામાં ગુંચવાયલા જનોને અતુલ શ્રદ્ધા હોય છે. અને ગુરૂના પ્રસાદથી કલ્યાણ થશે, એવું તેઓ માને છે. પરંતુ શાસ્ત્રોક્ત માર્ગે ચાલવાના પોતાના સામર્થ્ય વિના ગુરૂના પ્રસાદથીજ કલ્યા-ણ થઈ શકે છે, એવું તેઓનું માનવું ભૂલ ભરેલું છે. ગુરૂ સે-વાથી અંતઃકરણશુદ્ધિ થઈ શકશે, પરંતુ વસ્તુની પ્રાપ્તિ તો પોતાના પુરૂષાર્થ વગર થઈ શકવાની નથી. માટે શાસ્ત્ર ગુરૂ ઉપરની શ્રદ્ધાએજ વસ્તુની પ્રાપ્તિ થઇ શકતી નથી. પરંતુ શાસ્ત્ર ગુરૂના વચનો ઉપર શ્રદ્ધા રાખી તેઓએ બોધેલા માર્ગે ચાલવાનું પોતાનામાં સામર્થ્ય આવ્યું નહિ હશે તો તેથી ઇષ્ટસિદ્ધિ થવાની નથી. પરંતુ તેઓએ બોધેલા માર્ગને આચારકોટીમાં મુકવાનું સાધકના પોતાનામાં સામર્થ્ય આવવું જોઈએ. તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાને જે જે સાધનો કહેવામાં આ-વ્યાં તે તે સાધનોનો ઉપયોગ પ્રસંગ આવે યથાયોગ્ય કરી લે-વાનું સામર્થ્ય સાધકમાં જ્યાં સુધી નહિ આવે ત્યાં સુધી તત્ત્વ

જ્ઞાનનું રહસ્ય સમજાય એમ નથી. ત-ત્વભાવનાનુસાર વૃ-ત્તિ નહિ થાયતો તત્વજ્ઞાનના ગ્રંથોની પરિભાષા એક વાગ્વૈખરી જ છે. શંકર ભગવાન કહે છે કે:—

कुशला ब्रह्मवार्तायां वृत्तिहीनाः सुरागिणः ।
तेऽप्यज्ञानितयास नूनं पुनरायांति यांति च ॥

અર્થ:—જે પુરૂષો બ્રહ્મની વાતો કરવામાંજ કુશળ છે, પણ તેઓની વૃત્તિ તત્વભાવનાનુસાર થતી નથી, અને વિષયમાં પ્રીતિવાળા છે તેઓ અજ્ઞાની છે. અને વારંવાર જન્મ મરણના ચક્રમાં પડે છે. વળી કહ્યું છે કે.

वाग्वैखरी शब्दझरी शास्त्रव्याख्यानकौशलम् ।
वैदुष्यम् विदुषां तद्वद्भुक्तये न तु मुक्तये ॥

અર્થ:—વૈખરી વાણી, શબ્દોના પ્રવાહ, શાસ્ત્રોના વ્યાખ્યાનમાં નિપુણતા અને વિદ્વાનોની વિદ્વત્તા એ સઘળું ભોગને વાસ્તે છે મોક્ષને વાસ્તે નથી.

આ પ્રમાણેના વચનોથી સમજાય છે કે માનવા પ્રમાણે ચાલવું જોઇએ, કહેવા પ્રમાણે કરવું. અને અપરોક્ષાનુભવ, સાક્ષાત્કાર, એનો અર્થ એટલોજ છે કે જાણવા પ્રમાણે થવું જોઇએ. સાધકનામાં જ્યાં સુધી જાણવા પ્રમાણે થવાનું સામર્થ્ય આવ્યું નહિ હશે ત્યાં સુધી તેનું જ્ઞાન પરોક્ષજ રહેશે. અપરોક્ષ થવાને તો માનવા પ્રમાણે થવું જોઇએ. પોતાના સ્વાત્મનિશ્ચય ઉપર અતુલ શ્રદ્ધાના અભાવે કોઈ પણ મહાન કાર્ય થઇ શકવાનું નથી. વ્યવહારમાં પણ જે જે મહત્કાર્ય થઇ શકયાં છે તે પણ મહાન પુરૂષોની પોતાના નિશ્ચયની શ્રદ્ધાથી પાર પડયાં છે. પશ્ચિમની પ્રજા જે જે મહત્કાર્યો કરે છે તે તેઓના સ્વાત્મનિશ્ચય ઉપર તેઓની અતુળ શ્રદ્ધાનુંજ પરિણામ છે. એવી રીતે વ્યવહારિક ઉન્નતિ પણ પોતાના નિશ્ચય ઉપરની સુદૃઢ શ્રદ્ધાથી થઈ શકે છે, તો પારમાર્થિકમાં પણ એજ પ્રમાણે છે અને જે પરમપુરૂષાર્થ

રૂપ મોક્ષ પ્રાપ્ત કરવાનો છે તે પણ પોતાના બળ, વીર્ય ઉપર શ્રદ્ધા રાખ્યા વિના કોઇ દિવસ પ્રાપ્ત થઇ શકવાનો નથી.

આપણે જે કુળમાં જન્મ પામ્યા હોઇએ તે કુળની સામાન્ય રીતિ કૃત્તિથી કુળાચારની એવી છાપ આપણા ઉપર પડી હોય છે કે તેને ઘણી વખત તેથી વિરોધી બલવત્ લાગણીથી મટાડવા પ્રયત્નો કરવામાં આવ્યા છતાં જન્મથી સહવાસ પડેલી ટેવો નિર્મૂલ થઈ શકતી નથી. ઉત્તમ કુળમાં જન્મ થવો તે મહાન્ દુર્લભ છે. એવું આપણા શાસ્ત્રમાં કહ્યું છે, તે યથાર્થજ છે કેમકે જન્મથી જે જે છાપો તેવાં કુળમાં પડે છે તેથી છેવટના પુરૂષાર્થ સુધી પહોંચવાને શક્તિમાન થવાય છે. જન્મની સાથે જે ઉત્તમતા લોહીમાંથી ઉતરી આવી હોય છે તે ઉત્તમતા યોગ્ય સંસ્કાર પડવાથી સતેજ થાય છે. ડાર્વીન જેવા વિદ્વાને પણ વંશપરંપરાથી ઊતરી આવતી ટેવો વિષે વર્ણન કરેલું છે. પરંતુ આપણા સ્મૃતિકારોએ એ સબંધમાં કાંઈ થોડું કહેલું નથી. વર્ણાશ્રમધર્મનો પાયો વિશ્વ ગતિના નિયમાનુસાર રચાયલો છે. અને તેને નિર્મૂલ કરવાના પ્રયત્નો આજકાલ થાય છે એ ઘણુંજ ખેદકારક છે. આ પ્રમાણે આપણા જન્મથી, કેળવણીથી, અને સહવાસથી, આપણામાં અમુક સંસ્કારો બંધાયા હોય છે અને તેથી આપણી માનસિક સ્થિતિ અમુક ઉપદેશ ગ્રહણ કરવા તત્પર થાય છે. આવી શ્રદ્ધા થવી તેને બુદ્ધિ કોઇ રીતે અટકાવી શકતી નથી. કેમકે સહવાસથી જે દૃઢ નિશ્ચયો થયા હોય છે તે અણજાણે પણ આચાર કોટીમાં આવી જાય છે. માટે જ્યાં શ્રદ્ધા થાય ત્યાં કરવી. કેમકે અશ્રદ્ધાથી તો કોઇ પણ કાર્ય થઇ શકતું નથી. પરંતુ શ્રદ્ધા ક્યાં કરવી એ પ્રશ્ન ઉઠે છે, વેદાંત તત્ત્વજ્ઞાનનું જેમાં પ્રતિપાદન કરવામાં આવ્યું હોય એવાં શાસ્ત્ર, અને તે શાસ્ત્રની એકવાક્યતા કરી આપનાર આચાર્ય અથવા ગુરૂ ઉપર શ્રદ્ધા કરવી કે જેથી પરમપુરૂષાર્થ સિદ્ધ થાય છે.

પરંતુ વર્ત્તમાન સમયમાં બુદ્ધિથી પરીક્ષા કર્યા વગર કાંઈ માનવું નહિ, એવો પ્રચાર આપણી વર્ત્તમાન કેળવણીથી યુવકોમાં જણાય છે. જો આપણી બુદ્ધિ દરેક વસ્તુની પરીક્ષા કરવા તત્પર થાય તો આપણે આપણા જ્ઞાનમાં આગળ વધી શકીએજ નહિ. અને આવી બુદ્ધિમાં કાંઇ તત્ત્વ નથી. અશ્રદ્ધા અને નાસ્તિકતા એ વિપત્તિનાંજ મૂળભૂત છે માટે સાધકે બુદ્ધિનો ઉપયોગ જ્ઞાન પ્રાપ્ત કરવાને નહિ કરતાં પોતાના બળ પરાક્રમ ઉપર તેમજ ગુરૂ શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખી અપરોક્ષ સાક્ષાત્કાર સંપાદન કરવા પ્રયત્નવાન થવું એજ શ્રેયકારી છે. ભગવાને ગીતામાં કહ્યું છે કે.

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति

અર્થ. અજ્ઞાની, અશ્રદ્ધાવાન અને સંશયાત્માનો વિનાશ થાય છે. અજ્ઞાની મનુષ્ય એટલે આ સંસારમાં સાર અસાર શું છે એ જાણવાની જેને બુદ્ધિ ઉદય થઇ નહિ હોય તે વિનાશ પામે એમાં સંશય નથી. કેમકે તેવો અજ્ઞાની પામર મનુષ્ય ઇંદ્રિયો અને તેના ભોગની પરિતૃપ્તિ શોધવામાં સંસારની અનેકાનેક આંટીમાં ગુંચવાઇ પોતાનું અમુલ્ય જીવન વ્યર્થ ગુમાવી દેછે. અને પોતાના અમુલ્ય જીવનનો વિનાશ કરે છે. પણ અશ્રદ્ધાવાનનો પણ વિનાશ થાય છે, એમ પરમાત્મા વદે છે તેનું કારણ સ્પષ્ટજ છે કેમકે બુદ્ધિથી કરીને અમુક કરવાનું છે એમ જાણ્યા છતાં સ્વનિશ્ચયથી આચાર કોટીમાં મુકાય નહિ તો વસ્તુ પ્રાપ્ત થાય નહિ. વેદાંત તત્ત્વભાવના ઉત્તમ છે એજ પરમ પુરૂષાર્થ છે એમ જાણ્યા છતાં તે ભાવનાનુસાર વર્ત્તન નહિ રહે તો તેનું રહસ્ય સમજાય નહિ અને તેથી વિનાશજ થાય. અને તેથી બુદ્ધિથી જ્ઞાની થયલો પુરૂષ શાસ્ત્રના વચનોના ભાર માત્રનેજ વહે છે. પરંતુ શ્રદ્ધાના બલથી આચાર વિચારમાં તે જ્ઞાનનો રસ જ્યાં સુધી નહિ ઉતરે ત્યાં સુધી તે જ્ઞાનનું સુખ તેવા બુદ્ધિવિલાસમાં પરિતૃપ્તિ માનનાર જ્ઞાનીને થતું નથી. નિશ્ચયને આચારમાં

આણુવો એ મહા વિકટ છે. મહાત્મા જનોનું મહાત્મ્ય આચાર વિચારની ઐકયતામાંજ છે. અને પૂર્ણ શ્રદ્ધા વિના સ્વનિશ્ચયને આચાર કોટીમાં મૂકી શકાતો નથી. અને તેથી અશ્રદ્ધાવાનનો પણ અજ્ઞાનીની પેઠે વિનાશ થાય છે એમ ભગવાને કહ્યું છે.

આ પ્રમાણે અજ્ઞાની તથા અશ્રદ્ધાવાનનો વિનાશ કહ્યો પરંતુ સંશયાત્મા પણ વિનાશ પામે છે એમં ભગવાન કહે છે, તેનું શું તાત્પર્ય છે તે કહીએ.

જ્ઞાન અને શ્રદ્ધા થયા છતાં સંશય રહ્યો તો તે પણ વિનાશને કરશે. સંશય કશું સિદ્ધ કરી શકતો નથી. બુદ્ધિથી યથાર્થ નિશ્ચય નહિ થવાથી સંશય થાય છે અને શ્રદ્ધાથી થતાં યથાર્થ કાર્યમાં વિક્ષેપ ઉપજાવી બુદ્ધિ સંશયગ્રસ્ત થઈ જાય છે. સંશય એ અપરિપક્વ બુદ્ધિનું કાર્ય છે, તેથી શ્રદ્ધા જરા પણ ન્યૂન થઈ તો સંશય ઉદય થઈ નિશ્ચયને ડગાવી મુકે છે. અશ્રદ્ધા એવી તો વિનાશકારી છે કે ગમે તેવા નિશ્ચયને પરાસ્ત કરી મૂકે છે માટે શ્રદ્ધાના અતુલ વેગને પુષ્ટ કરી સંશય રહિત થવું જોઇએ. સંશય એજ વિનાશ છે. નિશ્ચય એજ પરમ શિવ કલ્યાણ છે. સંશય એજ અવિદ્યાનું બીજ છે. પરંતુ બુદ્ધિએ કરી યથાર્થ નિશ્ચય કરવાનો છે તેથી બુદ્ધિ અનેક વિચાર તર્ક કરી સંશયગ્રસ્ત થઈ પ્રશ્ન ઉઠાવવાની. પરંતુ યથાર્થાનુભવ થતાં સુધી એવા સંશય ઉઠવાના અને યથાર્થનુભવ પર્યંત એવા સંશય ઉપકારક છે. પણ એકવાર બુદ્ધિનો નિશ્ચય એટલે શ્રદ્ધા પૂર્વક જ્ઞાન પ્રાપ્ત થયા પછી જે સંશય ઉઠે છે તે વિનાશ કરે છે. તેથી નિઃસંશય થવામાં શ્રદ્ધાનો મુખ્ય ઉપયોગ છે. શ્રદ્ધામાં જરા પણ ખામી રહી તો બુદ્ધિ સંશય ઉત્પન્ન કરશે. માટે સ્વનિશ્ચય ઉપર દૃઢતા રાખી નિઃસંશય થવું. જેમ જેમ શ્રદ્ધાનો વેગ વધે તેમ તેમ અભેદાનુભવનો સાક્ષાત્કાર થાય છે. માટે સાધકે શ્રદ્ધાને બલવતી અને વેગવાળી કરવી. શાસ્ત્રોમાં કીટભ્રમરવત્ થવું

એમ કહ્યું છે તેનુ તાત્પર્ય એજ છે કે જે જે વસ્તુ વિચારાદિ પ્રાપ્ત થયા હોય તેમાં એટલાતો ઉંડા ઉતરી જવું કે તે વિચાર સતત બન્યા રહે. આપણા પ્રાકૃત કવિ અને તત્ત્વજ્ઞાની અખાએ જ્ઞાનીના અંતઃકરણનાં વેગ વિષે કહ્યું છે કે.

"અંતઃકરણ જે કહીએ ચાર, અહનિશ કરૈં જ્ઞાન વિહાર;
જ્ઞાની વિહારી ગોપી જશા, તેજ જ્ઞાની જેનૈં ગોપીની દશા.

અર્થઃ—મન, બુદ્ધિ, ચિત્ત અહંકાર એ ચાર અંતઃકરણની વૃત્તિઓ છે તે નિરંતર બ્રહ્માત્મા તત્ત્વમાંજ રમણ કરે. ગોપીકાઓને નિરંતર કૃષ્ણ પરમાત્માનુજ ધ્યાન હતું. તેજ પ્રમાણે જ્ઞાનીને નિરંતર સ્વસ્વરૂપના અભેદાનુભવનું ભાન રહે તેજ ખરા જ્ઞાની જાણવા.

અંધ શ્રદ્ધા પણ કેટલેક અંશે ઉપયોગી છે, કેમકે એવી શ્રદ્ધાથી પણ વૃત્તિનો એકાકાર પ્રવાહ થઈ સાક્ષાત્કાર પર્યંત જવાય છે. ભાવનામય પ્રદેશમાં વૃત્તિ સ્થિર કરવા જેટલી સાધકમાં પ્રબલતા નહિ હોય તો પાષાણ અથવા ધાતુ મૂર્તિ ઉપર શ્રદ્ધા પૂર્વક ધ્યાન કરવાથી વૃત્તિની એકાગ્રતા સિદ્ધ થાય છે. ભગવાન પતંજલીએ યોગ સૂત્રમાં વિતર્ક યોગ કહ્યો છે, તેનું રહસ્ય પણ ચિત્તની એકાગ્રતા સંપાદન કરવા માટે છે. આપણા આર્યાવર્ત્તમાં મૂર્ત્તિપૂજા પણ એવી ચિત્તની એકાગ્રતા સંપાદન કરવાનેજ તેવા અધિકારીઓ માટે આવશ્યક ગણવામાં આવેલી છે. સાધકે ગમે તે પ્રકારે ચિત્તની અથવા વૃત્તિની એકાગ્રતા પ્રાપ્ત કરવાની છે. તેથી મૂર્ત્તિ અથવા પૂજ્ય ઉપર ભક્તિભાવ રાખવો, સાધકને પરમોપયોગી છે. માટે સાધકે પૂજ્ય ઉપર પ્રેમ રાખી હૃદયની પૂજા અર્પવા યત્નવાન રહેવું. કાંઇ પણ સ્વીકારવું નહિ એવી બુદ્ધિની તોછડાઇ કરતાં યોગ્યને પૂજા નહિ અર્પવાની ભુલ વધારે હાનિકારક છે.

પાશ્ચાત્ય કેળવણીથી આપણા યુવકોમાં, અાજ્ઞાકારિત્વ, ભૂ-

અનુભવનું માન, હૃદય અને બુદ્ધિની પૂજા, અને ભક્તિ જોઃ વામાં આવતાં નથી. અને પોતાની મરજીમાં આવે તેવા વિચાર નું સ્વાતંત્ર્ય એવા જનોમાં જોવામાં આવે છે. પરંતુ આવા તેઓના આચાર અને વિચારથી આત્મોન્નતિ, તથા દેશોન્નતિ કદાપિ થવાની નથી. કશાને માનવુંજ નહિ, પોતાના હૃદયની પૂજા પોતાનેજ અર્પવી એવું પોતાને વિષે જે અભિમાન, એ વિનાશનું જ મૂળ છે. વયોવૃદ્ધ, ગુણવૃદ્ધ એવી શિષ્ટ પરંપરાનો અસ્ત થયો છે, અને સર્વત્ર હું અને હું એવી અભિમાનનીજ લાગણી જોવામાં આવે છે. સાધકે સત્સમાગમ, સજ્જન સચ્ચારિત્રની નિરંતર સેવા, કરવા તત્પર રહેવું. અને એમાંજ કલ્યાણ છે; જે મહાન્ છે તેને નમો, ભક્તિથી નમો, અંતઃકરણ પૂર્વક ભક્તિ ભાવથી હૃદયની પૂજા અર્પો, તેજ તમારૂં કલ્યાણ છે. સામાનું માપ કરવા કરતાં પોતે પોતાનાં અંતઃકરણનું માપ કરતાં શીખો. મહાભારતમાં યુધિષ્ટિર તથા દુર્યોધનના દ્રષ્ટાંત છે. યુધિષ્ટિરને કોઇ મનુષ્યમાં દુર્ગુણ નહિ જણાયો, અને દુર્યોધનને કોઇ મનુષ્યમાં સદ્‌ગુણ ન જણાયો. કારણ એનું એજછે કે દરેક મનુષ્ય પાસે પોતાના અંતઃકરણરૂપ માપ છે, તે જેનું શુદ્ધ હોય તેને બાહ્ય પણ શુદ્ધતાજ જણાય; જેનું મલીન હોય તેને બાહ્ય પણ મલીનતાજ જણાય. માટે સાધકે પરદોષો, પરનિંદા ઉપર દ્રષ્ટિ નહિ રાખતાં તેવા દોષો પોતાનામાં કેટલે અંશે છે; અને તે દૂર કરવા કેવા પ્રયત્નની જરૂર છે તેનુંજ અવલોકન કરતા રહેવું. અને જેને ઘટે તેને તેવી હૃદયની પૂજા અર્પવા જરા પણ આચકો ખાવો નહિ. આટલા વિવેચન ઉપરથી હવે સાધકને સમજાયું હશે કે જ્ઞાનની શરૂઆત શ્રદ્ધાથીજ થાય છે. અને જ્ઞાન પ્રાપ્તિને અર્થે શ્રદ્ધા પરમોપયોગી છે.

આ પ્રમાણે શમાદિ ષટ્ સંપત્તિમાંના શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, એટલાં પાંચ અંગનું વિવેચન થયું. હવે સમાધાનનું વિવેચન કરવું પ્રાપ્ત થાય છે. સાધન સંપત્તિમાં મુખ્ય

વિવેક અને વૈરાગ્ય છે. વિરાગને પુષ્ટ કરવાને શમ, દમ, ઉપરતિ, ઉપયોગના છે. વિવેક તો અદ્વૈત તત્ત્વને ઓળખનાર હોઇ સર્વત્ર અનુગત છે. અને વિવેકે કરી અનાત્મ વસ્તુઓથી જુદું પાડેલું તત્ત્વ સમતામાં રહેવા યોગ્ય થાય છે.

દ્રષ્ટા સત્ય છે, દૃશ્ય મિથ્યા છે, એવું વિવેકજ્ઞાન ઉદય થ-વાથી દૃશ્ય ઉપર અનાદર થાય છે, અને વૈરાગ્ય થવા માંડે છે. પરંતુ સાધકે લક્ષમાં રાખવું કે દૃષ્ટાત્મા પોતે જેવી રીતે સત્ય છે, તેવીજ રીતે જેટલું જેટલું ચૈતન્ય છે તે પણ સત્ય છે. તેથી સ્વાર્થ પરાયણ ન થતાં સર્વત્ર સમદૃષ્ટિ અનુભવવી; અને એ સ-મતા પ્રાપ્ત કરવાને અર્થે સમાધાનનો વિચાર આવશ્યક છે. શંકર ભગવાને સમાધાનનું લક્ષણ આપ્યું છે કે—

सर्वदा स्थापनं बुद्धेः शुद्धे ब्रह्मणि सर्वदा ।
तत्समाधानमित्युक्तं न तु चित्तस्य लालनं ॥

અર્થ.—બુદ્ધિને સર્વદા શુદ્ધ એવા બ્રહ્મને વિષે સ્થાપન કરવી તે સમાધાન કહેવાય, ચિત્તનું લાલન તે સમાધાન નથી. હૃદયને અભેદ ભાવનાનો અતુલ વેગ લાગવો જોઇએ. એ વેગ લાગેલો હોય તે વખતે તો સર્વ જગત્ અભેદમય અનુભવાય. પણ તે વેગમાં વિક્ષેપ નહિ પડે તેટલા માટે હૃદયમે સબળ વેગ લાગી રહેવો જોઇએ. હૃદયમાં કૃપણતા, સાંકડા વિચાર, સ્વાર્થની અનેક રચનાઓ રાગ દ્વેષાદિ કલેશો વિસ્તરે છે, તે હૃદયને કોઈ પણ ભાવનાનું પ્રબળવેગ નહિ લાગવાથીજ ઉઠે છે. અભેદ ભાવના ઉ-પર હૃદયનો સંપૂર્ણ વેગ રહે એમ હૃદયને સંપૂર્ણ ભારી મુકવું જોઇએ. કોઈ પણ પ્રકારની ભાવના ગમે તો સંગીતની, કાવ્યની પરોપકારની, ધર્મની, કર્મની, કોઈ પણ પ્રકારે હું અને હુંનો વિસ્તાર કરનાર સ્વાભિમાનમે ભુલી શકાય તેવી ભાવનાનો વેગ જે હૃદયને લાગ્યો નથી, તેવા જનોને કૃપણતામાંથી મુક્ત થઈ અભેદાનુભવનાં આનંદમાં દૃષ્ટિ કરવાનો પણ અવકાશ નથી.

જગતમાં જે મનુષ્યો છે તેમાંનો ઘણો ભાગ દુઃખની બૂમો પાડનાર અને તેમાંથી છૂટવાનો ઉપાય ન કરનારાઓનોજ છે. અને એવા જનોએજ આ સંસારને અનર્થમય કરી મૂકયો છે. અને ક્ષુદ્ર જીવનમાંજ સર્વસ્વ માની ક્લેશની જાળ વધારી મુકેલી દૃષ્ટિ ગોચર થાય છે. આ સાધન સંપત્તિનો વિવેક, સાંકડી અને ક્લેશકારી દૃષ્ટિનો વિનાશ કરી અભેદમયી દૃષ્ટિ કરી તેનો વેગ હૃદયમાં સર્વ કાળને માટે રહે તે અર્થેજ છે. અભિમાન અને કૃપણુતાથી અધ્યાસ અને ભેદમય સૃષ્ટિ ભાસે છે; તેને હૃદય વિસ્તારથી નિર્મૂળ કરવા આ સાધનસંપત્તિનો ઉપક્રમ છે. અંતઃકરણની વૃત્તિજ સઘળું જગત્ રચે છે. પ્રથમ અભિમાનાકાર થાય છે; અને ઇષ્ટ અનિષ્ટનો તે વૃત્તિ આકાર ધારણ કરી અનેક વિક્ષેપ વિસ્તારે છે. એવી જે ભેદમયી દૃષ્ટિ, તેને અભેદમયી કરવાથી મોક્ષનું દ્વાર હાથ આવે છે. બાહ્યસૃષ્ટિ છે, તે અંતઃકરણનોજ પરિણામ છે. અંતઃકરણમાંથી ભેદમયી સૃષ્ટિ જતી રહી તો બાહ્ય સૃષ્ટિ છેજ નહિ. અભ્યાસ અને વૈરાગ્ય એ વૃત્તિને અભેદમયી કરવાને પરમ ઉપયોગી છે. વૃત્તિ જે જે આકાર ધારણ કરે તેમાં વિરાગની ભાવનાએ કરી વૃત્તિને નહિ જવા દેતાં અંતઃકરણના પ્રદેશમાં સ્થિર કરવી. અને જ્ઞાનદૃષ્ટિથી અભેદભાવનામાં એકાગ્રતા કરવાનો અભ્યાસ રાખવો. સાધકને વૃત્તિનો નિરોધ કરવામાં અભ્યાસ અને વૈરાગ્ય એ બેજ સાધન છે. ગીતામાં તેમજ યોગસૂત્રમાં એ બેજ સાધનો કહ્યાં છે. પરંતુ દરેક પ્રકૃતિને એક રીતિ અનુકૂળ થતી નથી, અને અનેક પ્રક્રિયાઓ તેથી મહાત્માઓએ કહેલી છે પણ ચતુઃસાધન સંપત્તિનો માર્ગ સર્વમાન્ય ગણવામાં આવેલો છે. શમ, તથા દમથી પરમ વિરાગને ઉપયોગી, ઇંદ્રિય તથા મનનો નિગ્રહ સિદ્ધ થાય છે. ઉપરતિથી વિરાગની ભાવનામાં દૃઢ સ્થિતિ થઇ રહે છે; અને તિતિક્ષાથી આત્મિક ઓજનો વ્યય નહિ થતાં વિરાગ સુદૃઢ થઇ રહે છે. આ ચારે સાધન વિરાગને અનુભવમાં આણવા

માટે છે. શમાદિ સંપત્તિમાંના છેવટના બે સાધન શ્રદ્ધા અને સમાધાન છે તે વિવેકની ભાવનાને સુદૃઢ કરી અનુભવ ઉપજાવવાને માટે કહેવામાં છે. શ્રદ્ધાનો અતુલ પરિપાક થતાં બુદ્ધિએ કરેલો નિશ્ચય, આચાર કોટીમાં ઉતરી, વિવેકે કરી વસ્તુનું પરોક્ષ જ્ઞાન થવું, તે અપરોક્ષ થઇ શકે છે. આપણે આગળ કહી આવ્યા કે માનવું એવું થવું તેજ અપરોક્ષાનુભવ છે. વિવેકે કરી આત્મભાવના ઉપર શ્રદ્ધાવાન થવું હૃદય દરેક વસ્તુમાં સમાધાનજ અનુભવતાં દરેક વસ્તુ વિચાર આત્મસત્તાથી ભિન્ન નથી; એમજ અનુભવમાં આવશે. માટેજ એવા હૃદયમાં નિત્યશુદ્ધબુદ્ધમુક્તસ્વભાવ વસ્તુનું ભાન સર્વદા થઇ રહે છે. અને એમજ થવું જોઇએ, પણ શ્રદ્ધા થયા છતાં હજી કોઈ કચાસ હોય ત્યાં સમાધાનનો અભ્યાસ કરવો, અને સર્વદા શુદ્ધબ્રહ્મને વિષેજ અંતઃકરણની વૃત્તિ માત્રજ સર્વદા વિચર્યા કરે એવું સમાધાન પ્રાપ્ત કરવાને જે જે પદ્ધતિ, યુક્ત વિચાર, કાર્યાદિ હોય તેનું સેવન કરવું. અને વિવેકને શ્રદ્ધાથી ભાવનામાં દૃઢ કર્યો હોય ત્યાંથી સમાધાન દ્વારા આચારમાં આણી મૂકવો. આ પ્રકારે ચિત્તવૃત્તિનું બ્રહ્મમયત્વ સમજવું તે સમાધાન છે.

પરંતુ હવે શંકર ભગવાને સમાધાન શું નથી, એમ જે લક્ષણ કહ્યું તેને વિષે પણ કાંઇક વિવેચન કરીએ. ચિત્તનું લાલન કરવું તે સમાધાન નહિ. અંતઃકરણનો પરિણામ તે વૃત્તિ કહેવાય છે. અને અંતઃકરણમાંથી પ્રથમે ચિત્ત અથવા મનરૂપે વૃત્તિ ઉઠી બાહ્ય પ્રદેશમાં પદાર્થાકાર થાય છે. જે સાધકને એ વૃત્તિને ઓળખવાનો માર્ગ હાથ લાગ્યો હશે, તેને અનુભવમાં આવ્યું હશે કે જ્ઞાનમાત્ર, વૃત્તિજ્ઞાનજ છે. આ પ્રમાણે વૃત્તિ જે જે વિષયાકાર થાય તે વિષયને વૃત્તિ ગ્રહણ કરે નહિ; પણ તે વૃત્તિનો સાક્ષી, જે વૃત્તિનો વિષય થતો નથી, તેને ઓળખવો કે તેથી વૃત્તિને તે વિષયમાં ચોંટાડવી નહિ. અને જે જે ક્રિયા વિચારાદિ થાય તેમાં વૃત્તિ રમણ નહિ કરે, પણ વૃત્તિ અ-

ચિદાનમાં લય પામે. એટલે વૃત્તિનું સ્વરૂપજ તત્ત્વમાં લય થઇ જાય તોજ અભેદાનુભવનો સાક્ષાત્કાર અનુભવાય. માટે ચિત્તનું લાલન કરવું નહિ. એમ જે લક્ષણમાં શંકરભગવાને ઉમેર્યું છે તે યથાર્થજ છે. વૃત્તિ જ્યારે પોતાનો વિનાશ સાધી, સાક્ષીને પોતાના વિષય તરીકે નહિ પણ પ્રકાશક તરીકે ઓળખે ત્યારેજ જ્ઞાન થયું કહેવાય. વૃત્તિએ કરી સાક્ષીનો અનુભવ કરવાની અનેક પ્રક્રિયા વેદાંતશાસ્ત્રમાં કહેલી છે. અત્ર એ સબંધી અધિક વક્તવ્ય અપ્રાસંગિક છે. અનુકૂળતા આવે એક જુદા લેખમાં દર્શાવવા યત્ન કરીશું. સમાધાન ત્યારે એજ છે કે વૃત્તિ કોઇ પણ પ્રયત્ન વિના પોતાના ઉદયની સાથે સાક્ષીને ઓળખતી થાય અને સમ એવા બ્રહ્મને વિષે સર્વદા તેનું સ્થાપન રહે. દ્વંદ્વ ધર્મોથી અંતઃકરણને ક્ષુભિત નહિ થવા દેતાં સમતામાં રહે એવી સ્થિતિ પ્રાપ્ત કરવી એજ સમાધાન છે. ગમે તે પ્રકારે સમત્વ સાચવવું. અનેક વૃત્તિઓમાં પણ નિવૃત્તિની સમતાને ખસવા દેવી નહિ. આવી સમતા પ્રાપ્ત કરવાને શાસ્ત્રમાં અનેક પ્રક્રિયાઓ કહેવાયલી છે. જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગાદિ ગીતામાં ત્રણ માર્ગ ભગવાને બતાવ્યા છે તેનું તાત્પર્ય સમતા રાખવી અને અંતઃકરણમાં સમાધાન અનુભવવું એજ છે. સાધકને જે પ્રક્રિયા રૂચે તે ઉપયોગમાં લેવી. અધિકારી અનેક તરેહના હોય છે અને શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન તરેહની વ્યવસ્થા કરવામાં આવેલી છે. સર્વે પ્રક્રિયા એકજ અધિકારીએ કરવી, એવો શાસ્ત્રનો હેતુ નથી. શિવમહિમ્નમાં પુષ્પદંતે કહ્યું છે કે

> रुचीनां वैचित्र्यात् ऋजुकुटिलनानापथजुषां ।
> नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥

અર્થ. જેમ નાના પ્રકારના સીધા અને વાંકા માર્ગોએ વહેનારા નિર્ઝરો પરિણામે સમુદ્રમાંજ લય પામે છે, તેમ રૂચિના વિચિત્રપણાને લીધે સીધા, વાંકા, આડા અવળા, એમ વિવિધ

પંથોના સ્વીકારનાર મનુષ્યોનું પણ તું એકજ શરણ સ્થાન છે.

આવું જે પરબ્રહ્મરૂપ સમ જેને સાધકે અનુભવવાનું છે તેને માટે ગમે તે એક પ્રક્રિયાનો આશ્રય કરી સમાધાનનો અભ્યાસ રાખવો. સંસારમાં અનેક આપત્તિ વિપત્તિ આવી પડતાં અભ્યાસથી સમાધાનનો માર્ગ અનુભવમાં આવતાં સમતાથી પ્રચ્યુત થવાશે નહિ, અને નિત્યાનંદમાં નિમગ્ન રહેવાઇ ચિત્તની પરમ શાન્તિ રહેશે. સમાધાને કરી ચિત્તની વ્યગ્રતા નહિ થઇ તો સાધકના આત્મબળનો વ્યય થશે નહિ. અને અભ્યાસમાં વધારે સુદૃઢ થવાશે. ગમે તે દ્વંદ્વથી નિર્મુક્ત રહેવાય તોજ ચિત્તની સમતા રહેશે.

સાધન ચતુષ્ટયના ત્રણ સાધનનું આ પ્રમાણે આપણે વિવેચન કરી રહ્યા. આચાર્ય શંકર ભગવાન ચતુષ્ટય સાધન સમુચ્ચય, અધિકારી (પ્રમાતા) નું વિશેષણ માને છે. બીજા કેટલાક શાસ્ત્રકારો ફક્ત મુમુક્ષુતાને અધિકારીનું ;વિશેષણ માને છે. તાત્પર્ય એમ છે કે ચતુષ્ટય સાધન સંપન્ન પુરૂષ અધિકારી છે એમ શંકર ભગવાન માને છે. અને બીજા અદ્વૈતમતાનુસાર ગ્રંથકારો મુમુક્ષુતા એજ અધિકારીનું લક્ષણ છે એમ કહે છે. અને વિવેક વૈરાગ્ય શમાદિ ષટ્ સંપત્તિ એ મુમુક્ષુતાના સાધન છે; એટલે મુમુક્ષુતા પ્રાપ્ત થઇ કે બીજાં ત્રણ સાધન સિદ્ધ થઈ રહ્યાં એવું તેઓનું માનવું છે. આચાર્ય ભગવાનના અભિપ્રાય મુજબ ચારે સાધનો જુદાં જુદાં સિદ્ધ થઇ અધિકારી થાય છે. આ બંને મત ઉપરથી એમ સિદ્ધ થાય છે કે મુમુક્ષુતાની આવશ્યકતા છે અને હવે તેનો વિચાર કરવો પ્રાપ્ત થાય છે.

॥ मुमुक्षुता ॥

સાધન ચતુષ્ટયના ત્રણ સાધનનો વિચાર કરી રહ્યા હવે ચતુષ્ટય અને છેવટનું સાધન જે મુમુક્ષુતા છે તે વિષયે વિચાર કરવો પ્રાપ્ત થાય છે મુમુક્ષુતાનું લક્ષણ શંકર ભગવાને વિવેકચૂડામણિમાં કહ્યું છે કે.

अहंकारादिदेहान्तान् बन्धानज्ञानकल्पितान् ।
स्वस्वरूपावबोधेन मोक्तुमिच्छा मुमुक्षुता ॥

અર્થ. અહંકારથી દેહ સુધીના જે બંધો અજ્ઞાનથી કલ્પાએલા છે તેઓને સ્વસ્વરૂપના અવબોધથી મુકી દેવાની જે ઇચ્છા તેને મુમુક્ષુતા કહે છે. અહંકારથી દેહ સુધીના સઘળા પદાર્થોને બંધ કહે છે ત્યારે બંધનું સ્વસ્વરૂપ વિશેષ ધ્યાનમાં રહેવા કહીએ.

अतस्मिंस्तद्बुद्धिः प्रभवति विमूढस्य तमसा
विवेकाभावाद्वै स्फुरति भुजगे रज्जुधिषणा ।
ततोऽनर्थव्रातो निपतति समादातुरधिक-
स्ततो योऽसद्ग्राहः स भवति बन्धः शृणु सखे ॥

અર્થ. જેમ વિવેકના અભાવને લીધે સર્પમાં "રજ્જુ છે" એવી બુદ્ધિ થાય છે તેમ અજ્ઞાનથી મૂઢ થયેલા પુરૂષને અનાત્મામાં "આત્મા છે" એવી બુદ્ધિ થાય છે. એ બુદ્ધિને લીધે અનાત્માને આત્મા કરી લેનારને અપાર અનર્થોનો સમૂહ ઉત્પન્ન થતાં તેથી જે મિથ્યા આગ્રહ ઉત્પન્ન થાય છે તેને હે સખે બંધ કહે છે.

બંધ એટલે અધ્યાસ—જે જે રૂપે નથી તેને ભ્રાન્તિથી બીજા રૂપે કલ્પવું. આત્મા અને અનાત્માના અવિવેકને લીધે, એટલે તેઓના વાસ્તવ સ્વરૂપના અજ્ઞાનને લીધે અનાત્માને આત્મા માનવો. તેમજ આત્માને અનાત્મા માનવો. એ રીતે આત્મા તથા અનાત્માનો અન્યોન્યાધ્યાસ છે. અને એ અધ્યાસનેજ અવિદ્યા,

અજ્ઞાન, માયા કહે છે. આત્મા નિત્ય મુક્ત છે, તેને વિષે ત્રિકાલે બંધ નથી. પરંતુ અનાદિ અવિદ્યાને લીધે બંધ થયો છે. તે બંધને સ્વસ્વરૂપના અવબોધથી મટાડવાની તીવ્ર ઇચ્છા (વિવિદિષા) ઉત્પન્ન થવી તેને મુમુક્ષુતા કહે છે.

ત્યારે એ અધ્યાસ તે શું છે. શંકર ભગવાન કહે છે કે "**स्मृतिरूपः परत्र पूर्वदृष्टावभासः**" આ અધ્યાસના લક્ષણને દ્રષ્ટાંતથી સમજાવીએ. કોઇ મનુષ્ય સમુદ્ર કિનારે ફરવા જાય છે, તેને અકસ્માત્ એક શીપ દ્રષ્ટિમાં આવે છે કે તુરત તેને આ "રૂપું" છે એવું ભ્રાન્તિજ્ઞાન થઇ જાય છે; વિશેષ વિચાર કરવાથી ભ્રાન્તિ મટી જતાંજ, શીપના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થતાં "આ રૂપું છે" એવું જે ભ્રાન્તિજ્ઞાન થયુ હતું તેને બદલે આ "શીપ" છે એવું જ્ઞાન થાય છે. પરંતુ જ્યાં સુધી આ "રૂપું" છે એવું જ્ઞાન રહે છે, ત્યાં સુધી તે જ્ઞાન ભ્રાન્તિ છે અને તેને અધ્યાસ કહે છે. અને એ અધ્યાસ સ્મૃતિરૂપ, પરત્ર, પૂર્વદ્રષ્ટાવભાસ છે. સત્ય રૂપુ હોય તે તો તેના યોગ્ય સ્થાને ભાસે, એટલે રૂપાંને વિષેજ રૂપુ ભાસવું જોઇએ, પરંતુ શુક્તિને વિષે જ્યારે રૂપુ ભાસે તો તે રૂપાનુ અયોગ્ય સ્થાન છે; એટલે અન્ય સ્થાને અન્ય વસ્તુ ભાસે છે. તેથી પરત્ર એવું વિશેષણ એ અધ્યાસનું કર્યું છે. રૂપાંને પૂર્વે જે મનુષ્યે જોયલું હોય તેનેજ શીપને વિષે રૂપાનું જ્ઞાન થાય. તેથી પૂર્વદ્રષ્ટાવભાસ એટલે પૂર્વે સત્ય રૂપાનો જેને અનુભવ થયો હોય, તેવાને શીપને વિષે અકસ્માતજ "આ રૂપુ છે" એવું જ્ઞાન થાય છે; તે પૂર્વ સંસ્કારદ્વારા એક અવભાસ માત્રજ છે. પૂર્વે અનુભવ કરેલી વસ્તુનીજ સ્મૃતિ થાય છે "આ રૂપુ છે" એ જ્ઞાન "સ્મૃતિ" નથી. પરંતુ સ્મૃતિ જેવું જેનું રૂપ છે. સ્મૃતિ માનીએ તો અનિર્વચનીય ઉત્પત્તિ શુક્તિને વિષે રૂપાંની થાય છે, એમ સિદ્ધાંત હોવાથી વિરૂદ્ધ થાય; તેથી "આ રૂપુ છે" એ જ્ઞાનને "સ્મૃતિ સદ્દશ" સ્મૃતિનું

જેવું જેનું રૂપ છે, એમ માનેલું છે. અને શુક્તિને વિષે રૂપાંની અનિર્વચનીય ઉત્પત્તિ વેદાંત સિદ્ધાંતમાં માનેલી છે. સ્મૃતિને વિષે તો એકલો સંસ્કારજ કારણ છે. પણ આ અવભાસની ઉત્પત્તિને વિષે તો સંસ્કાર તેમજ દોષાદિ પણ કારણ હોવાથી "આ રૂપુ છે" એ ભ્રાન્તિ જ્ઞાનને સ્મૃતિ નહિ માનતાં સ્મૃતિ જેવું જેનું રૂપ છે, એમ માનેલું છે; પણ એ સ્મૃતિ નથી.

આ દ્રષ્ટાંતથી અધ્યાસ એટલે બંધનુ સ્વરૂપ કેવું છે, તે સમજાયું. હવે એને સિદ્ધાંતમાં જોડીએ. આત્માને વિષે અહંકારાદિથી દેહ પર્યંતનો જે બંધ એટલે અધ્યાસ છે તે પણ મિથ્યા છે, અને શુક્તિને વિષે રૂપાંનુ જ્ઞાન જેમ મિથ્યા છે, તેમ આત્માને વિષે બંધ મિથ્યા છે. આવો બંધ મિથ્યા છતાં નૈસર્ગિક છે. અને તેને મટાડવાની તીવ્ર ઈચ્છા થવી તેનેજ મુમુક્ષુતા કહે છે. નૈસર્ગિક એટલે કુદરતી સ્વાભાવિક જેવો છે. અહંકારથી માંડી દેહ પર્યંતના સઘળા પદાર્થો બંધ છે, અને તે વસ્તુમાં એટલે અદ્વૈતતત્ત્વ આત્મામાં અજ્ઞાનથી કલ્પાએલા છે. તેને સ્વસ્વરૂપના અવબોધથી મટાડવાની ઈચ્છા તે મુમુક્ષુતા. જેના અજ્ઞાનથી જે વસ્તુ કલ્પાએ, તે તેના જ્ઞાનથી મટે. સત્ય વસ્તુનો નાશ જ્ઞાનથી કદાપી નહિ થાય. જે મિથ્યા કલ્પિત હોય તેનો જ જ્ઞાને કરી નાશ થાય. તેથી શુક્તિને વિષે જેવી રીતે રૂપુ મિથ્યા છે, તે શુક્તિના યથાર્થ જ્ઞાનથી મટે છે. તેવીજ રીતે આત્માને વિષે અહંકારાદિથી દેહ પર્યંતના બંધ કલ્પિત હોવાથી આત્માના યથાર્થ જ્ઞાનથી મટી શકે છે. સ્વસ્વરૂપ એટલે પ્રત્યક આત્મા નિજરૂપ તેના અપરોક્ષ (પ્રત્યક્ષ) જ્ઞાનથી અહંકારથી માંડી દેહ પર્યંતનો સઘળો પ્રપંચ જે પ્રત્યક્ષ છે તેને મટાડવાની ઈચ્છા એ મુમુક્ષુતા એમ લક્ષણ કર્યું, એમાં રહસ્ય એવું છે કે, આત્મસાક્ષાત્કાર, હૃદયમાં રહેલી બુદ્ધિવૃત્તિમાંજ થઈ શકે છે. બ્રહ્મ ચૈતન્ય જે સર્વત્ર સામાન્ય વ્યાપક છે, તેનો બાહ્ય

પ્રદેશમાં અનુભવ થતો નથી, પણ અંતઃકરણના પ્રદેશમાંજ એટલે આત્માના પ્રદેશમાં અપરોક્ષાનુભવ થઈ શકે છે. અને તેથીજ બ્રહ્મના અવબોધને બદલે "સ્વસ્વરૂપના અવબોધથી" એવું જે લક્ષણ કર્યું છે તે યથાર્થજ છે.

અહંકારથી દેહ પર્યંતના પદાર્થો મિથ્યા કેવી રીતે છે તેનો અત્ર વિચાર કરીએ, કેમકે સાધકને પ્રશ્ન ઉઠવાનો સંભવ છે. સુષુપ્તિ એટલે ગાઢ નિદ્રામાં આપણે હોઇએ તે વખતે આપણને આપણા સ્થૂલ શરીરનું ભાન હોતું નથી, તેમજ સૂક્ષ્મ શરીરનું પણ ભાન રહેતું નથી; પરંતુ નિજ સ્વરૂપનું ભાન તો તે વખતે પણ રહે છે, કેમકે જાગ્રત થયા પછી આપણે કહીએ છીએ કે "હું સુખે સુતો કાંઈ જાણ્યું નહિ." અનુભવેલી વસ્તુનુંજ સ્મૃતિજ્ઞાન થાય છે. સુષુપ્તિમાં એ રીતે ચૈતન્ય આત્માનું ભાન હતું. આત્માનો ચૈતન્ય રૂપ પ્રકાર નહિ હોય તો જાગૃત થયા પછી સ્મૃતિ નહિ થવી જોઇએ એજ પ્રમાણે જાગૃત તથા સ્વપ્નમાં પણ ચૈતન્ય આત્માનું ભાન છે. પરંતુ એક અવસ્થાના પદાર્થો, બીજી અવસ્થામાં જણાતા નથી. જાગૃતનાજ પદાર્થો સ્વપ્નમાં આવે છે. એમ પણ કહી શકાતું નથી. જે પદાર્થો હમેશાં રહેતા નથી, તે નાશવંત હોય છે. આત્મા ત્રણે અવસ્થામાં અનુગત રહે છે; તેથી તેજ સત્ય છે. અહંકારથી દેહ પર્યંતના સઘળા પદાર્થો એક અવસ્થા છોડી બીજી અવસ્થામાં રહેતા નથી. તેથી તે સઘળા પદાર્થો મિથ્યા છે. આ સઘળી પ્રક્રિયા તો સાધનચતુષ્ટય થયા પછી શ્રવણ વખતે ગુરૂમુખ સમજવાની છે. તેથી અત્ર તેનો વિસ્તાર કરવો ઉચિત નથી. એક સૂચન માત્રજ દર્શાવ્યું છે.

સાધક મુમુક્ષુ થયો ક્યારે કહેવાય? અને તેનામાં કેવા ગુણોનું પ્રાધાન્ય હોવું જોઇએ; એ વિચાર કરીએ. અષ્ટાવક્રજીએ જનકને કહ્યું છે કે

मुक्तिमिच्छसि चेत्तात विषयान् विषवत्त्यज ।
क्षमाऽर्जवदयातोषसत्यं पियूषवद्भज ॥

અર્થ.—હે તાત (બાળક) તું જો મુક્તિની ઇચ્છા રાખતો હોય તો, વિષયોને વિષ પેઠે જાણી ત્યજ, અને ક્ષમા, આર્જવ, દયા, સંતોષ, સત્ય એ ગુણોને અમૃતની પેઠે ભજ.

આવા ઉત્તમ સદ્‌ગુણો સાધક મુમુક્ષુમાં અવશ્ય સ્ફુરવા જોઇએ. તેમજ ગીતામાં કહેલા દૈવી સંપત્તિ આદિ ગુણો પણ સાધકમાં આવવા જોઇએ તેમજ અમાનિત્વાદિ ગીતાના તેરમા અધ્યાયમાં કહેલાં લક્ષણો પણ સાધકમાં હોવાં જોઇએ.

સત્વ ગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. એવું ગીતામાં ભગવાનનું વચન છે. સાધકે પોતાના મનમાં કેવા ગુણોનું પ્રાધાન્ય થઇ રહ્યું છે એનું નિરંતર લક્ષ રાખવું. આ જગત્ ત્રિગુણમય છે. અને આ દેહમાં પણ એ ત્રણ ગુણના મિશ્રણથી વિવિધ તરેહના ગુણોની પ્રધાનતા જણાય છે. આવરણશક્તિના સંસર્ગ વાળા પુરૂષને અનાસ્થા, ઉંધો નિશ્ચય અને સંશય કદાપિ છોડતા નથી; અને કર્મજનિત વિક્ષેપશક્તિ જે રજો ગુણના પ્રાધાન્યથી સ્ફુરે છે તે નિરંતર દુઃખ ઉત્પન્ન કર્યા કરે છે. અજ્ઞાન, આલસ્ય, જડતા, નિદ્રા, પ્રમાદ, અને મૂઢતાદિ તમોગુણના લક્ષણો છે. એ લક્ષણ વાળો પુરૂષ કાંઈ સમજતો નથી, પણ ઉંઘાએલાની પેઠે સનજડ રહે છે. સત્વ ગુણ જો કે જલની પેઠે શુદ્ધ છે, પરંતુ જ્યારે રજોગુણ અને તમો ગુણથી મિશ્રિત થાય છે ત્યારે લિંગ શરીરરૂપ થાય છે. અને અંદર પ્રતિબિંબિત થએલો આત્મા સૂર્યની પેઠે સઘળા જગતને પ્રકાશ કરે છે. લિંગ શરીરમાં મુખ્ય મન છે. અને તે આ જગતરૂપ ભ્રાન્તિ ઉત્પન્ન કર્યા કરે છે. પણ જ્યારે સાધકમાં નિર્માનપણું, યમાદિ નિયમો જેનું વર્ણન પાછળ કરવામાં આવ્યું છે તે, શ્રદ્ધા, ભક્તિ, મુમુક્ષુપણું દૈવી સંપત્તિ, અને દુષ્ટ પદાર્થોથી નિવૃત્તિ આ સઘળા ગુણો,

જેઓ મિશ્રિત સત્વ ગુણના ધર્મો છે, તેઓનું પ્રાધાન્ય જણાય ત્યારેજ મુમુક્ષુતા પ્રાપ્ત થઈ એમ સમજવું.

પરંતુ આવો મુમુક્ષુ દુર્લભ છે. અને સાધકમાં એ સઘળા ગુણો એકો વખતે ઉદય થાય, એતો પૂર્વના મહાન્ તપનું ફળ જાણવું. અનેક જન્મમાં સંપાદન કરેલી શુભ વાસનાના સંસ્કાર-થીજ આ સઘળા ગુણો પ્રાપ્ત થાય છે. આપણે પ્રથમે કહ્યું છે કે સાધન સંપન્ન થઇને વેદાંત શાસ્ત્રનું શ્રવણ કરવું એવો આગ્રહ નથી. અને તેના પ્રમાણમાં શંકર ભગવાનનો વાક્યવૃત્તિ ગ્રંથ-નો શ્લોક કહ્યો છે. તેથી નિશ્ચય થાય છે કે આ જગતમાં સઘળાં સાધન સંપન્ન અધિકારી મળવો દુર્લભ છતાં વેદાંત વિચાર કર્ત્ત-વ્ય છે. તાત્પર્ય એવું છે કે વેદાંત વિચારની સાથે સાથે સાધનોનો પણ અવશ્ય વિચાર કરવો જોઇએ. કેમકે ચિત્ત શુદ્ધિ વગરનું શ્રવણ અપરોક્ષાનુભવ સુધી સાધકને પહોંચાડશે નહિ. ચતુષ્ટ્ય સાધનસંપન્નઅધિકારીને તો ગુરૂમુખ એકવાર વેદાંતવાક્યના શ્રવણથી જ્ઞાન થઇ શકે છે. એવી વેદાંતમહાવાક્યરૂપ શબ્દની અચિન્ત્ય શક્તિ છે. અને એક વાર જ્ઞાન થયું તો તે કદાપિ નષ્ટ થતું નથી. એવો વેદાંતનો સિદ્ધાંત છે. વર્ત્તમાન સમયમાં વેદાંતનાં અનેક પુસ્તકો પ્રગટ થયાં છે. ઘણા અભ્યાસીઓ પુસ્ત-કો વાંચી જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરેછે, પરંતુ તેઓમાંના ઘણામાં જ્ઞાનોદય થયો નથી એમ નિઃશંક કહી શકાય છે. આમ થવાનું કારણ સાધનની ન્યૂનતા સિવાય બીજું નથી. માટે સાધકે ઘણા પુસ્તકો વાંચવાની સાથે અધિકારી થવા પ્રયત્નવાન થવું જોઇએ. સાધનસંપન્ન થવું એજ કઠિણ છે. એમ છતાં સાધકે લક્ષ રા-ખવું કે પુરૂષાર્થથી સઘળું સાધ્ય થઇ શકે છે. સઘળાં સાધન સિદ્ધ નહિ થઈ શકે તો સાધકે ગુરૂ, શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખી સત્સમાગમ અવશ્ય રાખવો. સત્સમાગમ એ સર્વેથી ઉત્તમ સા-ધન છે. અને સમાગમથી સાધનસંપન્ન થવાશે. નિરાભિમાની થઇ સંત સમાગમ અવશ્ય રાખવા યત્નવાન થવું. આપણા શા-

આમાં ગુરૂકુળમાં વાસ કરવા વિષે વચનો છે તેનું તાત્પર્ય એજ છે કે મહાત્મા પુરૂષોની સાધારણ રીતિ કૃતિ પણ એવી હોયછે કે તેનું અનુકરણ શિષ્ય નિરંતરના સહવાસથી કરી લે છે. આપણી પ્રાચીન જ્ઞાન મેળવવાની પદ્ધતિ દિવસે દિવસે નિમૂળ થતી જાય છે અને આપણને ભાડુતી જ્ઞાન મળે છે. તે એટલું તો અપૂર્ણ છે કે ઉછરતી પ્રજામાં જે સદ્ગુણો જોઇએ તે બીલકુલ જણાતા નથી. આપણી પ્રાથમિક કેળવણીમાં ધર્મનું જ્ઞાન બીલકુલ આપવામાં આવતું નથી; અને ધર્મની બાબતમાં ઘરની કેળવણી નહિ જેવી થઇ પડી છે; તેથી સદાચાર, સદ્નીતિ, પ્રમાણિકપણું, સાહસ, ઐકચતા, ઉદ્યોગાદિ આપણામાં નષ્ટપ્રાય જેવા થઈ ગયા છે. અધિકારી જનો, ધર્મ એજ તમારૂં મનુષ્યત્વ છે પશુ અને મનુષ્યમાં આહાર, નિદ્રા, ભય, મૈથુનાદિ ધર્મો સાધારણ છે. પરંતુ મનુષ્યમાં વિશેષતા ધર્મ જ્ઞાનજ છે. જીવ, જગત, ઇશ્વર એઓના સ્વરૂપ તથા સંબંધનો વિચાર એજ ધર્મ છે. અને ધર્મ વગર નીતિ, ચારિત્ર કશું થઇ શકવાના નથી.

આટલાં વિવેચનથી સાધકને લક્ષમાં આવ્યું હશે કે મુમુક્ષુ થયા વગર જ્ઞાન પ્રાપ્ત થતું નથી. અને મુમુક્ષુતામાં વિવેક, વૈરાગ્ય શમાદિ ષટ્ સંપત્તિ, એ ત્રણ સાધનો સિદ્ધ થાય છે. સંસારબંધ અહંકારથી માંડી દેહ પર્યંત વિસ્તારને પામેલો છે. અને એજ બંધન કહેવાય છે. અને એ બંધ અજ્ઞાનથી કલ્પિત છે, તેને સ્વસ્વરૂપના જ્ઞાનથી મટાડવાની તીવ્ર ઇચ્છા એજ મુમુક્ષુતા એમ આચાર્ય ભગવાને જે લક્ષણ કર્યું છે તેનું રહસ્ય હવે સાધકના લક્ષમાં આવ્યું. અને એવી મુમુક્ષુતા પ્રાપ્ત કરી વેદાંતના શ્રવણ, મનન, અને નિદિધ્યાસન કરવાં કે જેથી પરમ પુરૂષાર્થ મોક્ષ સિદ્ધ થએ અનર્થની નિવૃત્તિ થઈ પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

॥ उपसंहार ॥

આ પ્રમાણે સાધનસંપન્ન અધિકારીએ વેદાંતનું શ્રવણ, મનન, અને નિદિધ્યાસન યોગ્ય તત્ત્વવેત્તા ગુરૂદ્વારા કરવાથી અદ્વૈતાત્મ સાક્ષાત્કાર સંપાદન થઇ શકે છે. પરંતુ મંદ બુદ્ધિ, વિષયમાં આસક્તિ, કુતર્ક, વિપર્યય, દુરાગ્રહાદિ પ્રતિબંધોને લીધે અજ્ઞાનનિવૃત્તિ થઈ પરમાનંદ સ્વરૂપ બ્રહ્મ ભાવની સ્ફૂર્તિ થતી નથી. વર્ત્તમાનમાં ઘણા યુવકો પાશ્ચાત્ય સંસર્ગોને લીધે સનાતન ધર્મ માર્ગના વેદે બાંધેલા નિયમો યથાર્થ પાળતા નથી. અને તેથી કોઇ પણ ધર્મ માર્ગે ચાલ્યા સિવાય ઐહિક તેમજ પારમાર્થિક ઉન્નતિ થઇ શકતી નથી. વેદાંતભાવના ધર્મ (અમુક નીતિએ સંસારમાં વર્તન રાખવું) અને તત્ત્વજ્ઞાન એટલે સત્ય વસ્તુનું શોધન જેમાં જીવ, જગત, ઇશ્વર ત્રણેનું ખરૂં સ્વરૂપ શું છે અને તેઓનો પરસ્પર શો સંબંધ છે તેનો વિચાર, એ બંને સિદ્ધ કરે છે. આ સંસારમાં મનુષ્યે જન્મ પામી સત્યાચરણ રાખી સત્ય કર્ત્તવ્ય કેવે પ્રકારે કરવું; અને એમ સદ્‌વર્ત્તન રાખવાથી સંસાર બંધનથી છુટી પરમાનંદ સ્વરૂપ બ્રહ્મભાવ કેવે પ્રકારે પ્રાપ્ત કરવો; તે સંબંધી સંપૂર્ણ વિચારો વેદાંત શાસ્ત્રમાં બુદ્ધિમાન અધિકારીઓને અનુકરણ કરવા યોગ્ય આપેલા છે. આવી મહાન તત્ત્વભાવના જે આપણાં જીવનનું તાત્પર્ય નિર્ણય કરી, કર્ત્તવ્ય કેવે પ્રકારે કરવું તેનો વિચાર દર્શાવે છે, તે યથામતિ બુદ્ધિમાં નહિ ઉતર્યાથી, અશક્યવત્ છે એમ માની ઘણા સાધકો પુરૂષાર્થથી શિથિલ થાય છે. માટે તેવા સાધકોને મારી નમ્ર પ્રાર્થના છે કે વેદાંતતત્ત્વજ્ઞાન, સાધનસંપન્ન થયા વગર બુદ્ધિમાં ઉતરી શકે એવું નથી. માટે તેઓએ સાધનસંપન્ન થવા યત્નવાન થવું. પરંતુ વર્ત્તમાન સમયની કેળવણીથી વ્યષ્ટિપ્રધાનભાવનાના સંસ્કારો સુદૃઢ થવાથી, અભિમાન ઘણું વધી જવાથી જ્ઞાનમાર્ગ સંપાદન થઈ શકતો નથી.

માટે એવા સુજનોને માટે નિર્ગુણ બ્રહ્મ ધ્યાન કેવે પ્રકારે કરવું તેનો અત્રે કાંઇક વિવેક દર્શાવી આ લેખની સમાપ્તિ કરીએ.

नित्याभ्यासादृते प्राप्ति र्न भवेत्सच्चिदात्मनः ।
तस्माद्ब्रह्म निदिध्यासे ज्जिज्ञासुः श्रेयसे चिरम् ॥

અર્થ.—નિરંતર અભ્યાસ કર્યા વિના સચ્ચિદાનંદસ્વરૂપ આત્માની પ્રાપ્તિ થતી નથી. માટે જીજ્ઞાસુએ બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ માટે ચિરકાળ સુધી બ્રહ્મધ્યાનરૂપ નિદિધ્યાસન કરવું. આ બ્રહ્મધ્યાનના પંદર અંગો નીચે પ્રમાણે છે અને શંકર ભગવાને અપરોક્ષાનુભૂતિમાં એનો યથાર્થ વિવેક કરેલો છે.

यमो हि नियमस्त्यागो मौनं देशश्च कालता ।
आसनं मूलबंधश्च देहसाम्यं च दृक्स्थितिः ॥
प्राणसंयमनं चैव प्रत्याहारश्च धारणा ।
आत्मध्यानं समाधिश्च प्रोक्तान्यंगानि वैक्रमात् ॥

અર્થઃ—યમ, નિયમ, ત્યાગ, મૌન, દેશ, કાલ, આસન, મૂળબંધ, દેહની સમતા, દૃષ્ટિની સ્થિરતા, પ્રાણસંયમ, પ્રત્યાહાર, ધારણા, આત્મધ્યાન, અને સમાધિ એ પંદર અંગોના નામ અનુક્રમે કહ્યાં.

હવે આ પંદર અંગોના લક્ષણો કહીએ તેમાં પ્રથમ યમનું લક્ષણ.

सर्वं ब्रह्मेति विज्ञानादिंद्रियग्रामसंयमः ।
यमोऽयमिति संप्रोक्तोऽभ्यसनीयो मुहुर्मुहुः ॥

અર્થઃ—સર્વ વ્યાપક બ્રહ્મ છે એવા જ્ઞાનવડે ઇંદ્રિયોનું બાહ્યત્વ થવું અટકાવવું તેને યમ કહે છે. આ યમનો વારંવાર અભ્યાસ કરવો.

યોગશાસ્ત્રાનુસાર યમનિયમાદિનું કંઇક વર્ણન આગળ આપવામાં આવ્યું છે અત્ર જે યમનું લક્ષણ કર્યું છે, તે રાજયોગ

ગાનુસાર છે. આવી રીતે નિરંતર અભ્યાસ કરવાથી ઇંદ્રિયો સ્વાધીન થશે. જીજ્ઞાસુએ બલવત્ ઇંદ્રિયોને વશ કરવી એ પ્રથમ કર્ત્તવ્ય છે. ઇંદ્રિયો પોત પોતાના વિષયોમાં લંપટ થઇ રહેવાથી બલનો વ્યય કરે છે. અને તેથી અદ્વૈત ભાવનામાં સ્થિર થવાતું નથી. માટે ઇંદ્રિયોને રોકવી એ સાધકનું પ્રથમ તેમજ આવશ્યક કર્ત્તવ્ય છે. ઇંદ્રિયો ઘણી બળવત્ છે અને પવન જેમ નાવને પોતાના તરફ ખેંચી જાય છે તેમ ઇંદ્રિયો પોતાના વિષય તરફ જીજ્ઞાસુને ખેંચી જઇ પુરૂષાર્થથી વિમુખ કરે છે. એટલાજ કારણથી ઇંદ્રિયોને રોકવા રૂપ યમ અભ્યાસીએ પ્રથમ કરવો આવશ્યક છે.

હવે નિયમનું લક્ષણ કહીએ.

सजातीयप्रवाहश्च विजातीयतिरस्कृतिः ।
नियमो हि परानंदो नियमात्क्रियते बुधैः ॥

અર્થ:—સજાતીયપ્રવાહે કરી વિજાતીય પ્રવાહનો તિરસ્કાર કરવો આ નિયમ પરમ આનંદરૂપ છે, અને વિવેકી પુરૂષો આ નિયમને આચરવાથી પરમાનંદસ્વરૂપ બ્રહ્મને પ્રાપ્ત થાય છે.

બ્રહ્મના, અસંગ, નિરાકાર, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, પરમાનંદ, વ્યાપક સ્વરૂપની ભાવના કરી તે બ્રહ્મ તેજ મારો આત્મા છે એવી ઐકયતાની ભાવના કરી એવા સજાતીય પ્રવાહની ભાવના દૃઢ કરવી. આવી ભાવનાની વિરોધી જે ભાવના તે વિજાતીય પ્રવાહ કહેવાય છે. માટે સજાતીય ભાવનાએ કરી વિજાતીય ભાવનાને હઠાવી નિરંતર આ પ્રમાણે નિરાકાર શુદ્ધ સ્વરૂપની ભાવનાનો અભ્યાસ રાખવો. આ અભ્યાસ દૃઢ થવાથી વિજાતીય ભાવના એની મેળે શાન્ત થઇ જશે.

હવે ત્યાગનું લક્ષણ.

त्यागः प्रपंचरूपस्य चिदात्मत्वावलोकनात् ।
त्यागो हि महतां पूज्यः सद्यो मोक्षमयो यतः ॥

અર્થ:—નામરૂપાત્મક સકળ જગતને પ્રકાશ આપનાર ચૈતન્ય

નસ્વરૂપ બ્રહ્મ, જગથી ભિન્ન છે; કેમકે બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ છે. જે જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાનનો વિષય થઇ શકતો નથી. ઘટનો જોનારો ઘટથી જુદો છે. તેમજ જગતનો દ્રષ્ટા જગતરૂપ દ્રશ્ય પદાર્થોથી ભિન્ન છે. એવા પ્રપંચના પ્રકાશક અધિષ્ઠાનરૂપ બ્રહ્મ જે સ્વયંપ્રકાશ છે તેનું ધ્યાન કરી પ્રપંચનો (નામરૂપ) ત્યાગ કરવો. એ ત્યાગજ વિદ્વાનોને માન્ય છે. અને એનો અભ્યાસ કરવાથી પરમાનંદસ્વરૂપ મોક્ષ અનુભવમાં આવે છે.

૬. મૌનનું લક્ષણ.

यस्माद्वाचो निवर्तंते अप्राप्य मनसा सह।
यन्मौनं योगिभिर्गम्यं तद्भवेत्सर्वदाबुधः॥

અર્થ. બ્રહ્મસ્વરૂપને વાણી મનસહિત નહિ પામીને પાછી વળે છે; એવું બ્રહ્મત્વ હોવા છતાં યોગીઓને તે પ્રાપ્ત થાય છે. માટે આવાં બ્રહ્મસ્વરૂપ મૌનનું અનુસંધાન નિરંતર કરવું.

वाचो यस्मान्निवर्तंते तद्वक्तुं केन शक्यते।
प्रपंचो यदि वक्तव्यः सोऽपि शब्दाविवर्जितः॥

અર્થ. જેનાથી વાણી નિવૃત્ત થાય તેને કેમ કહી શકાય. એટલે બ્રહ્મ વાણીનો અવિષય છે, તેમ આ સંસાર પણ સત્ અસત્થી વિલક્ષણ અનિર્વચનીય છે, એટલે આ જગત્રૂપ પ્રપંચના સ્વરૂપનો નિર્ણય થઇ શકતો નથી. આવી રીતના જ્ઞાને કરી બ્રહ્મ સ્વરૂપે રહેવા રૂપ મૌનનો અનુભવ કરવો.

इति वा तद्भवेन्मौनं सतां सहजसंज्ञितम्।
गिरा मौनं तु बालानां प्रयुक्तं ब्रह्मवादिभिः॥

અર્થ. એમ સમજી બ્રહ્મને વિષે તથા જગત્‌ને વિષે વિવાદને ત્યજી રહેવા રૂપ જે મૌન તે સત્પુરૂષોની સ્વાભાવિક સ્થિતિ છે. વાણી વડે મૌન રહેવું તેતો અજ્ઞાની જનોનું મૌન છે એમ બ્રહ્મવેત્તાઓ કહે છે.

વિજન દેશનું લક્ષણ.

आदावंते च मध्ये च जना यस्मिन्न वि न्ते ।
येनेदं सततं व्याप्तं स देशो विजनः स्मृतः ॥

અર્થ. આત્મા-બ્રહ્મને વિષે આદિમાં, મધ્યમાં તથા અંતમાં જગત્ છેજ નહિ. તથા આત્મતત્ત્વ વડે સકળ જગત્ ભરેલું છે. આમ સમજી કેવળ આત્મસ્વરૂપે સ્થિતિ રાખવી; તે જન રહિત દેશ છે. ઉજડ જંગલ, મનુષ્ય વગરનો પ્રદેશ, તે વિજન દેશ નથી. આવી રીતે સ્વસ્વરૂપે સ્થિતિ રાખવાથી બાહ્ય જગત નષ્ટ થશે.

કાળનું લક્ષણ.

कलनात् सर्वभूतानां ब्रह्मादीनां निमेषतः
कालशब्देन निर्दिष्टो ह्यखंडानंद अद्वयः ॥

અર્થ. નિમેષથી આરંભી બ્રહ્મ પર્યંત સકળના આયુષ્યની ગણતરી કાળથી થાય છે. અખંડ આનંદ સ્વરૂપ બ્રહ્મ ત્રણે કાળમાં વિદ્યમાન રહે છે માટે તે બ્રહ્મજ કાળ શબ્દવડે કહેવાય છે;

આસન લક્ષણ.

सुखेनैव भवेद्यस्मिन्नजस्रं ब्रह्मचिंतनम् ।
आसनं तद्विजानीयान्नेतरत्सुखनाशनं ॥

અર્થ. જે સુખસ્વરૂપ બ્રહ્મને વિષે સ્થિતિ કરવાથી કર્ત્તવ્યભ્રાન્તિ મટી જાય છે અને કર્ત્તવ્યને અંગે ઉદ્ભવતી ચિંતા રહેતી નથી; એવાં સુખસ્વરૂપ બ્રહ્મનું ચિંતન એજ આસન છે. બીજાં આસનો તો સુખને નાશ કરનારાં છે.

સિદ્ધાસનનું લક્ષણ.

सिद्धं यत् सर्वभूतादि विश्वाधिष्ठानमद्वयम् ।
यस्मिन् सिद्धाः समाविष्टास्तद्वै सिद्धासनं विदुः

અર્થ. જે બ્રહ્મ સર્વ જગતના આદિકારણ રૂપે સિદ્ધ છે; જે અદ્વય તથા વિશ્વનું અધિષ્ઠાન છે અને જેને વિષે સિદ્ધ પુરૂષો સ્થિતિ કરી રહ્યા છે, તે બ્રહ્મનેજ જ્ઞાની પુરૂષો સિદ્ધાસન કહે છે.

મૂળબંધ લક્ષણ.

यन्मूलं सर्वभूतानां यन्मूलं चित्तबंधनम् ।
मूलबंधः सदा सेव्यो योग्योऽसौ राजयोगिनाम् ॥

અર્થ. જે આકાશાદિ સર્વ ભૂતોનું કારણ છે, તથા ચિત્તને બંધનનું કારણ જે મૂળ અજ્ઞાન (માયા-પ્રકૃતિ) છે; તે જેને આશ્રયે રહ્યું છે, તે બ્રહ્મરૂપ મૂળબંધજ સદા સેવવા યોગ્ય છે અને રાજયોગિયોને માટે આજ મૂળબંધ છે.

દેહસામ્યનું લક્ષણ.

अंगानां समतां विद्यात्समे ब्रह्मणि लीयते ।
नोचेन्नैव समानत्वमृजुत्वं शुष्ककाष्ठवत् ॥

અર્થ.–સ્વભાવ વડે વિષમ એવાં અંગો, જે બ્રહ્મને વિષે અધ્યસ્ત છે તેમની સત્તા (હોવાપણું) અધિષ્ઠાન બ્રહ્મને લીધેજ છે. તેથી તેઓનો અધિષ્ઠાન બ્રહ્મને વિષે લય જ્ઞાને કરી કરવો. કેમકે અધિષ્ઠાનના જ્ઞાને કરી અધ્યસ્ત વસ્તુનો અધિષ્ઠાનમાં લય થાય છે. આ પ્રકારે બ્રહ્મને વિષે કલ્પિત અંગોનો બ્રહ્મને વિષે લય પમાડવો એજ દેહસામ્ય નામનું સાધન છે. સુકાં કાષ્ટ પેઠે સીધાપણું રાખવું એ દેહસામ્ય નથી.

દૃષ્ટિસ્થિરતા.

दृष्टिं ज्ञानमयीं कृत्वा पश्येद्ब्रह्ममयं जगत् ।
सा दृष्टिः परमोदारा न नासाग्रावलोकिनी ॥

અર્થ. અંતઃકરણની વૃત્તિને અખંડ બ્રહ્માકાર કરીને સંપૂર્ણ જગતને બ્રહ્મમય જોવું તેને સ્થિરદૃષ્ટિ કહે છે; કેવળ નાસિકાના અગ્રને વિષે દૃષ્ટિને સ્થિર કરવી તેજ કાંઈ સ્થિર દૃષ્ટિ

નથી. વળી કહે છે કે.

दृष्टि–दर्शन-दृश्यानां विरामो यत्र वाभवेत् ।
दृष्टिस्तत्रैव कर्तव्या न नासाग्रावलोकिनी ॥

અર્થ. દૃષ્ટિ, દર્શન અને દૃશ્ય અર્થાત્ પ્રમાતા, પ્રમાણ પ્રમેય એ ત્રિપુટીનો જેને વિષે લય થાય છે, તે બ્રહ્મને વિષે બુદ્ધિવૃત્તિ (દૃષ્ટિ) ને સ્થિર કરવી તે સ્થિર દૃષ્ટિ કહેવાય છે કાંઇ નાકના અગ્રને વિષે દૃષ્ટિ સ્થિર કરવી તે સ્થિર દૃષ્ટિ નથી.

પ્રાણાયામનું લક્ષણ.

चित्तादिसर्वभावेषु ब्रह्मत्वेनैव भावनात् ।
निरोधः सर्ववृत्तिनां प्राणायामः स उच्यते ॥

અર્થ.–ચિત્તાદિ સર્વ વસ્તુઓને વિષે બ્રહ્મની ભાવના કરીને વૃત્તિ માત્રનો નિરોધ કરવો તેને પ્રાણાયામ કહેછે. કારણ કે પ્રાણ મનને અધીન હોવાથી મનના જય વડે પ્રાણનો જય થાય છે. પતંજલીયોગાનુસાર પ્રાણને રોકવાથી મન રોકાય છે; તે રૂક્ષ માર્ગ છે તેથી રાજયોગાનુસારી સાધકોએ તે માર્ગ લેવો યોગ્ય નથી.

પ્રાણાયામ ત્રણ પ્રકારના છે. રેચક, પૂરક અને કુંભક.

રેચક કુંભકનું સ્વરૂપ કરે છે.

निषेधनं प्रपंचस्य रेचकाख्यः समीरणः ।
ब्रह्मैवास्मीति या वृत्तिः पूरको वायुरीरितः ॥

અર્થ.–અનાત્મ પદાર્થોને મિથ્યા સમજી તેની ઉપેક્ષા કરવી એ રેચક પ્રાણાયામ સમજવો તથા હું બ્રહ્મસ્વરૂપજ છું એવી વૃત્તિ કરવી તેને પૂરક પ્રાણાયામ જાણવો.

કુંભકનું લક્ષણ.

ततस्तद्वृत्तिनैश्चल्यं कुंभकः प्राणसंयमः ।
अयंचापि प्रबुद्धानामज्ञानां घ्राणपीडनम् ॥

અર્થ- પછી હું બ્રહ્મ છું (अहंब्रह्मास्मि) એવી અખંડાકાર વૃત્તિને નિશ્ચલ કરવી, તેને કુંભક પ્રાણાયામ કહે છે. આ પ્રકારનો કુંભક વિવેકીએ કરવો; અજ્ઞ પુરૂષો ભલે નાકને પીડીને કુંભક કરે.

પ્રત્યાહારનું લક્ષણ.

विषयेष्वात्मतां दृष्ट्वा मनसश्चिति मज्जनं ।

प्रत्याहारः स विज्ञेयोऽभ्यसनीयो मुमुक्षुभिः ॥

અર્થ.-શબ્દાદિ વિષયોને વિષે તથા ઘટાદિ પદાર્થોને વિષે સત્તા, સ્ફૂર્તિ તથા પ્રિયતા રૂપે આત્માજ છે, એમ જાની નામરૂપના ત્યાગ પૂર્વક, આત્મસ્વરૂપની ભાવના વડે, મનને આત્મામાંજ સ્થિર કરવું; એને પ્રત્યાહાર કહે છે. મુમુક્ષુ જનોએ આ પ્રત્યાહારનો અભ્યાસ કરવો.

ધારણાનું લક્ષણ.

यत्र यत्र मनो याति ब्रह्मणस्तत्र दर्शनात् ।

मनसो धारणं चैव धारणा सा परा मता ॥

અર્થ.-જે જે પદાર્થને વિષે મન જાય તે તે પદાર્થમાં સત્તા સ્ફૂર્તિ તથા પ્રિયતા રૂપે બ્રહ્મજ છે એવી ભાવના કરી નામ રૂપની ઉપેક્ષા કરી તત્ત્વભાવનાનું બુદ્ધિમાં અનુસંધાન કરવું તેને ધારણા કહે છે. યોગ શાસ્ત્રમાં ષટ્ચક્રો (મૂળાધાર, સ્વાધિષ્ટાન, આજ્ઞા, મણિ પૂરક વિગેરે) ને વિષે ધારણા કરવાનું કહ્યું છે; તે તો અજ્ઞાની જનોને સર્વત્ર બ્રહ્મનું સંધાન કરવાના ક્રમ રૂપે છે; શ્રેષ્ટ ધારણા સર્વત્ર બ્રહ્મ દર્શનનું અનુસંધાન કરવું એજ છે.

ધ્યાનનું વર્ણન.

ब्रह्मैवास्मीतिसद्वृत्त्या निरालंबतया स्थितिः ।

ध्यानशब्देन विख्याता परमानंददायिनी ॥

અર્થ.–"હું બ્રહ્મ છું" એવી કોઇ પણ પ્રમાણ વડે બાધ રહિત અખંડાકાર વૃત્તિ વડે દેહાદિના ભાન વગર સ્થિતિ કરવી તેને ધ્યાન કહે છે. એ ધ્યાન પરમ આનંદ આપનાર છે.

સમાધિનું લક્ષણ.

निर्विकारतया वृत्त्या ब्रह्माकारतयापुनः ।
वृत्तिविस्मरणं सम्यक्समाधिर्ज्ञानसंज्ञकः ॥

અર્થ.–પ્રથમ વૃત્તિમાં વિષયોનું વિસ્મરણ થયા પછી ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ ત્રિપુટીના સંસ્કાર રહિત જે વૃત્તિની બ્રહ્માકાર સ્થિતિ તેને જ્ઞાન સમાધિ નામનું પંદરમું અંગ કહે છે.

આ પ્રમાણે ભગવાન શંકરાચાર્યે કહેલા રાજયોગનો મુમુક્ષુ જનોએ નિરંતર અભ્યાસ કરવો કે સાધનસંપન્ન થઇ અદ્વૈતાત્મ દર્શન થશે. ઉત્તમ અધિકારીઓને સાંખ્ય વિચાર એટલે વેદાંત શાસ્ત્રના શ્રવણ, મનન, નિદિધ્યાસનજ કરવાં જોઇએ. પરંતુ સાધનની ન્યૂનતાને લીધે આત્માનુભવ થતો નથી. તેથી યોગ સાથે સાંખ્ય વિચાર કરવો જોઇએ. પરંતુ આ વૃત્તિનિરોધરૂપ રાજયોગ સુલભ જાણી સાધકે સાવધાન રહેવું આવશ્યક છે. આ રાજયોગની સમાધિ પર્યંત પહોંચતાં પહેલાં અનેક વિઘ્નો આવવાનો સંભવ છે તે વિઘ્નોનું અત્ર કાંઇક વિવેચન કરીએ.

अनुसंधानराहित्यमालस्यं भोगलालसम् ।
लयस्तमश्च विक्षेपो रसास्वादश्च शून्यता ॥

અર્થ.–બ્રહ્મનું અનુસંધાન છુટી જવું, આલસ્ય, ભોગની ઇચ્છા, લય એટલે નિદ્રા, તમ એટલે કાર્ય અકાર્યનો અવિવેક, વિક્ષેપ એટલે વિષય તરફ વૃત્તિનું જવું, રસાસ્વાદ એટલે હું ધન્ય છું એ પ્રકારની આનંદયુક્ત વૃત્તિ અને શૂન્યતા એટલે રાગદ્વેષાદિ તીવ્ર દોષો વડે થએલી ચિત્તની જડતા.

આવાં અનેક વિઘ્નો યોગાભ્યાસ કરનાર સાધકને આવી

પડવાનો સંભવ છે માટે અભ્યાસીએ ધૈર્યથી આ વિઘ્નોને તજવાના ઉપાયો કરવા યત્નવાન રહેવું.

આ પ્રમાણે આર્યતત્ત્વજ્ઞાનના છ દર્શન અથવા સાધારણ રીતે ષટ્શાસ્ત્ર પણ એને કહે છે; તેમાંના છેવટના વેદાંતશાસ્ત્રના જ્ઞાનને માટે અધિકાર કેવી રીતે પ્રાપ્ત કરવો તેનું, તથા એ અધિકાર સંપૂર્ણ રીતે નહિ પ્રાપ્ત થઇ શકે તો નિર્ગુણ બ્રહ્મનું ધ્યાન કેવે પ્રકારે કરવું તેનું વર્ણન કર્યું. તે બુદ્ધિમાન સુજનોએ અવલોકન કરી સંશય વિપર્યય દૂર કરી અવધારણ કરવા યત્નવાન થવું. આ સંસારમાં પ્રાણી માત્ર સુખને માટે પ્રયત્ન કરે છે પરંતુ સત્ય સુખ શેમાં છે અને તે કેમ સંપાદન થઈ શકે, અને તેના તાત્કાલિક ઉપાયો શા છે, તેનો યથાયોગ્ય નિર્ણય કર્યા વગર એકનું જોઈ બીજો, બીજાનું જોઇ ત્રીજો; એમ અંધપરંપરાને વળગી સત્ય સુખથી દૂરના દૂરજ તણાયા જાય છે. અને એક જન્મમાં કર્ત્તવ્યને નહિ સમજી, જીવનનો હેતુ વૃથા કરી નાંખે છે. આ લેખમાં જે જે સાધનો વિષે વિચાર કર્યા છે તે ઉપરથી બુદ્ધિમાનોએ એમ નહિ સમજવું કે આ સંસાર ત્યાગ કરી, વિધાતાએ જે કર્ત્તવ્ય કરવા તમને સરજ્યાં હોય તે કર્ત્તવ્ય છોડી બુદ્ધિવિલાસોમાંજ નિમગ્ન રહી આળસુ બનવું. પરંતુ કર્ત્તવ્યની મહાન નીતિનો માર્ગ કેમ સંપાદન કરવો અને તે કર્ત્તવ્ય સમષ્ટિની દૃષ્ટિથી રાગદ્વેષ છોડી કરવું એ સમજાવવાનો આ લેખનો ઉદ્દેશ છે. વર્ત્તમાન સમયમાં પશ્ચિમના વિચારો આપણા યુવકોમાં કેળવણીદ્વારા દાખલ થવાથી આપણી સમષ્ટિ—તત્ત્વ—ભાવના શિથિલ થઇ ગઇ છે અને તેને લીધે કોઇ પણ મહાન કર્ત્તવ્ય કરવા યોગ્ય સાહસ, પરાક્રમ, ઐકયતા, સુનીતિ અસ્ત જેવાં થઇ ગયાં છે. સ્વસ્વરૂપ ભુલી જવાથી અજ્ઞાન વ્યાપી રહ્યું છે, અને સ્થૂલદર્શિ થયા છે. વિવેકી સૂજનો, સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ, એમ ઉત્તરોત્તર તત્ત્વનું અવધારણ

વાથી પરમ તત્વ હાથ આવે છે. મહાન્ પુરૂષોના જીવનના
ર અવલોકન કરો અને કેવી ભાવનાને તેઓ પૂજતા હતા તેનો વિ-
ચાર કરો. પ્રથમ સ્થૂળને ત્યજી સૂક્ષ્મનો વિચાર કરો. એમ સૂ-
ક્ષ્મનો વિચાર કરવાથી કારણનો વિચાર થશે. અને છેવટ મહા
કારણનો વિચાર હાથ આવશે. આ સમગ્ર લેખનો સાર સ્થૂલાંશ
ત્યજી, સૂક્ષ્મ વિચાર શ્રેણી ઉપર લાવવા કેવો આચાર વિચાર
રાખવો તે સમજાવવાનો છે. સર્વ બુદ્ધિમાન પુરૂષો સારી રીતે સ-
મજે છે કે આ સંસારમાં મનુષ્યનું જીવન અલ્પ છે અને જે જ-
ન્મ પામ્યું તે અવશ્ય નાશ થશે. માટે જીવનનો હેતુ સમજી સુ-
ખ રૂપ જીવન કેમ થઈ શકે તેનો વિચાર કરી મહાન્ નીતિનો
માર્ગ પકડી સાર્થક કરો. ઇંદ્રિયોના ભોગમાંજ પરિતૃપ્તિ નથી.
એ ભોગો ઘણાજ અસ્થિર છે; અને વિષય ભોગોમાં જ્યાં સુધી
અભિલાષા રહેશે ત્યાં સુધી તમે તમારૂં પોતાનું તથા તમારા
બંધુઓનું ભલું કરી શકવાના નથી. આ જગત્ના ભોગો નહિ
ભોગવવા એમ કહેવાનું તાત્પર્ય નથી. પરંતુ તમે વિચાર કરો કે
જે ભોગો તમે ભોગવતા હો, તેવા ભોગો ઈતર મનુષ્યને પણ જો-
ઇએ. હવે એ ભોગો અનિત્ય છે. પરિણામે દુઃખરૂપ થાય છે, એ-
મ અનુભવથી જણાય છે ત્યારે જે વિષય ભોગો તમને પ્રાપ્ત હો-
ય તેવા ભોગો બીજાં મનુષ્યને પણ ભલે પ્રાપ્ત થાઓ; એવો
હૃદય વિસ્તાર તમારામાં ઉદય થઈ સર્વે હળી મળી ભોગવો. અને
તમને જે ભોગો પ્રાપ્ત હોય તેમાંથી બીજાઓને પણ કાંઇક આ-
પો. આવી સમષ્ટિભાવના આપણા આર્યધર્મમાં છે. અને એ ભા-
વનાનુસાર આપણો સમગ્ર વ્યવહાર સ્થપાયલો છે. ગીતામાં ભગ-
વાન કૃષ્ણપરમાત્માએ એજ ભાવનું દર્શન કરાવેલું છે; અને અ-
ર્જુનને સ્વકર્ત્તવ્યમાંથી ભ્રષ્ટ થતો અટકાવી યુદ્ધરૂપી ક્ષત્રિનો
સ્વધર્મ પળાવી વ્યવહાર તેમજ પરમાર્થ ઉભયે સાર્થક કરી આ-
પ્યાં. અને પરમ સમતારૂપ આત્મવિકાશ બતાવ્યો. કહ્યું છે કે.

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।

सुखं वा यदि वा दुखं स योगी परमोमतः ॥

અર્થ. હે અર્જુન જે યોગી (જ્ઞાની) પોતાને જેમ સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે, તેમજ પોતાના સમાન બીજા સર્વેને સુખ અથવા દુઃખ થાય છે આમ જાણે છે તેજ શ્રેષ્ટ યોગી એટલે જ્ઞાની છે.

આવી પરમ સમતાની સ્થિતિ પ્રાપ્ત કરવાને અર્થે આ લેખનો ઉપક્રમ છે; એમ બુદ્ધિમાન સાધકને હવે સંપૂર્ણ લક્ષમાં આવ્યું હશે. અને આવી સમતા પ્રાપ્ત કરવાને માટે આ સાધન ચતુષ્ટયમાં બલિષ્ટ સાધન વૈરાગ્યભાવના છે અને તે કેમ સંપાદન કરવી તે વિષે વૈરાગ્ય વિષેના પ્રકરણમાં કહી આવ્યા છીએ. વૈરાગ્ય એટલે સંસારનો ત્યાગ કરવો એવો અર્થ સાધકે કદાપિ સમજવાનો નથી. ત્યાગ સાત્વિક હોવો જોઇએ. અને વર્ત્તમાનમાં ઘણા વિરક્ત પુરૂષો આપણે તામસ ત્યાગવાળા જોઇએ છીએ તેનું કારણ વૈરાગ્યનું યથાર્થ સ્વરૂપ નહિ સમજવાને લીધે છે. વૈરાગ્ય તો મનથીજ હોવો જોઇએ. અને કર્ત્તવ્ય કરતે કરતેજ અ કર્ત્તવ્યપણું પ્રાપ્ત થાય છે. માટે સાધકે તામસ વૈરાગ્યમાં કૃળ સિદ્ધિ નથી એમ સમજી જે વર્ણાશ્રમમાં પરમાત્માએ સરજાવ્યા હોય તેમાં રહી સ્વધર્મ પાળવા આગ્રહી થવું. વેદમાં જે જે કહેવામાં આવ્યું છે તે અને વેદમૂલક ધર્મશાસ્ત્રમાં એટલે મનુ, પરાશર, યાજ્ઞવલ્કયાદિ સ્મૃતિઓમાં તે સઘળું અધિકાર પ્રમાણે પરમોપયોગી છે. આપણા વર્ણાશ્રમ ધર્મના સ્મૃતિકારોએ વ્યવહારના જે જે નિયમો સ્થાપેલા છે તે ગંભીર અર્થસૂચક છે. અને તે પ્રમાણે ચાલી અધિકાર પ્રાપ્ત કરી વિધિ નિષેધના બંધન રહિત તત્ત્વભાવના સંપાદનથઇ શકે છે. વર્ત્તમાન સમયમાં સાધનો એજ કૃતકૃત્યતા છે, એવો પ્રાચીનોનો આગ્રહ, અને યુવકોનો એ સાધનો ઉપરનો અનાદર, એવા વિરોધથી પ્રાચીનો જ્યાં હોય ત્યાંથી આગળ વધત નથી; અને યુવકો મહાન તત્ત્વભાવના પ્રાપ્ત કરવાના વે-

ગમાં સાધનોનો અસ્વીકાર કરવાથી તત્ત્વનું ખરૂં સ્વરૂપ સમજવા સમર્થ થતા નથી. આવી અધોગતિમાંથી ઉગરવાનો ઉપાય શો છે તે વિષે ગંભીર વિચાર કરવો પ્રાપ્ત થાય છે. અને તેનો વર્ત્તમાનમાં કેવે પ્રકારે ઉપયોગ કરવો જોઇએ તે વિષે બુદ્ધિમાન પુરૂષોએ નિરંતર અભ્યાસ કરી ઉતાવળ નહિ કરતાં વિચાર કરવા થોભવું, અને વસ્તુ સ્થિતિના નિયમોનું જ્ઞાન સંપાદન કરી વસ્તુનુ યથાર્થ અવધારણ કરવા પ્રયત્ન કરવો.

આટલા ઉપસંહારથી હવે આ લેખની સમાપ્તિ કરી અનુકૂળ આવે વેદાંતતત્ત્વજ્ઞાન અથવા અદ્વૈતાત્મદર્શન શું છે તેનો વિચાર કરવા દ્વિતીય લેખનો આરંભ કરીશું. અસ્તુ.

॥ इति शिवम् ॥